## સુરત મહાનગર પાલિકા – યુ.સી.ડી વિભાગ

## દીનદયાળ અંત્યોદય યોજના – નેશનલ અર્બન લાઈવલી હુડ મિશન (DAY-NULM)

### બ્યુટી પાર્લરના તાલીમાર્થી બેહનો ને સર્ટીફીકેટ વિતરણ

સુરત મહાનગર પાલિકા - યુ.સી.ડી વિભાગ અમલીકૃત દિન દયાળ અંત્યોદય યોજના – નેશનલ અર્બન લાઈવલી હુડ મિશન (DAY-NULM) અંતર્ગત તાલીમી સંસ્થા સખી શણગાર ધ્વારા યોજના અંતર્ગત બ્યુટી કલ્ચર એન્ડ હેર કટિંગ અંગે કુલ ૫૬ તાલીમાર્થીએ સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરી ત્રીજા પક્ષકાર ધ્વારા લીધેલ પરીક્ષામાં ઉતીર્ણ થઈ પ્રમાણપત્ર મેળવેલ છે. આ તમામ લાભાર્થીઓને આજ તારીખ ૨૩-૪-૧૮ ને સોમવાર ના રોજ સુરત મહાનગર પાલિકાના માનનીય મેયરશ્રીમતી અસ્મીતાબેન શિરોયાની પ્રેરક ઉપસ્થિતમાં પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમનું " સખી શણગાર" રામનગર, રાંદેર, સુરત ખાતે રાખવામાં આવેલ આ કાર્યક્રમમાં સાંસ્કૃતિક સમિતિ ના ચેરમેન શ્રીમતી રૂપલબેન શાહ પ્રસંગે ઉદ્યબોધન કરતા તાલીમાર્થી બેહનો ને ઉજવળ ભવિષ્ય ની સુભકામનાઓ પાઠવી હતી તથા ભવિષ્ય માં સુરત મહાનગર પાલિકા અને સરકારશ્રી નાં આ પ્રકાર નાં તાલીમ વર્ગો નો લાભ લઈ મહિલાઓ આગળ વધે તે માટે અપીલ કરી હતી.

કાર્યક્રમ નાં અધ્યક્ષ માન્ય મેયર શ્રીએ તાલીમાર્થી બેહનો ને પ્રોત્સાહિત કરતા જણાવ્યું કે સુરત મહાનગરપાલિકા દ્વારા તમોને જીવન માં આગળ વધવા માટે તાલીમ પૂરી પાડી સક્ષમ બનાવ્યા છે પરંતુ આટલે થી ન અટકતા સખત પરિશ્રમ કરી વધુ માં વધુ આગળ વધવા સાથે અન્ય બેહનો માટે તમોએ માર્ગદર્શક તરીકે રોલ પણ અદા કરવાનો છે, જે થી ભવિષ્ય માં તમારા માધ્યમ થી વધુ માં વધુ જરૂરીયાત મંદ બેહનો તાલીમબ્રધ થઇ રોજગાર મેળવતા અને બીજાઓને રોજગાર પૂરી પાડતા થશે જેથી રાષ્ટ્ર વિકાસ માં પોતાનું યોગદાન આપવા માટે સક્ષમ થઇ શકશે.

સુરત મહાનગરપાલિકા નાં આસી. કમિશ્નર તથા યુ.સી.ડી. વિભાગ નાં વિભાગીય વડા ડો. ગાયત્રી જરીવાલા એ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું કે તાલીમ મેળવ્યા બાધ પોતાનો વ્યવસાય શરુ કરવા પણ યુ.સી.ડી. વિભાગ દ્વારા યોજના અંતર્ગત લોન આપવાની પણ કામ ગીરી થતી હોય તેનો પણ લાભ મેળવી તમે રોજગાર મેળવો સાથે સમાજ નાં અન્ય બેહનો ને પણ રોજગારી પૂરી પાડવા ની સમાજ લક્ષી કામગીરી કરો તેવી તમામ બેહનો ને શુભકામનાઓ પાઠવું છુ. સાથે સુરત મહાનાગરપાલિકા સંચાલિત તાલીમ વર્ગો નો લાભ લેવા અન્ય બેહનો ને પણ પ્રોત્સાહત કરવા આપ સર્વે ને અપીલ કરું છુ તેમ જણાવ્યું. કાર્યક્રમ નાં આયોજક સખી શણગાર સંસ્થા નાં પ્રમુખ શ્રીમતી. આશાબેન હાસાણી એ ઉપસ્થિત મહાનુભવો નો આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમ માં યુ.સી.ડી. વિભાગ નાં પ્રોજેક્ટ ઓફિસર શ્રી.આર . સી. પટેલ, ડે. પ્રો. ઓફિસર શ્રીમતી. કવિતા દેસાઈ તથા શ્રી. એન. ડી. ડાભી. ઉપસ્થિત રહ્યા હતા.


સુરત મહાનગરપાલિકા





# પ્રેસનોટ

## ૨૦૨૫ સુધી ટીબી નાબુદી ઝુંબેશ

## પ્રાઈવેટ પ્રેકટીશનરો માટે સેમીનાર યોજાયો

સુરત મહાનગરપાલિકા સંચાલિત આરએનટીસીપી પ્રોગ્રામ અંર્તગત આઈએમએ – એફપીએ એસોશીએશનના પ્રાઈવેટ પ્રેકટીશનરોની સેમીનારનું આયોજન તાઃ ૨૧/૦૪/૨૦૧૮ શનિવારના રોજ સાયન્સ સેન્ટર ઓડીટોરીયમ હોલ, સીટીલાઈટ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં આશરે ૧૫૦ જેટલા પ્રોઈવેટ પ્રેકટીશનરોએ ભાગ લીધો હતો. જેમાં આઈએમએના પ્રેસીડન્ટ ડો. નિતિન ગર્ગ, આઈએમએના સેક્રેટરી ડો. હિરલ શાહ, એસો. પ્રોફેસર ડો. પારૂલબેન વડગામા, ડબ્લ્યુ.એચ.ઓ. કન્સલટન્ટ ડો. સંદિપ ભારસવાડકર, ડબ્લ્યુ.એચ.ઓ. કન્સલટન્ટ ડો. હાર્દિક સોલંકી, પીડીયાટ્રીક ડીપાર્ટમેન્ટના વડા ડો. વિજય શાહ, એમડી ફિઝીશ્યન ડો. મુકુર પેટ્રોલવાલા સહીત શહેરના નામાંકિત ડોકટર્સ ઉપસ્થિત રહયા હતા. જે અંર્તગત ડબ્લ્યુ.એચ.ઓ. કન્સલટન્ટ ડો. સંદિપ ભારસવાડકર દ્વારા હાલની તથા ભવિષ્યની ટીબી કંટ્રોલ પોલીસી અંગે પીડીયાટ્રીક ડીપાર્ટમેન્ટના વડા ડો. વિજય શાહે બાળકોમાં થતા ટીબી અંગે, એમડી ફિઝીશ્યન ડો. મુકુર પેટ્રોલવાલાએ ટીબી અઘરો છે કે સહેલો ?, એસો. પ્રોફેસર ડો. પારૂલબેન વડગામાએ ડ્રગ રેસીસ્ટન્ટ ટીબીના નિદાન તથા અદ્યતન સારવાર વિશે તથા સીટી ટીબી ઓફિસર ડો. કે.એન. શેલડીયાએ ટીબીનું નોટોફીકેશન – હવે ફરજીયાત અને કેવી રીતે, કોને, કેમ કરવું તેના વિષય પર પોતાનું વકતવ્ય આપ્યું હતું.

આ ઉપરાંત ખુબ રસપ્રદ પેનલ ડીકશન મોડરેટર ડો. કેતન શાહ દ્વારા કરવામાં આવ્યું જેમાં પેનાલીસ્ટ તરીકે ડો. વિનોદ શાહ, ડો. ઈન્દ્રવદન શાહ, ડો. અરવિંદ પાંડે, ડો. એમ. ઝેડ. પટેલ તથા ડો. હાર્દિક સોલંકીએ ભાગ લીધો હતો તથા રોજે રોજની પ્રેકટીસમાં ટીબીના નિદાન તથા સારવારનાં મુંઝવણભર્યા પ્રશ્નોનાં ખુબ સરસ જવાબ આપ્યા હતા. કાર્યક્રમ એટલો રસપ્રદ રહયો કે હાજર ડોકટરો મોડી રાત્રી સુધી હાજર રહી સક્રિય રીતે ભાગ લીધો હતો.

આ ઉપરાંત પ્રોગ્રામની શરૂઆતમાં "ટીબી નોટીફીકેશન"માં સહુથી શ્રેષ્ઠ કામગીરી કરનાર ત્રણ સંસ્થાઓ પરીનબાનુ ટીબી કલીનીક, ગુરૂનાનક હોસ્પિટલ તથા સાર્વજનિક લોખાત હોસ્પિટલને સુરત મહાનગરપાલિકા દ્વારા ડો. કે.એન. શેલડીયાએ એવોર્ડ આપી સન્માનીત કર્યા હતા. અત્રે નોંધનીય છે કે પરીનબાનુ ટીબી કલીનીકને રાજય કક્ષાએ પણ પ્રથમ ક્રમે આરોગ્ય મંત્રી દ્વારા એવોર્ડ મળી ચુકયો છે.

આ ઉપરાંત અંગત રીતે પ્રાઈવેટ પ્રેકટીશનરોમાં સૌથી વધુ ટીબીનું કેસ નોટીફીકેશન કરેલ હોય તેમને પણ એવોર્ડ આપી સન્માનીત કર્યા હતા જેમાં પ્રથમ ક્રમે ડો. ઘનશ્યામ પટેલ, બીજા ક્રમે ડો. અશ્વીન વાઘાણી, ત્રીજા ક્રમે ડો. નરેન્દ્ર દેવમુરારી તથા ચોથા ક્રમે ડો. પ્રમોદ ગોદીવાલાને એવોર્ડ આપેલ હતા.

ટીબીને લગતી જાણકારી તથા જાગૃતિ ફેલાવવાના ઉદેશથી ફેમીલી ફીઝીશ્યનના નિરંતર શિક્ષણ સીએમઈ પ્રોગ્રામમાં દર મહિને ટીબી કવીઝ દ્વારા રસપ્રદ માહિતી આપતા ડો. ચંદ્રેશ જરદોશને પણ એવોર્ડ આપી સન્માનીત કરેલ હતા તેમજ આખા વર્ષ દરમ્યાન પ્રાઈવેટ પ્રેકટીશનરો સાથેનું સંકલન, કોન્ફરન્સ સંકલન, સીએમઈ સંકલનની કામગીરી કાયમ સારી રીતે કરતા ડો. પારૂલ વડગામાને પણ એવોર્ડ આપી સન્માનીત કરવામાં આવ્યા છે.

અત્રે નોંધનીય છે કે ૨૦૨૫ સુધીમાં ટીબી નાબુદી ઝુંબેશના ભાગરૂપે આ પ્રકારની સીએમઈ દ્વારા પ્રાઈવેટ પ્રેકટીશનરોને પણ સાથે રાખી સંકલીત કામગીરી કરવામાં સુરત મહાનગરપાલિકા હંમેશા મોખરે રહેલ છે તથા રાજયભરમાં સૌથી વધારે ૧૬૦૦ જેટલા પ્રાઈવેટ ડોકટર્સ ડોટસ પ્રોગ્રામ જોડાયેલ છે.

ટીબી કંટ્રોલ પ્રોગ્રામ અંર્તગત તાજેતરમાં ઘણા નવીન પગલાઓ લેવામાં આવેલ છે જેમાં તમામ ટીબીનાં સારવાર લેતા દર્દીઓને દર માસે રૂા. ૫૦૦/– તેમનાં આધારલીંક બેંક એકાઉન્ટમાં આપવામાં આવે છે, દરેક પેશન્ટની નિક્ષય આધારીત નોંધણી, તમામ ટીબી પેશન્ટની ડ્રગ રેસીસ્ટન્ટ છે કે નહી તેની પ્રાથમીક તબકકે જીન એક્ષપર્ટ મશીનથી ચકાસણી તથા ડ્રગ રેસીસ્ટન્ટ લાયક દર્દીઓને ખુબ મોંઘી બીડાકવીલીન નામની દવા પણ સરકાર દ્વારા ઉપલબ્ધ કરવામાં આવી છે.

આ તબકકે તમામ મીડીયા, સામાજીક સંસ્થાઓ, પ્રાઈવેટ ડોકટરો તથા ટીબીના તમામ દર્દીઓને અપીલ કરવામાં આવે છે કે ટીબી જણાય તો સુરત મહાનગરપાલિકાના હેલ્થ સેન્ટરમાં આવો અને શ્રેષ્ઠ નિદાન તથા સારવાર વિનામુલ્યે મેળવો.

---



# પ્રે સ નો ટ

સવિનય, માન. કમિશ્નરશ્રી અને આરોગ્ય અધિકારીશ્રી અને ઈ.ચા. ડે. કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ આજ રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સુરત શહેરમાં આવેલ નીચે જણાવેલ પેકેજ ડ્રીંકીંગ વોટર/મીનરલ વોટરનું વેચાણ અર્થે ઉત્પાદન કરવા બી.આઈ.એસ સર્ટીફિકેટ વગરની તથા ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ અન્વયે લાયસન્સ ન હોય તેવી સંસ્થાઓને નોટીસ આપવામાં આવેલ છે.

| અ.નં. | સંસ્થાનું નામ | સંસ્થાનું સરનામું |
|---|---|---|
| ૧. | વરૂણ બેવરેજીસ | એ–૫૭, સાંઈનાથ સોસા., કાપોદ્રા, વરાછા રોડ, સુરત |
| ૨. | બાલાજી વોટર | સ્વામી નારાયણ સોસા.–૧, એલ.એચ. રોડ, સુરત |
| ૩. | વિસત બેવરેજીસ | ૭૫, રામ હળપતી નિવાસ, ન્યુ ભટાર રોડ, યુ.એમ. રોડ, સુરત |
| ૪. | આવકાર | શિવ શકિત સોસા., સિધ્ધી વિનાયક મંદિર પાછળ, ભાઠેના, સુરત |
| ૫. | દત્ત બેવરેજીસ | રૂપલ ઈન્ડ., મનહર ડાઈંગની સામે, ઉધના, સુરત |
| ૬. | વારાહી બેવરેજીસ | લક્ષ્મી નારાયણ મંદિરની ગલીમાં, બી.આર.સી. (ભેસ્તાન), સુરત |
| ૭. | સતિષ પટેલ | ઝોટા હાઉસની ગલીમાં, બાટલીબોય સર્કલ, પાંડેસરા, સુરત |
| ૮. | સનરાઈઝ બેવરેજીસ | સમ્રાટ ઈન્ડ. એસ્ટેટ, ડીંડોલી– ગોડાદરા રોડ, સુરત |
| ૯. | મનજીસ્ટાર બેવરેજીસ | મહાપ્રભુ નગર વસાહત, લિંબાયત, સુરત |
| ૧૦. | રાધીકા બેવરેજીસ (સ્વાગત વોટર) | મહાપ્રભુ નગર વસાહત, લિંબાયત, સુરત |
| ૧૧. | ખેતેશ્વર મીનરલ વોટર | સોસયો સર્કલ, યુ.એમ. રોડ, સુરત |
| ૧૨. | શ્રી ગન ગણપતે બેવરેજીસ | સોસયો સર્કલ, યુ.એમ. રોડ, સુરત |
| ૧૩. | હિમ વોટર બેવરેજીસ | જુની જી.આઈ.ડી.સી., કતારગામ, સુરત |
| ૧૪. | રાજા વોટર | જૈન મંદિર પાસે, વરીયાવ ગામ, સુરત |
| ૧૫. | સીટીઝન વોટર | સ્કાય વ્યુહની સામે, બ્લોક નં–૧૦૦, ઈન્દિરા વસાહતની સામે, પરવતગામ, સુરત |
| ૧૬. | નીર વોટર | આસપાસ નગર–૧, પ્લોટ નં–૨૧૭–૧૮, નીલગીરી રોડ, સુરત |

# સુરત મહાનગર પાલિકા
# વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી
# અખબારી યાદી

## વિશ્વ મેલેરિયા દિન ૨૫ એપ્રિલ

સુરત મહાનગરપાલિકાના વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ૨૫ એપ્રિલના રોજ વિશ્વ મેલેરિયા દિનની ઉજવણી કરવામાં આવેલ છે જે અંતર્ગત જનજાગૃતિ માટે શહેરનાં વિવિધ વિસ્તારોમાં લોકોની મહત્તમ અવરજવરવાળા જાહેર સ્થળોએ, આરોગ્યકેન્દ્ર,ઝોન ઓફિસ,ટ્રાફિક સર્કલ પર, સરકારી ઈમારતો વિગેરે પર મચ્છરજન્યરોગોથી બચવાના ઉપાયો તેમ જ રોગની જાણકારી આપવામાં આવેલ છે. વિશ્વ મેલેરિયા દિન નિમિત્તે તમામ ઝોનની વિવિધ શાળાઓ, મેલેરિયા માટે હાઈરિસ્ક વિસ્તારોઓ/સ્લમમાં, બાંધકામ વિસ્તારમાં મચ્છરજન્યરોગની જાણકારી આપવા પ્રદર્શન શિબીરો ગોઠવી પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવેલ તથા ઝોન વિસ્તારમાં રેલી નું આયોજન કરવામાં આવેલ.

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી હતી તમામ ઝોનમાં આજે **તા.૨૫/૦૪/૧૮** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "વર્લ્ડ મેલેરીયા ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં રેલ્વે સ્ટેશન, મચ્છી માર્કેટ, બસ સ્ટોપ હીરાબજાર, નાનપુરા માર્કેટ, ખાટકીવાડ, પખાલીવાડ, મોમનાવાડ, મોમનાવાડ રેશમવાડ,તૈયબી મહોલ્લો મોટી બેગમવાડી, નુરાની મહોલ્લો, મલબારીનો ટેકરો જેવા વિસ્તારોમાં, વેસ્ટ ઝોનમાં સુભાષનગર,ઈ.ડ.એસ.કવાર્ટસ, મહાદેવનગર ઝુંપડા ભુલકાભવન સ્કુલ, ઈ.ડ.એસ.કવાર્ટસ,રાધાક્રિષ્ના સોસા. પાસે,સંતતુકારામ વિભાગ–૬,આંબેડકરનગર જેવા વિસ્તારોમાં, ઉધનાઝોનમાં સત્યનગર, રિધ્ધિ સિધ્ધિ એપા., શાસ્ત્રીનગર ખરવરનગર,રૂપલ ઈન્ડસ્ટ્રીઝ–૧,પ્રભુનગર,નાગસેનનગર,પ્રિયંકાગ્રીનપાર્ક,ગણેશનગર, જેવા વિસ્તારોમાં, લિંબાયતઝોનમાં જેવરામનગર શાહપુરા ઈદગાહરોડ,હળપતીવાસ,ચીમનીટેકરા,જવાહરનગર,સલીમનગર, ગાંધીનગર , લોકાસ્ટ કોલોની,ધુધીયા કુવાની ચાલ, શિવસાઈ શકિતનગર,શ્રીહરીનગર જેવા વિસ્તારોમાં, અઠવા ઝોનમાં આઝાદનગર,રસુલાબાદ, ખેતીવાડી ફાર્મ, હળપતિ વાસ પીપલોદ એસ.એમ.સી. આવાસ,ભીમરાડ આહીર મહોલ્લો, નવો મહોલ્લો જેવા વિસ્તારોમાં, કતારગામઝોનમાં ફુલવાડી, ચીકુવાડી કીસ્મતકોલોની, યોગીનગર,પટેલવાડી–૧,૨,૩.,મેઘવાડ કોલોની, હળપતીવાસ રામનગર,જગદીશનગર, સમતાનગર –ઉત્રાણ, કોસાડ આવાસ એચ–૧,૪,૫ જેવા વિસ્તારોમાં વરાછા ઝોનમાં ઉધરસભૈયાની ચાલ,વસંતભાઈનીચાલ,રામકિશન કોલોની,રાણાપંચનીવાડી,બોમ્બેકોલોની,મફતનગર,દલિત વસાહત, જમાલચાચાનીચાલ, ખાડીમહોલ્લો, અશોકનગર, મોદીમહોલ્લો, એકતાનગર, જાડાબાવાનો ટેકરો વલ્લભનગર સો.ખોડીયારનગર સો. જેવા વિસ્તારો માં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં........

–૬૮૬૭૮ ઘરોમાંથી ૧૫૮૩૪૫ બ્રિડીંગસ્પોટનો સર્વે કરી ૪૦૬ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

– આરોગ્ય રક્ષણ સંબંધી ૧૬૦ નોટિસ આપવામાં આવી અને ૮૧ ઇસમો પાસેથી રૂ. ૧૧૪૧૫૦/– વહીવટી ખર્ચ વસુલ

કરવામાં આવ્યો.

–૩૪૩ બાંધકામ ચેક કરવામાં આવ્યા.

–૫૦૬૬૯ કંટેનરોને ટેમીફોસ ટ્રીટમેન્ટ આપવામાં આવી.

–૧૨૦૨ નકામા કંટેનરોનો નિકાલ કરવામાં આવ્યો.

–૩૨૫૫ વ્યકિતઓના લોહીના નમુના લેવામાં આવ્યા.

–કુલ ૭૧૫ સ્થળોએ ૨૮૦૧૭ વ્યકિતઓનેઆરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવ્યું તેમજ પેમ્ફલેટ નું વિતરણ કરવામાં આવ્યું.

–૯૬૫ સ્ટીકર જાહેર સ્થળોએ લગાવવામાં આવ્યા.

–૧૬૯૯૫ વ્યકિતઓ એ પ્રદર્શન શિબિરો માં ભાગ લીધેલ હતો.

## :: પ્રેસનોટ ::

### "સુરત મહાનગરપાલિકા આયોજીત ચિત્રકામ સ્પર્ધા"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૦/૦૫/૨૦૧૮ના રોજ કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય ખાતે આયોજીત ચિત્રકામ સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૦/૦૫/૨૦૧૮ને ગુરુવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ૩ થી ૧૮ વર્ષ વયના કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય તથા સાક્ષર ડો.વિષ્ણુપ્રસાદ ત્રિવેદી લાયબ્રેરીના સભ્યોની ચિત્રકામ સ્પર્ધાનું આયોજન કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય, અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવેલ છે. **આ સ્પર્ધામાં ફકત કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય તથા સાક્ષર ડો.વિષ્ણુપ્રસાદ ત્રિવેદી લાયબ્રેરીના સભ્યો જ ભાગ લઈ શકશે.** આ સ્પર્ધા ૩ થી ૮ વર્ષ વયગૃપ, ૯ થી ૧૧ વર્ષ વયગૃપ અને ૧૨ થી ૧૮ વર્ષ વયગૃપ એમ ત્રણ વિભાગમાં યોજાશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશપત્રો **કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય, અઠવાલાઈન્સ, સુરત તથા સાક્ષર ડો.વિષ્ણુપ્રસાદ ત્રિવેદી લાયબ્રેરી, અડાજણ, સુરત** ખાતેથી તથા સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી સ્પર્ધાના પ્રવેશફોર્મ તથા નિયમો અંગેની માહિતી મળી શકશે. ભરેલા પ્રવેશપત્રો તા.૦૮/૦૫/૨૦૧૮ના રોજ સાંજે ૬.૦૦ કલાક સુધીમાં **કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય, અઠવાલાઈન્સ, સુરત તથા સાક્ષર ડો.વિષ્ણુપ્રસાદ ત્રિવેદી લાયબ્રેરી, અડાજણ, સુરત** ખાતે પરત કરવાના રહેશે.

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૨૦/૦૪/૨૦૧૮ થી તા.૨૬/૦૪/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૨૯૯૧ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૭૪ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૫૭ |
| ૪ | મેજર ઓપરેશન | ૦ |
| ૫ | માયનોર ઓપરેશન | ૧૫ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૦૫ |

# પ્રેસ નોટ

સવિનય, આરોગ્ય અધિકારીશ્રી અને ઈ.ચા. ડે. કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ આજ રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સુરત શહેરમાં સ્થિત કુલ ૬૨ હોસ્પિટલો ચેક કરવામાં આવેલ, અને તેમાંથી કુલ ૯ હોસ્પિટલોમાં આવેલ કેન્ટીન / ભોજનાલય કે જેની પાસે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ અન્વયેના લાયસન્સ / રજીસ્ટ્રેશન ન હોય તેવી નીચે જણાવેલ સંસ્થાઓને નોટીસ આપવામાં આવેલ છે. જે આપશ્રીને વિદિત થાય.

| અ.નં. | સંસ્થાનું નામ | સંસ્થાનું સરનામું |
|---|---|---|
| ૧. | આયુષ કેન્ટીન | આયુષ હોસ્પિટલ,લાલ દરવાજા,સુરત. |
| ૨. | બુરહાની હોસ્પિટલની કેન્ટીન | કુંવરસીંગની ગલી, મહિધરપુરા,સુરત. |
| ૩. | એપલ હોસ્પિટલ | ઉધના દરવાજા, સુરત |
| ૪. | વેલકમ કેન્ટીન | સાચી ચિલ્ડ્રન હોસ્પિટલ, કાપડીયા હેલ્થ કલબ રોડ, મજુરાગેટ, સુરત |
| ૫. | નંદની કેટરર્સ એન્ડ કોન્ટ્રાકટર | યુનીક હોસ્પિટલ, બીઆટીએસ કેનાલ રોડ, સોસયો સર્કલ, સુરત |
| ૬. | અમૃતા હોસ્પિટલ | રાજ કોમ્પલેક્ષ, ભટાર રોડ, સુરત |
| ૭. | ભવાની કેન્ટીન | શ્રી પ્રાણનાથ હોસ્પિટલ, શ્રી પ્રાણનાથ સોસા., વેડ રોડ, સુરત |
| ૮. | સર્વ ધર્મ માનવ કલ્યાણ ટ્રસ્ટ "આશરો" ભોજનાલય | આયુવેદિક હોસ્પિટલ, સ્ટેશન રોડ, સુરત |
| ૯. | કેન્ટીન આયુર્વેદીક કોલેજ | આયુવેદીક કોલેજ, સ્ટેશન રોડ, સુરત |

# સુરત મહાનગરપાલિકા
# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૦૧/૦૫/૨૦૧૮ થી તા.૩૧/૦૫/૨૦૧૮ સુધી સુજલામ–સુફલામ જળ અભિયાન સંદર્ભે તા.૨૮/૦૪/૨૦૧૮ ના રોજ માન.કમિશનરશ્રી એમ.થેન્નારસનના અધ્યક્ષપદે સેવાભાવી સંસ્થાઓ સાથે  મિટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં માન.કમિશનરશ્રી એમ.થેન્નારસન ધ્વારા તાપીનદીની સાફ સફાઈની કામગીરી, શહેરમાં આવેલ જુદા જુદા તળાવની સાફ સફાઈ /ડી–શીલ્ટીંગની કામગીરી, તાપી નદીમાં પડતા  ગંદા પાણીના આઉટલેટ બંધ કરવાની કામગીરી, ખાડીઓની સાફ સફાઈની કામગીરી, ગેરકાયદેસર પાણીના નળ જોડાણ દુર કરવા/નોટીસ આપવાની કામગીરી, પાણીની બચત સબંધી એકટીવીટી, ખાનગી એપાર્ટમેન્ટ, સોસાયટીમાં આવેલ હયાત રીચાર્જ વેલને કાર્યરત રાખવા તેમજ નવા રીચાર્જ વેલ બનાવવાની કામગીરી જેવી કામગીરી થનાર હોય તેની સમજ આપવામાં આવેલ. શહેરના વિવિધ વિસ્તારો પૈકી પાંડેસરા ઈન્ડસ્ટ્રીય એસો.ના હોદેદારો, ડાયમંડ ઈન્સ્ટીટયુટ ના હોદેદારો, ક્રેડાઈ, લોકસમર્પણ રકતદાન કેન્દ્ર વરાછા રોડના પ્રતિનિધિ અકસ્માત નિવારણ કેન્દ્ર, સચીન GIDC, કચ્છ એક્ષ્પોર્ટ પ્રા.લિ.,લાલબાપા–રામમઢી, જહાંગીરપુરા, સુરતી મોઢવણીક જ્ઞાતિ તથા અન્ય જ્ઞાતિના આગેવાનો બહોળી સંખ્યામાં હાજર રહયા હતા. સુજલામ–સુફલામ જળ અભિયાન કાયક્રમમાં તેઓએ સંપુર્ણ સહકાર આપવા સંમતિ દર્શાવેલ.

# <u>પ્રે સ નો ટ</u>

વિષયઃ– આરોગ્ય સ્ટાફ તથા ફુડ વિભાગ ધ્વારા વરાછા ઝોન તથા લિંબાયત ઝોન વિસ્તારમાં આગામી ઉનાળાની સીઝનને ધ્યાને રાખી કરવામાં આવેલ ઓપરેશન હેલ્થ કેર ની ઝુંબેશ

આરોગ્ય અધિકારીશ્રી અને ઈ.ચા. ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ આગામી ઉનાળાની સીઝનને ધ્યાને રાખી આજ તા.૩૦/૦૪/૨૦૧૮નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો તથા વરાછા ઝોન તથા લિંબાયત ઝોનનાં આરોગ્યના સ્ટાફ સાથે લિંબાયત ઝોનમાં આવેલ એમ.જી. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત તથા વરાછા ઝોનમાં સરદાર માર્કેટ રોડની સામે આવેલ વિસ્તારમાં આવેલ આશરે કુલ–૯૨ સંસ્થા/લારીઓ ચેક કરી કાર્બાઈડવાળી કેરીઓનો નાશ કરાવવામાં આવેલ છે.

સદર કામગીરી દરમ્યાન આશરે ૩૮૪૦ કિલો કેરીઓનો નાશ કરાવેલ છે તેમજ વરાછા ઝોન તથા લિંબાયત ઝોન ધ્વારા રૂા.૯૧,૫૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરેલ છે તથા આશરે કાર્બાઇડની ૨૫૦ પડીકીઓ તથા આશરે ૨૪.૪ કિલો કાર્બાઇડનો નાશ કરવામાં આવેલ છે. તથા ૩ કિલો પ્લાસ્ટિકની થેલીઓનો નાશ કરવામાં આવેલ છે.

# <u>પ્રેસનોટ</u>

**<u>સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા ઓપરેશન હેલ્થ કેરની કામગીરીના સંદર્ભે આદરેલી ઝુંબેશની અખબારી યાદીઃ–</u>**

આદેશાનુંસાર નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ સા.વે.(અઠવા) ઝોન સંલગ્ન આરોગ્યવિભાગ તા.૨૯/૦૫/૧૮ તથા ૩૦/૦૫/૧૮ના રોજ ઓપરેશન હેલ્થ કેરની કામગીરી માટે સુપરવાઈઝરોની કુલ–૧૦ ટીમ બનાવી જમનાનગર, સ્વામી વિવેકાનંદ ગાર્ડનની આજુ–બાજુ, કેનાલ રોડ, ઉમાભવનની આજુ–બાજુનો વિસ્તાર જેવા વિવિધ વિસ્તારોમાં ઘનિષ્ઠ ચેકીંગ હાથ ધરવામાં આવેલ. **<u>જેમાં કુલ–૧૭ સંસ્થા/ઈસમો પાસેથી રૂા. ૪૨,૨૦૦/– વહીવટી વસૂલાત વસૂલવામાં આવેલ. તથા તેઓ પાસે સ્થળ સફાઈ કરાવવામાં આવેલ આ અભિયાન દરમ્યાન કાર્બાઈડ પાવડર દ્વારા પકવામાં આવેલ ૧૯૦ કિ.ગ્રા. કેરીનો પણ નાશ કરવામાં આવેલ છે કાર્બાઈડ પાવડર ૦.૫૫૦ કિ.ગ્રા નાશ કરવામાં આવેલ છે.</u>** લોક જાગૃતિ અભિયાનમાં સદર વિસ્તારના લોકોને જાહેરમાં કચરો ન નાખવા માટે આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવેલ છે. તેમજ ખાણીપીણી ની સંસ્થાના માલિકને પીવાના કલોરીનેટેડ પાણીની વ્યવસ્થા કરવા, ડીસ્પોઝેબલ ગ્લાસ,ડીસનો ઉપયોગ કરવા તેમજ જરૂર જણાયે ત્યાં સાફ–સફાઈ/રંગ રોગાન કરાવવા માટે સખ્ત નોટીસ આપી અમલ કરાવવા જણાવવામાં આવેલ છે.

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા.૩૦/૦૪/ ૨૦૧૮

**પૂર્વ(વરાછા)ઝોનમાં સમાવિષ્ટ ફુલપાડા વિસ્તારમાં રહેણાંક સોસાયટીમાં વાણિજય/ ઈન્ડસ્ટ્રીયલ વપરાશ ધરાવતી મિલ્કતોને સીલ મારવાની કામગીરી બાબત.**

ટી.પી. સ્કીમ નં.૧૭ (ફુલપાડા), એફ.પી.નં.૧૪૪ +૧૪૫ માં આવેલ બજરંગ સોસાયટીએ રહેણાંક તરીકે મંજુર થયેલ પ્લાન વિરૂધ્ધ સોસાયટીમાં રહેણાંકના ઉપયોગ સિવાય કેટલીક મિલ્કતોમાં દુકાનો/ગોડાઉન/ઓફીસ/ કારખાના વિગેરેનો ઉપયોગ કરતા હોવા અંગે અત્રે મળેલ ફરીયાદ અન્વયે અત્રેની કચેરીથી બિનઅધિકૃત વસવાટ ખાલી કરવા અંગે મિલકતદારોને નોટીસો પાઠવવામાં આવેલ. જે અન્વયે મિલકતદારો તરફેથી કોઈ કાર્યવાહી ન કરતાં અત્રેની કચેરીએથી આજરોજ કુલ –૧૩(તેર) મિલ્કતોને સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવી.

ઉકત કામગીરી મે.એડી.સીટી ઈજનેરશ્રી(સિવીલ)ની સૂચના મુજબ શહેરી વિકાસ વિભાગ, દબાણ વિભાગ તથા સીકયુરીટી ઓફીસર, માર્શલ તથા મહીલા ગાર્ડ સહિત પાર પાડવામાં આવેલ.

# <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાના પૂર્વઝોન(વરાછા) આરોગ્ય વિભાગ દ્વારા ઓપરેશન હેલ્થ કેરની કામગીરીના સંદર્ભે આદરેલી ઝુંબેશની અખબારી યાદી :–

આદેશાનુસાર નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ પૂર્વઝોન(વરાછા)સંલગ્ન આરોગ્ય વિભાગ દ્વારા તા.૩૦/૦૪/૧૮ ના રોજ ઓપરેશન હેલ્થ કેરની કામગીરી માટે સુપરવાઈઝરી સ્ટાફોની કુલ ૦૫ ટીમ બનાવી કરંજ–એ સેનીટેશન વોર્ડનો માતાવાડી વિસ્તાર, નાનાવરાછા સેનીટેશન વોર્ડનો ચોપાટી પાસેનો વિસ્તાર, ભાગ્યોદય સેનીટેશન વોર્ડનો એ.પી.એમ.સી. માર્કેટ જેવા વિસ્તારોમાં કેરીના વિક્રેતાઓનુ ઘનિષ્ટ ચેકીંગ હાથ ધરવામાં આવેલ. જેમાં કુલ ૧૨ સંસ્થા/ઈસમો પાસેથી **રૂા.૩૨,૫૦૦/– (અંકે રૂપિયા બત્રીસ હજાર પાચસો પૂરા) વસુલવામાં આવેલ તથા તેઓ પાસેથી સ્થળ સફાઈ કરાવવામાં આવેલ છે. અભિયાન દરમ્યાન કાર્બાઈડ પાવડર દ્વારા પકાવવામાં આવેલ ૧૮૪૦ કિ.ગ્રા. કેરીનો નાશ કરવામાં આવેલ છે. તેમજ ૨૪.૫ કિ.ગ્રા. કાર્બાઈડ પાવડરનો નાશ કરવામાં આવેલ છે. અને ૦૬ કિ.ગ્રા. પ્રતિબંધીત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ હતુ.**

# <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષઃ ૨૦૧૮–૧૯ ના બજેટમાં નક્કી થયા મુજબ કરદાતાને સને ૨૦૧૮–૨૦૧૯ નાં નાણાંકીય વર્ષને લગતાં મિલ્કતવેરાનાં બીલો પહોંચાડવામાં આવે તે પહેલા વેરાની વસૂલાત થઈ શકે તેવા ખ્યાલને અનુરૂપ પ્રોત્સાહન રૂપે સને ૨૦૧૮–૨૦૧૯ નાં નાણાંકીય વર્ષમાં ચાલુ વર્ષનાં અને અગાઉના નાણાંકીય વર્ષના માંગણાની લેણી રકમ માહે એપ્રિલ અને મે માસ દરમ્યાન  પૂરેપૂરી ચૂકવી આપેલ હશે તો તેવા કિસ્સાઓમાં સને ૨૦૧૮–૨૦૧૯ નાં નાણાંકીય વર્ષમાં વર્ષ ૨૦૧૮–૨૦૧૯ નાં મિલ્કતવેરાની રકમ ઉપર એપ્રિલ માસમાં ૧૫ % તથા મે માસમાં ૧૦ % ના દરે શરૂઆતના બે માસ દરમ્યાન વળતર ...

અગાઉના વર્ષમાં માહે એપ્રિલમાં મિલ્કત વેરો ભરપાઈ કરનાર કરદાતાઓને જે મિલ્કતવેરા ઉપર ૧૦% ની રાહત આપવામાં આવતી હતી જે ૧૫% કરતા માહે એપ્રિલ–૨૦૧૮ ના માસમાં ૧,૭૭,૮૬૪ કરદાતાઓ દ્વારા રૂા. ૧૭૭.૮૬ કરોડ જેટલી માતબાર રકમ વેરા પેટે ભરપાઈ કરેલ છે. તા. ૩૦/૦૪/૨૦૧૮ ના એક માત્ર દિવસમાં રૂા. ૩૪.૮૧ કરોડ જેટલી રકમ ભરપાઈ કરેલ છે.

મે–૨૦૧૮ ના માસમાં વેરો ભરપાઈ કરી ૧૦% રીબેટનો લાભ મેળવવા આથી શહેરીજનોને વિનંતી કરવામાં આવે છે.

# :: પ્રેસનોટ ::

"સુરત મહાનગરપાલિકા આયોજીત શોર્ટ ફિલ્મ મેકીંગ કેમ્પ(ટુંકી ફિલ્મ બનાવવાનો શિબિર)"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૫/૦૫/૨૦૧૮ થી તા.૦૩/૦૬/૨૦૧૮ દરમ્યાન ઓડિયો વિઝયુઅલ રૂમ, નર્મદ લાઈબ્રેરી, ઘોડદોડ રોડ, સુરત ખાતે આયોજીત શોર્ટ ફિલ્મ મેકીંગ કેમ્પ.

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૫/૦૫/૨૦૧૮ થી તા.૦૩/૦૬/૨૦૧૮ દરમ્યાન સમર કેમ્પ અંતર્ગત શોર્ટ ફિલ્મ મેકીંગ કેમ્પ(ટુંકી ફિલ્મ બનાવવાનો શિબિર)નું આયોજન ઓડિયો વિઝયુઅલ રૂમ, નર્મદ લાઈબ્રેરી, ઘોડદોડ રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ કેમ્પમાં ૧૪ વર્ષથી ઉપરની વ્યકિતઓ ભાગ લઈ શકશે. શોર્ટ ફિલ્મ મેકીંગ કેમ્પમાં ભાગ લેવા માટેના પ્રવેશપત્રો સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત (ટે.નં. ૨૪૨૩૭૫૧ થી ૫૬–EXT : 245) તથા સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પ્રવેશફોર્મ તથા નિયમો અંગેની માહિતી મળી શકશે. ભરેલા પ્રવેશપત્રો તા.૧૪/૦૫/૨૦૧૮ના રોજ સાંજે ૬.૦૦ કલાક સુધીમાં સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત (ટે.નં. ૨૪૨૩૭૫૧ થી ૫૬–EXT : 245) ખાતે પરત કરવાના રહેશે.

# <u>પ્રેસનોટ</u>

## <u>સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા ઓપરેશન હેલ્થ કેરની કામગીરીના સંદર્ભે આદરેલી ઝુંબેશની અખબારી યાદીઃ–</u>

આદેશાનુંસાર નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ સા.વે.(અઠવા) ઝોન સંલગ્ન આરોગ્યવિભાગ તા.૦૧/૦૫/૧૮ના રોજ ઓપરેશન હેલ્થ કેરની કામગીરી માટે સુપરવાઈઝરોની કુલ–૦૫ ટીમ બનાવી મગદલ્લા પોર્ટ બંદર ખાતેથી વહન થતી કોલસી ભરેલી ટ્રકો દ્વારા જાહેર રસ્તા પર કોલેસી પડતી હોય જે અન્વયે (૧) મગદલ્લા પોર્ટ ઈન્પોર્ટર એસોસીએશન પાસે રૂા. ૩૦,૦૦૦/– (૨) સનર્થ સાંઈ એક્ષપોર્ટ સર્વીસ પાસે રૂા. ૨૫૦૦૦/– (૩) અમર શાહ પાસે રૂા. ૫૦૦૦/– મળી કુલ રૂા. ૬૦,૦૦૦/– વહીવટી વસૂલાત લેવામાં આવેલ છે. તેમજ સદર બાબતે કોલસી ભરેલ ટ્રકો દ્વારા વહન દરમ્યાન તાડપત્રી વ્યવસ્થિત ફીટ કરી અને કોલસી જાહેર રસ્તા પર પડે નહી તે બાબતે સખત સૂચના આપવામાં આવેલ છે. તેમજ તેઓ દ્વારા હવેથી ૫૦ માણસો મૂકી રોડની સફાઈ કરાવવા અત્રે જાણ કરેલ છે.

# પ્રેસનોટ
# " સુજલામ સુફલામ જળ અભિયાન ૨૦૧૮ "

સુજલામ સુફલામ જળ અભિયાન – ૨૦૧૮ અંતર્ગત આજ રોજ તા. ૦૧/૦૫/૨૦૧૮ થી કતારગામ વોટર વર્કસ ખાતે તાપી નદીની સાફ–સફાઈની કામગીરીનું શુભ આરંભ કરવામાં આવેલ. સદર કાર્યક્રમમાં મા. મંત્રીશ્રી ગણપતભાઈ વસાવા મા. ધારાસભ્યશ્રીમતી સંગીતાબેન પાટીલ, મા. ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારી, મા. ધારાસભ્યશ્રી વીનુભાઈ મોરડીયા, મા. ધારાસભ્યશ્રી કાન્તીભાઈ બલર, મા. ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણા, મા. મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયા, મા. શાસક પક્ષ નેતાશ્રી ગીરજાશંકર મિશ્રા, મા.સ્થા.સ.ચેરમેનશ્રી રાજેશભાઈ દેસાઈ વિગેરે મહાનુભવો તેમજ વિવિધ મ્યુ. સમિતિના ચેરમેનશ્રીઓ તથા મ્યુ.કોર્પોરેટર્સશ્રીઓ તેમજ સ્થાનિક મહાનુભવો હાજર રહયા હતા. આ કામગીરીમાં સુરત શહેરની જુદી જુદી અગ્રણીય સ્વૈચ્છિક સંસ્થાઓના કુલ ૩૩૫ સ્વયં સેવકો તથા ૮૦ તરવૈયા તથા ૬૭૦ જેટલા સુરત મહાનગરપાલિકાના કામદારો મળી કુલ ૧૦૮૫ જેટલી વ્યકતીઓ/માનવઘન તાપી નદીની સાફ–સાફઈની કામગીરીમાં જોડાયેલ હતા. આજ રોજની કામગીરીમાં મશીનરીઓ/સાધનો જેવા કે, પોકલેન મશીન નંગ ૦૨, જેસીબી મશીન નંગ ૧૪, ટ્રેકટર નંગ ૨૩, ટ્રક / ડમ્પર નંગ ૧૨, ડીવીડર નંગ ૦૨ તેમજ બોટ નંગ ૨૦ નો ઉપયોગ કરવામાં આવેલ હતો. કામગીરીના અંતે આશરે ૨૦૬૦ ઘ.મી. જેટલી જળકુંભી/કચરો તેમજ અન્ય પાણી જન્ય વનસ્પિતીઓને તાપી નદી માંથી બહાર કાઢીને દુર કરવામાં આવી હતી.

આ ઉપરાંત અન્ય કામગીરીઓમાં,

I. સુરત શહેરના વરાછા તેમજ અઠવા ઝોન માંથી પસાર થતી વિવિધ ખાડીઓ અંતર્ગત કુલ ૬૭૦ મીટર જેટલી લંબાઈમાં સાફ–સફાઈની કામગીરી કરવામાં આવેલ.

II. વિવિધ ઝોનમાં પાણીનો બગાડ કરનારાઓ/ગેરેજ/સર્વિસ સ્ટેશનને કુલ ૪૬ નોટીસો આપવામાં આવેલ.

III. સુરત શહેરમાં જુદા જુદા સ્થળે કુલ મળીને ૦૮ જેટલા પાણીના લીકેજો દુરસ્ત કરવામાં આવેલ.

IV. સુરત શહેર વિસ્તારમાં આવેલ જુદી જુદી ૫૯ મિલ્કતોમા આવેલ રીચાર્જ બોરવેલની સાફ–સફાઈ કરવા માટે નોટીસ પાઠવામાં આવેલ તેમજ જુદા જુદા ૧૧ ખાનગી લોકેશનો પર આવેલ રીચાર્જ બોરવેલની સાફ–સાફઈ કરવામાં આવેલ.

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા ઓપરેશન હેલ્થ કેરની કામગીરીના સંદર્ભે આદરેલી ઝુંબેશની અખબારી યાદીઃ–

આદેશાનુંસાર નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ સા.વે.(અઠવા) ઝોન સંલગ્ન આરોગ્ય વિભાગ દ્વારા તા.૦૨/૦૫/૧૮ના રોજ ઓપરેશન હેલ્થ કેરની કામગીરી અંતર્ગત અઠવા વોર્ડ વિસ્તારમાં આવેલ અઠવાલાઈન્સ મેઈન રોડ (લાલ બંગલા પાસે) એક્રોપોલીસ, માઈલ સ્ટોન ગ્રુપનું નવા બાંધકામ દરમ્યાન માટી ભરેલી ટ્રકોના વહન દરમ્યાન જાહેર રસ્તા પર માટી પડતી હોય જે અન્વયે (૧) પદમાવતી એસોસીએશન પાસે રૂા. ૨૫,૦૦૦/– તથા (૨) જાહેર રસ્તા પર બિલ્ડીગ મટીરીયલ (ડેબ્રીઝ) નાંખતા પૂજા અભિષેક (રાજુભાઈ) પાસે રૂા. ૧૦,૦૦૦/– મળી કુલ રૂા. ૩૫,૦૦૦/– વહીવટી વસૂલાત લેવામાં આવેલ છે. તેમજ સદર બાબતે માટી, રેતી, કપચી ભરેલ ટ્રકો દ્વારા વહન દરમ્યાન તાડપત્રી વ્યવસ્થિત ફીટ કરી અને માટી, રેતી, કપચી જાહેર રસ્તા પર પડે નહી તે બાબતે સખત સૂચના આપવામાં આવેલ છે.

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા.૦૨/૦૫/ ૨૦૧૮

**પૂર્વ(વરાછા)ઝોનમાં સમાવિષ્ટ મોટા વરાછા વિસ્તારમાં આવેલ વૃંદાવન સોસાયટી વિ–૧ ના સી.ઓ.પી.વાળા ભાગમાં કરવામાં આવેલ બાંધકામ દુર કરવા બાબત.**

પૂર્વ(વરાછા)ઝોનમાં સમાવિષ્ટ મોટા વરાછા વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨૪(મોટા વરાછા–ઉત્રાણ), ફા.પ્લોટ નં.૪૪/એ +બી માં વૃંદાવન સોસાયટી વિ–૧ આવેલ છે. આ સોસાયટીના સી.ઓ.પી. વાળી જગ્યામાં આર.સી.સી. બીમ, કોલમ સ્લેબ ભરી દુકાનો બનાવવાના ઈરાદે ગ્રાઉન્ડ ફલોર + એક માળનું બાંધકામ કેટલાંક ઈસમો ધ્વારા શરૂ કરવામાં આવેલ. સદરહુ ગેરકાયદેસર બાંધકામ આ અગાઉ તા.૧૫/૧૨/૨૦૧૭ ના રોજ દુર કરી મિલ્કતદાર પાસે વહીવટી ચાર્જ તથા ડીમોલીશન ચાર્જ વસુલવામાં આવેલ. ત્યારબાદ મિલ્કતદારો ધ્વારા ફરીથી ઉકત સ્થળે બાંધકામની પ્રવૃતિ હાથ ધરવામાં આવતાં, આજરોજ કુલ–૧૦(દસ) દુકાનોનું આર.સી.સી. બાંધકામ, ચણતરની દિવાલો વિગેરે તોડી નાંખી આશરે ૧૫૦૦.૦૦ ચો.ફુટના માપ વિસ્તારમાં બાંધકામ દુર કરવામાં આવેલ છે તેમજ મિલ્કતદાર પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૦૦,૦૦૦/– (રૂા.બે લાખ પુરા) અને ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૫૦,૦૦૦/– (રૂા.પચાસ હજાર પુરા) વસુલ લેવામાં આવેલ છે.

ઉકત કામગીરી મે.એડી.સીટી ઈજનેરશ્રી(સિવીલ)ની સૂચના મુજબ શહેરી વિકાસ વિભાગ, દબાણ વિભાગ તથા સીકયુરીટી ઓફીસર તથા માર્શલ સહિત પાર પાડવામાં આવેલ.

# પ્રેસનોટ

# " સુજલામ સુફલામ જળ અભિયાન ૨૦૧૮ "

સુજલામ સુફલામ જળ અભિયાન – ૨૦૧૮ અંતર્ગત તા. ૦૨/૦૫/૨૦૧૮ના રોજ :–

1. કતારગામ વોટર વર્કસ ખાતે તાપી નદીની સાફ–સફાઈની કામગીરી કરવામાં આવેલ. સદર કાર્યક્રમમાં મા. ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણા હાજર રહેલ. નદી સાફ–સફાઈ કામગીરી અંતર્ગત આજ રોજ મશીનરીઓ/સાધનો જેવા કે, પોકલેન મશીન નંગ ૦૧, જેસીબી મશીન નંગ ૦૬, ટ્રેકટર નંગ ૦૪, ટ્રક / ડમ્પર નંગ ૦૯, ડીવીડર નંગ ૦૨ નો ઉપયોગ કરવામાં આવેલ હતો. કામગીરીના અંતે આશરે ૭૯૫ ઘ.મી. જેટલી જળકુંભી/કચરો તેમજ અન્ય પાણી જન્ય વનસ્પિતીઓને તાપી નદી માંથી બહાર કાઢીને દુર કરવામાં આવી હતી.

2. શહેરના વિવિધ તળાવો સફાઈ અભિયાન પૈકી આજે ઉગત ખાતે આવેલ "કવિશ્રી ઝીણાભાઈ રતનજી દેસાઈ (સ્નેહરશ્મિ)" બોટનીકલ ગાર્ડનમાં તળાવ સાફ–સફાઈ અભિયાન હાથ ધરવામાં આવેલ. જેમાં મા. ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી, મા. ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારી, ડે.મેયરશ્રી શંકરભાઈ ચેવલી તેમજ વિવિધ કાઉન્સીલરશ્રીઓએ હાજરી આપેલ. આ કામગીરીમાં સુરત શહેરની જુદી જુદી અગ્રણીય સ્વૈચ્છિક સંસ્થાઓના કુલ ૧૮ સ્વયં સેવકો તથા ૩૩૧ જેટલા સુરત મહાનગરપાલિકાના કામદારો તેમજ અન્ય ખાનગી એજન્સીઓ/સંસ્થાઓના કુલ ૪૭ મળી કુલ ૩૯૬ જેટલી વ્યકતીઓ/માનવધન ઉગત ખાતે આવેલ બોટનીકલ ગાર્ડનમાં તળાવની સાફ–સાફઈની કામગીરીમાં જોડાયેલ હતા. ઉકત તળાવ માંથી પાણી જન્ય વનસ્પતિ, કચરો વિગેરે દુર કરવામાં આવેલ તેમજ તળાવના ઈનલેટ અને આઉટલેટ નાળાઓની સાફ–સફાઈ કરેલ. વધુમાં તળાવની ફરતેની પાળને સુવ્યવસ્થિત કરી તેના ઉપરથી વનસ્પતિ/કચરો દુર કરવામાં આવેલ. ઉકત તળાવ સાફ–સફાઈની કામગીરીમાં મશીનરીઓ/સાધનો જેવા કે, જેસીબી મશીન નંગ ૦૫, ટ્રેકટર નંગ ૧૨, ટ્રક / ડમ્પર નંગ ૦૪ તથા અન્ય સામગ્રી જેવીકે, પાવડા, તગારા, બુતારા, ટોપલાઓ વિગેરેનો ઉપયોગ કરવામાં આવેલ હતો. કામગીરીના અંતે આશરે ૪૦ ઘ.મી. જેટલી પાણી જન્ય વનસ્પતી, ૩૯ મે.ટન કચરો તેમજ ૧૦ ઘ.મી. જેટલી માટી કાઢીને દુર કરી તળવા સાફ કરાયેલ.

આ ઉપરાંત અન્ય કામગીરીઓમાં,

V. સુરત શહેરના કતારગામ તેમજ અઠવા ઝોન માંથી પસાર થતી વિવિધ ખાડીઓ અંતર્ગત કુલ ૬૧૦ મીટર જેટલી લંબાઈમાં સાફ–સફાઈની કામગીરી કરવામાં આવેલ.

VI. વિવિધ ઝોનમાં પાણીનો બગાડ કરનારાઓ/ગેરેજ/સર્વિસ સ્ટેશનને કુલ ૫૯ નોટીસો આપવામાં આવેલ.

VII. સુરત શહેરમાં જુદા જુદા સ્થળે કુલ મળીને ૩૭ જેટલા પાણીના લીકેજો દુરસ્ત કરવામાં આવેલ. તેમજ સુરત શહેરમાં જુદા જુદા સ્થળે કુલ મળીને ૦૮ જેટલા વાલ્વ માંથી થતા લીકેજ રીપેરીંગ કરવામાં આવેલ.

VIII. સુરત શહેર વિસ્તારમાં આવેલ જુદી જુદી ૧૫ મિલ્કતોમા આવેલ રીચાર્જ બોરવેલની સાફ–સફાઈ કરવા માટે નોટીસ પાઠવામાં આવેલ તેમજ જુદા જુદા ૧૫ ખાનગી લોકેશનો પર આવેલ રીચાર્જ બોરવેલની સાફ–સાફઈ કરવામાં આવેલ.

# <u>પ્રેસનોટ</u>

## વેસ્ટઝોન(રાંદેર)માં જાહેર આરોગ્ય ખાતા ધ્વારા કાર્બાઈડમાં પકવેલા કેળા તથા ખરાબ થયેલ કેરીનો જથ્થો મળી આવતા તથા ઝોન વિસ્તારમાં ન્યુસન્સ કરતા ઈસમ/સંસ્થા પર કરેલ દંડકીય કાર્યવાહી.

વેસ્ટ ઝોન(રાંદેર)વિસ્તારમાં આજ તા. ૦૩/૦૫/૨૦૧૮ ના રોજ ડે.કમિશ્નરશ્રી સી.વાય.ભટ્ટ સાહેબની સુચના મુજબ વેસ્ટઝોનના નાયબ આરોગ્ય અધિકારી દવારા મુખ્ય આરોગ્ય નિરીક્ષક અને અરોગ્ય નિરીક્ષકની ટીમ બનાવી સીધી દેખરેખ હેઠળ સવારે આરોગ્યલક્ષી સ્કવોડની કામગીરી કરવામાં આવેલ જે દરમ્યાન અડાજણ પાટીયા વોર્ડ વિસ્તારમાં આવેલ નાસીરભાલ ભાટવાનની કેરીની વખારમાં ચેકીંગ હાથ ધરતા કાર્બાઈડમાં પકવેલ કેરીનો અંદાજે ૧૫૦ કી.ગ્રા. જથ્થો તથા ૨૦૦ ગ્રામ કાર્બાઈડ મળી આવતા રૂા. ૧૫,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરી તેનો નાશ કરવામાં આવેલ છે. વધુમાં અડાજણગામ વોર્ડ વિસ્તારમાં શુભ મંગલ ફાઉન્ડેશન, રામજી ઓવારા પોતાની સંસ્થામાંથી ધંધાકીય કચરો બહાર નાંખતા રૂા. ૫૦૦૦/– વહીવટી ખર્ચ વસુલાત કરેલ તમામ વોર્ડ વિસ્તારમાં ન્યુસન્સ કરતા કુલ ૭૮ ઈસમો/ સંસ્થાઓ પાસેથી મળી કુલ રૂા. ૯૨,૨૫૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામા આવેલ છે.

વધુમાં ધંધાકીય સંસ્થાઓને સૂકો અને ભીનો કચરો અલગ રાખવા માટે જરૂરી આરોગ્યલક્ષી માર્ગદર્શન આપવામાં આવેલ છે અને સુકો અને ભીના કચરા માટેની અલગ અલગ ડસ્ટબીન રાખવા માટે જરૂરી સુચના આપવામાં આવેલ છે.

# પ્રેસનોટ
# " સુજલામ સુફલામ જળ અભિયાન ૨૦૧૮ "

સુરત મહાનગરપાલિકા ધ્વારા સુજલામ સુફલામ જળ અભિયાન ૨૦૧૮ અંતર્ગત તા.૦૩/૦૫/૨૦૧૮ ના રોજ કતારગામ વોટર વર્કસ , ઉધના ઝોન ખાતે આવેલ ઉન લેક ગાર્ડનમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ.

1. કતારગામ વોટર વર્કસ ખાતે તાપી નદીની સાફ–સફાઈની કામગીરી કરવામાં આવેલ. સદર કાર્યક્રમમાં મા. ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણા હાજર રહેલ. નદી સાફ–સફાઈ કામગીરી અંતર્ગત આજ રોજ મશીનરીઓ/સાધનો જેવા કે, પોકલેન મશીન નંગ ૦૧, જેસીબી મશીન નંગ ૦૨, ટ્રેકટર નંગ ૦૬, ટ્રક / ડમ્પર નંગ ૦૨, ડીવીડર નંગ ૦૨ તથા મઝદા નંગ ૦૨ નો ઉપયોગ કરવામાં આવેલ હતો. કામગીરીના અંતે આશરે ૫૮૫ ઘ.મી. જેટલી જળકુંભી/કચરો તેમજ અન્ય પાણી જન્ય વનસ્પિતીઓને તાપી નદી માંથી બહાર કાઢીને દુર કરવામાં આવી હતી.

2. શહેરના વિવિધ તળાવો સફાઈ અભિયાન પૈકી આજે ઉધના ઝોન ખાતે આવેલ ઉન લેક ગાર્ડનમાં તળાવ સાફ–સફાઈ અભિયાન હાથ ધરવામાં આવેલ. જેમાં મા. ધારાસભ્યશ્રી વિવિક પટેલ, શાસક પક્ષના નેતાશ્રી ગિરજાશંકર મિશ્રા, મ્યુ.સદસ્યશ્રી સતિષભાઈ પટેલ, મ્યુ.સદસ્યશ્રી ભદ્રેષભાઈ પરમાર, મ્યુ.સદસ્યશ્રીમતી રુકસાનાબાનું ઝુમ્મા, મ્યુ.સદસ્યશ્રીમતી ભારતીબેન તિવારી તેમજ વિવિધ કાઉન્સીલરશ્રીઓએ હાજરી આપેલ. આ કામગીરીમાં સુરત શહેરની જુદી જુદી અગ્રણીય સ્વૈચ્છિક સંસ્થાઓના સેવકો તથા ૩૫૮ જેટલા સુરત મહાનગરપાલિકાના કામદારો તેમજ અન્ય ખાનગી એજન્સીઓ/સંસ્થાઓના કુલ ૪૫ મળી કુલ ૪૦૩ જેટલી વ્યકતીઓ/માનવધન ઉધના ઝોન ખાતે આવેલ લેક ગાર્ડનમાં તળાવની સાફ–સાફઈની કામગીરીમાં જોડાયેલ હતા. ઉકત તળાવ માંથી પાણી જન્ય વનસ્પતિ, કચરો વિગેરે દુર કરવામાં આવેલ તેમજ તળાવના ઈનલેટ અને આઉટલેટ નાળાઓની સાફ–સફાઈ કરેલ. વધુમાં તળાવની ફરતેની પાળને સુવ્યવસ્થિત કરી તેના ઉપરથી વનસ્પતિ/કચરો દુર કરવામાં આવેલ. ઉકત તળાવ સાફ–સફાઈની કામગીરીમાં મશીનરીઓ/સાધનો જેવા કે, જેસીબી મશીન નંગ ૦૭, ટ્રેકટર નંગ ૧૧, ટ્રક / ડમ્પર નંગ ૧૦ તથા અન્ય સામગ્રી જેવીકે, પાવડા, તગારા, બુતારા, ટોપલાઓ વિગેરેનો ઉપયોગ કરવામાં આવેલ હતો. કામગીરીના અંતે આશરે ૫૯૧.૫૦ ઘ.મી. જેટલી પાણી જન્ય વનસ્પતી/કચરો કાઢીને દુર કરી તળાવ સાફ કરાયેલ.

આ ઉપરાંત અન્ય કામગીરીઓમાં,

IX. સુરત શહેરના વરાછા તેમજ અઠવા ઝોન માંથી પસાર થતી વિવિધ ખાડીઓ અંતર્ગત કુલ ૫૪૦ મીટર જેટલી લંબાઈમાં સાફ–સફાઈની કામગીરી કરવામાં આવેલ.

X. વિવિધ ઝોનમાં પાણીનો બગાડ કરનારાઓ/ગેરેજ/સર્વિસ સ્ટેશનને કુલ ૪૭ નોટીસો આપવામાં આવેલ તેમજ ગેરકાયદેરસ કનેકશન દુર કરવા ૦૨ નોટીસ આપવામાં આવેલ.

XI. સુરત શહેરમાં જુદા જુદા સ્થળે કુલ મળીને ૨૬ જેટલા પાણીના લીકેજો દુરસ્ત કરવામાં આવેલ તેમજ સુરત શહેરમાં જુદા જુદા સ્થળે કુલ મળીને ૧૦ જેટલા વાલ્વ માંથી થતા લીકેજ/સર્વિસ રીપેરીંગ કરવામાં આવેલ.

XII. સુરત શહેર વિસ્તારમાં આવેલ જુદી જુદી ૧૮ મિલ્કતોમા આવેલ રીચાર્જ બોરવેલની સાફ–સફાઈ કરવા માટે નોટીસ પાઠવામાં આવેલ તેમજ જુદા જુદા ૨૩ ખાનગી અને ૦૫ **SMC** લોકેશનો પર આવેલ રીચાર્જ બોરવેલની સાફ–સાફઈ કરવામાં આવેલ.

# સુરત મહાનગરપાલિકા

# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૦૪/૦૫/૧૮ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ ઘોડદોડ રોડ, રામચોકથી જમનાનગર, ઈશ્વર ફાર્મ બી.આર.ટી.એસ.કેનાલ વિગેરે ટી.પી.રસ્તા તેમજ ફુટપાથ પર કેરીના વિક્રતાઓ દ્વારા બિનઅધિકૃત રીતે બનાવેલ સ્ટોલના દબાણને કારણે ટ્રાફિક અવરજવરમાં ખુબજ અડચણ રહેતી હોય, અત્રેથી આજરોજ સ્થળ ઉપરથી અંદાજે ૨૮૮ કેરેટ કેરી, ૧૨ કેરેટ તડબૂચ ૧૩ કેરેટ અન્ય ફળફળાદી, ૨ નંગ થ્રી–વ્હીલર ટેમ્પો, ૩ નંગ ઈલેકટ્રોનિક વજન કાંટા તથા ૭૦ અન્ય વસ્તુ જપ્ત કરવામાં આવેલ છે અને રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.
- વધુમાં અઠવા ઝોન વિસ્તારમાં વિવિધ ટી.પી.રસ્તાઓ પર મહાનગરપાલિકાના લાઈટપોલ તથા અન્ય મિલ્કતો પર ખુબજ મોટા પ્રમાણમાં વિવિધ પ્રાઈવેટ એજન્સીઓ દ્વારા જાહેરાતના બોર્ડ–બેનરો લગાડેલ હોવાનું ધ્યાને આવેલ. જેથી તા.૨૧/૦૪/૧૮ થી તા.૦૨/૦૫/૧૮ દરમ્યાન ઝુંબેશ હાથ ધરી ખુબજ મોટા પ્રમાણમાં બોર્ડ–બેનરો જપ્ત કરી, ૭ પ્રાઈવેટ એજન્સીઓને જાહેર મિલ્કતો પર ગેરકાયદેસર રીતે જાહેરાતના બોર્ડ પ્રદર્શિત કરવા સબબ નોટીસ આપી, વહીવટી ચાર્જ પેટે રૂા.૭૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી એડી.સીટી ઈજનેરશ્રી(સીવીલ)ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન શહેર વિકાસ સ્ટાફ તથા દબાણ સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૨૭/૦૪/૨૦૧૮ થી તા.૦૩/૦૫/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૨૭૯૭ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૫૫ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૭૧ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૩ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૧ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૫ |

## <u>સુજલમ સુફલામ જળ સંચય અભિયાન</u>

# <u>પ્રેસનોટ</u>

ગુજરાત સરકારશ્રીના સુજલમ સુફલામ જળ સંચન અભિયાન અંતર્ગત આજ તા.૦૪/૦૫/૨૦૧૮ના રોજ સેન્ટ્રલ ઝોન અને અઠવા ઝોન સુરત મહાનગરપાલિકા દ્વારા નાવડીઓવારા નાનપુરા ખાતે, ડકકાઓવારા ચોક બજાર ખાતે તાપી નદીના કાંઠે અને સુરત–ડુમસ રોડ પર એરપોર્ટની બાજુમાંથી પસાર થતી ખાડીના સફાઈ અભિયાન અને તળ સુરત માં આવેલ ગોપી તળાવના સફાઈ અભિયાનનો જન ભાગીદારી કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં,

(૧) નાવડીઓવારા ખાતે **<u>શ્રી સુરત સેઈલર કલબ</u>**, નાનપુરા ખાતેના **<u>ખારવા સમાજના</u>** આશરે ૧૦૦ થી વધુ સભ્યો સમાજના પ્રતિનીધીઓ અગ્રણીઓ, સફાઈ કાર્યક્રમમાં જોડાયા હતા. તેની સાથે સુરત શહેરની જાણીતી વીજ કંપની – **<u>ટોરેન્ટ પાવર લીમીટેડ, સુરત</u>** દ્વારા પણ નાવડીઓવારા ખાતે સરકારશ્રીના કાર્યક્રમમાં અંગત રસ દાખવી શ્રમ દાનમાં યોગદાન આપવામાં આવેલ. નાવડીઓવારા ખાતે ઓવારાના પ્રવેશ દ્રવાર થી ડાબી તરફ સરદાર બ્રીજ સુધી અને પ્રવેશ દ્રવારથી જમણી તરફ મકકાઈપુલ સુધી સમ્રગ કાંઠાની પાળા સહિત આશરે ૫૦૦ મી. થી વધુ લંબાઈમાં ઝાડી ઝાંખરા, પુજાના માલ સામાનનો વેસ્ટ, બિન–ઉપયોગી પ્લાસ્ટીક, બિન–ઉપયોગી માલ સામાન તથા કાદવ કીચડની સફાઈ કરવામાં આવેલ હતી. આ સ્થળે કામગીરીમાં કુલ્લે ૧૧૫ જેટલા સફાઈ કામદારો, ૧૦૦ થી વધુ વોલન્ટીયર્સો તેમજ ૨૨૫ જેટલા શહેર નાગરિકો હાજર રહયા હતા. જે કામગીરીમાં ટ્રેકટર નંગ ૬, જે.સી.બી. નંગ ૧, ડમ્પર નંગ ૨, લોડર નંગ ૧ અને ઝાડી કાપવાના સાધનો રાખવામાં આવેલ. સમગ્ર સ્થળે કામગીરી સવારે ૯:૦૦ કલાકથી શરૂ કરી મોડી સાંજ સુધી અવીરત ચાલુ રાખવામાં આવી છે અને સ્થળ ઉપરથી આશરે ૨૦ થી વધુ ટ્રેકટર ડેબરીઝ ઉઠાવેલ છે. જે કામગીરી મોડી સાંજ સુધી ચાલુ રહેનાર છે.

(૨) ડકકાઓવારા ખાતે **<u>શ્રી કહાર માછી સમાજ</u>** નાનપુરા, રૂદરપુરા, સુરત ખાતેના **<u>માછી સમાજના</u>** આશરે ૧૦૦ થી વધુ સભ્યો સમાજના પ્રતિનીધીઓ, અગ્રણીઓ, સફાઈ કાર્યક્રમમાં જોડાયા હતા. તેની સાથે સુરત શહેરી જાણીતી ગેસ પુરવઠા કંપની – **<u>ગુજરાત ગેસ કંપની, સુરત</u>** દ્વારા પણ ડકકાઓવારા ખાતે સરકારશ્રીના કાર્યક્રમમાં અંગત રસ દાખવી શ્રમ દાનમાં યોગદાન આપવામાં આવેલ. ડકકાઓવારા ખાતે ઓવાના પ્રવેશ દ્રવાર થી ડાબી તરફ મકકાઈપુલ સુધી અને પ્રવેશ દ્રવારથી જમણી તરફ નહેરૂપુલ સુધી સમ્રગ કાઠાની પાળા સહિત આશરે ૬૦૦ મી. થી વધુ લંબાઈમાં ઝાડી ઝાંખરા, પુજાના માળ સામાનનો વેસ્ટ, પ્લાસ્ટીક બિન–ઉપયોગી માલ સામાન તથા કાદવ કીચડ અને કન્સ્ટ્રકશન અને ડીમોલીશન વેસ્ટ (સી. એન્ડ ડી. વેસ્ટ) ની ઘનીષ્ટ સફાઈ કરવામાં આવેલ હતી. આ સ્થળે કામગીરીમાં કુલ્લે ૧૨૯ જેટલા સફાઈ કામદારો, ૨૨ જેટલા વોલન્ટીયર્સો, ૨૦૦ જેટલા શહેર

નાગરીકો હાજર રહયા હતા. જે કામગીરીમાં ટ્રેકટર નંગ ૨, જે.સી.બી. નંગ ૨, ટ્રક નંગ ૩, મઝદા નંગ ૬, ઝાડી કાપવાના સાધનો રાખવામાં આવેલ. સમ્રગ સ્થળે કામગીરી સવારે ૯:૦૦ કલાકથી શરૂ કરી મોડી સાંજ સુધી અવીરત ચાલુ રાખવામાં આવી છે. અને સ્થળ ઉપરથી આશરે ૪૦ થી વધુ ટ્રક ડેબરીઝ ઉઠાવેલ છે. જે કામગીરી મોડી સાંજ સુધી ચાલુ રહેનાર છે.

(૩) સેન્ટ્રલ ઝોનમાં આવેલ એક માત્ર ઐતિહાસિક તળાવ ગોપીતળાવ ખાતે પણ તળાવના પરિસરમાં સફાઈ રાખવામાં આવેલ અને તળાવમાં દાખલ થતા વરસાદી પાણીના જળ સ્ત્રોત, ઈનલેટ ચેમ્બરો તથા આજુબાજુના વિસ્તારની ગટર લાઈનોની ડિસીલ્ટીંગની કાગમીરી પણ કરાવવામાં આવેલ. આ કામગીરીમાં ગોપીતળાવના પ્રોજેકટના સર્વિસ પ્રોવાઈડર – **<u>રાજહંસ એન્ટરટેઈન્મેન્ટ પ્રાઈવેટ લીમીટેડ, સુરત</u>** દ્વારા આશરે ૪૨ જેટલા વોલન્ટીયર્સો રાખી કામગીરી કરાવવામાં આવેલ છે અને સમ્રગ તળાવ પરિસર આશરે ૩૦૦૦૦ ચો.મી.ની સફાઈ કરવામાં આવેલ તથા આશરે ૫૦ થી વધુ ઈનલેટ ચેમ્બરોની સફાઈ કરવામાં આવેલ. આ સ્થળે કામગીરીમાં કુલ્લે ૧૩૨ જેટલા સફાઈ કામદારો અને ૧૭૫ જેટલા શહેરી નાગરીકો હાજર રહયા હતા. જે કામગીરીમાં ટ્રેકટર નંગ ૭, મઝદા નંગ ૧, જે.સી.બી. નંગ ૧, ઝાડી કાપવાના સાધનો રાખવામાં આવેલ. આ સ્થળે આ વિસ્તારની નજીકનાં રહેવાસીઓ – **<u>રાણા સમાજના આગેવાનો</u>** માટી સંખ્યામાં કાર્યક્રમમાં જોડાયા હતા.

(૪) એરપોર્ટની બાજુમાંથી પસાર થતી કુદરતી ખાડીની સફાઈ અભિયાનમાં એરપોર્ટની બાજુમાંથી પસાર થતી અંદાજે ૫૦૦ ર.મી. ખાડીના બંને બાજુના કિનારા પર આવેલ ઝાડી ઝાંખરા, પ્લાસ્ટીક વેસ્ટ તેમજ કાદવ કીચડની સફાઈ કરવામાં આવેલ હતી. આ સ્થળે કામગીરીમાં કુલ ૧૦૦ જેટલા સુરત મહાનગરપાલિકાના સફાઈ કામદારો, ૬૦ જેટલા કોન્ટ્રકટરના કામદારો તેમજ સ્થાનિક નાગરીકો હાજર રહયાં હતા. જે કામગીરીમાં ટ્રેકટર નંગ–૬, જે.સી.બી. / લોડર નંગ–૫, ડમ્પર નંગ–૩, પોકલેન મશીન નંગ–૨ જેવા સાધનો ઉપયોગમાં લેવામાં આવેલ. આ સ્થળે કામગીરી સવારે ૮:૩૦ કલાકથી શરૂ કરી સાંજ સુધી ચાલુ રાખવામાં આવી હતી અને સ્થળ ઉપરથી અંદાજે ૨૪૩ ઘ.મી. જેટલા કાદવ કીચડ બહાર કાઢવામાં આવેલ.

ઉપરોકત ચાર સ્થળોના કાર્યક્રમમાં, સુરત મહાનગરપાલિકાના પદાધિકારીગણ– ડેપ્યુટી મેયરશ્રી, મ્યુનિ.કમિશ્નરશ્રી, સાંસદસભ્ય શ્રીમતી દર્શનાબેન જરદોશ, ધારાસભ્ય શ્રીમતિ ઝંખનાબેન પટેલ, ધારાસભ્યશ્રી અરવિંદ રાણા, કોર્પોરેટરશ્રી અનિલભાઈ ગોપલાણી, શ્રી હિતેશભાઈ ગામીત, શ્રીમતિ સુધાબેન નાહતા, તેમજ અઠવા ઝોનના ઝોનલ ચીફશ્રી એ.જી. ખાટીવાલા તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી સી.બી. વસાવા તેમજ નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.કે.આઈ.ખત્રી અને આરોગ્ય વિભાગ તેમજ ટેકનીકલ વિભાગના અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીશ્રીઓ તથા સેન્ટ્રલ ઝોનના વિસ્તારના તમામ મ્યુનિ.સદસ્યશ્રીઓ અને સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનના તમામ અધિકારીગણ અને વિવિધ સેવાભાવી ઉપર જણાવેલ સંસ્થાઓએ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં હાજર રહી શ્રમ યોગદાન આપેલ છે. તથા સરકારશ્રીના આ કાર્યક્રમને સફળ બનાવેલ છે.

## <u>સુજલામ સુફલામ જળ સંચય અભિયાન</u>

# <u>પ્રેસનોટ</u>

ગુજરાત સરકારશ્રીના સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અંગર્તગ આજ રોજ તા.૦૫/૦૫/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનમાં પીપલોદ ખાતે આવેલ લેકવ્યુ ગાર્ડન તળાવની અને રાંદેર ઝોન ખાતે નેતાજી સુભાષચંદ્ર બોઝ ગાર્ડન તળાવની સફાઈ અભિયાનનો કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં,

(૧) લેકવ્યુ ગાર્ડનમાં આવેલ તળાવની સફાઈ કાર્યક્રમમાં કોર્પોરેટરશ્રી અનિલભાઈ ગોપલાણી, શ્રી હિતેશભાઈ ગામીત, શ્રીમતિ સુધાબેન નાહતા, શ્રીમતિ રૂપાબેન શાહ, શ્રીમતિ સુચિત્રાબેન પટેલ, શ્રી મુકેશભાઈ પટેલ, શ્રીમતિ રેશ્માબેન લાપસીવાલા, શ્રી પ્રતાપભાઈ કહાર તેમજ સુરત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રી એમ. થૈન્નારસન, અઠવા ઝોનના ઝોનલ ચીફશ્રી એ.જી. ખાટીવાલા, ડે.કમિશ્નરશ્રી આર.જે. પંડયા તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી સી.બી. વસાવા, કાર્યપાલક ઈજનેરશ્રી (ગાર્ડન) રાજેશભાઈ જરીવાલા, હાઈડ્રોલીક ઈજનેરશ્રી ડી.સી.ભગવાગર તેમજ નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.કે.આઈ.ખત્રી, ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટશ્રી ડૉ. એસ. જે. ગૌતમ, અને આરોગ્ય વિભાગ તેમજ ટેકનીકલ વિભાગના અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીશ્રીઓ તેમજ એન.જી.ઓ. (૧) રાજહંસ ગૃપ (૨) રાજગ્રીન ગૃપ (૩) હેપ્પી હોમ ગૃપ (૪) સંગીની ગૃપ (૫) રઘુવીર ગૃપના સુપરવાઈઝર તેમજ કામદારો ધ્વારા આ અભિયાન હાથ ધરવામાં આવેલ. આ અભિયાનમાં લેકવ્યુ ગાર્ડન તળાવની અંદર તેમજ કિનારા પર આવેલ ઝાડી ઝાંખરા, પ્લાસ્ટીક વેસ્ટ તેમજ તળાવની અંદરના વરસાદી ઈન્લેટની સફાઈ કરવામાં આવેલ હતી. આ સ્થળે કામગીરીમાં કુલ ૧૦૦ જેટલા સુરત મહાનગરપાલિકાના સફાઈ કામદારો, ૪૫ જેટલા કોન્ટ્રકટરના કામદારો, ૨૫ ગાર્ડના વિભાગના કામદારો, એન.જી.ઓ.ના ૧૧૦ જેટલા કામદારો તેમજ સ્થાનિક નાગરીકો હાજર રહયાં હતા. જે કામગીરીમાં ટ્રેકટર નંગ–૮, જે.સી.બી. / લોડર નંગ–૧, ડમ્પર નંગ–૧, ટેમ્પો નંગ–૭ જેવા સાધનો ઉપયોગમાં લેવામાં આવેલ અને સ્થળ ઉપરથી અંદાજે ૫૭ ઘ.મી. જેટલા ઝાડી–ઝાંખરા અને લીલ બહાર કાઢવામાં આવેલ.

(૨) નેતાજી સુભાષચંદ્ર બોઝ ગાર્ડન તળાવ ખાતે દિવસ દરમ્યાન સાફ સફાઈ/ડીસીલ્ટીંગની કામગીરીમાં ટ્રેકટર /ટ્રેઈલરના ૨૪ ફેરા ધ્વારા ૨૦.૦૦ ઘ.મી. કચરો /માટી કાઢવામાં આવેલ. મઝદા/ટેમ્પોના ૬ ફેરા ધ્વારા ૮.૦૦ ઘ.મી. આમ કુલ ૮૩૦૦.૦૦ ચો.મી વિસ્તારમાં ૩૦ ફેરાની અંદર ૨૮.૦૦ ઘ.મી. કચરો/માટી સાફ સફાઈ કરવામાં આવેલ હતી. આ કામગીરીમાં સુરત મહાનગરપાલિકાના ૨૦૩ કર્મચારીઓ તથા ૨૧ સહયોગી નાગરીકો તેમજ ૧૦ મ્યુ.કોર્પોરેટરો સફાઈ અભિયાનમાં સામેલ થયા હતા.

# પ્રેસ નોટ

ભારત સરકાર દ્વારા નીતિ આયોગ ખાતે અટલ ઇનોવેશન મિશનની સ્થાપના કરવામાં આવેલ છે. આ મીશનનો મુખ્ય હેતુ ભારતમાં નવીનીકરણને વેગ આપવાનો અને World class Incubation Centers ની સ્થાપના કરવાનો છે.

આ સદર્ભમાં, સુરત સ્માર્ટ સિટી Innovation, Incubation, startup & Trade Facilitation Center હેઠળ, Atal Incubation Center (AIC)ની સ્થાપના માટે ATAL Innovation Mission, NITI આયોગમાં અરજી કરેલ આ AIC નો હેતુ સુરત તથા આજુબાજુનાં વિસ્તારમાં આર્થિક પ્રગતિ અને ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવાનો છે. સદર AIC માં startup, Investor, innovator, વિગેરે માટે Meeting Room, Labs, Auditorium, Executive Cabins, વિગેરેની વ્યવસ્થાનું આયોજન છે. સ્થાનિક સ્વરાજની સંસ્થા દ્વારા Startup, Eco-system ને પ્રોત્સાહન આપતી આ ભારતની સૌપ્રથમ પહેલ છે. તે અંગે કેપીટલ અને ઓપરેશનલ ખર્ચ માટે રૂ.૬.૯૭ કરોડની ગ્રાન્ટ માટે અરજી કરવામાં આવેલ.

જે અનુસંધાને તા.૦૪-૦૫-૨૦૧૮ નાં AIM (Atal Innovation mission)નાં પત્ર મુજબ બીજા રાઉન્ડમાં કુલ ૨૬૭૬ અરજીઓ મળેલ, તેમાંથી ફેઝ-01 અંતગર્ત ૩૫ અરજદાર Shortlist કરેલ, જેમાં સુરત સ્માર્ટ સિટીનાં AICની અરજી પસંદગી થયેલ છે, જે પૈકી સમગ્ર દેશની મહાનગર પાલિકઓમાં એક્માત્ર સુરત મહાનગરપાલિકા નો સમાવેશ થયો છે. આ અંતર્ગત શરતોને આધીન સુરત સ્માર્ટ સિટી ને રૂ.૬.૯૭ કરોડની ગ્રાન્ટ મળવા પાત્ર છે.

# પ્રેસનોટ

## વિષય:સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત થયેલ કામગીરીની વિગત

કવિ શ્રી હરીન્દ્ર દવે પ્રા.શા.ક્ર.૧૦૩ માં આજરોજ તા.૦૫/૦૫/૨૦૧૮ શનિવારના રોજ "સુજલામ સુફલામ" જળ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં શાળાના આચાર્ય શ્રીમતી સ્નેહાબેન પટેલ તથા તમામ શિક્ષક સ્ટાફ અને ધો ૩ થી ૭ ના વિદ્યાર્થી વાલી તથા સુરત મહાનગરપાલિકાના સભ્યોશ્રીઓ સવારે ૦૮:૦૦ કલાકે શાળાના હોલમાં ઉપસ્થિત રહયા હતા બાદ સૌએ ભેગા મળી નજીકની શેરીમાં જળના મહત્વ અંગે સમજ માટે તથા સેમીનારનું આયોજન કરેલ હતુ જેમાં જળસંચય અને જળ બચાવ વિષે વકતવ્ય રજુ કરેલ તથા ધોરણ ૬ થી ૭ ના બાળકોની વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ.

આમ સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમોની સફળ ઉજવણી કરવામાં આવેલ હતી.

# પ્રેસ નોટ

........................

## માહે એપ્રીલ ૨૦૧૮ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પીટલમાં માહે એપ્રીલ **૨૦૧૮** દરમ્યાન **૪૮૮૭** ઈન્ડોર તથા **૫૨૮૮૨** આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. **૩૨૨૭** નાના તથા **૭૦૪** મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. **૧૩૫૪૨** એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા **૧૭૮૦** અને જુના **૧૩૬૬** દર્દીઓ સહીત કુલ **૩૧૧૬** દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ **૧૪૧૨** દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ **૧૧૧૬** તથા આંખ વિભાગમાં **૨૮૮૫** આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ ૧૭૫૪૨ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

# **<u>પ્રેસનોટ</u>**

**<u>સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા ઓપરેશન હેલ્થ કેરની કામગીરીના સંદર્ભે આદરેલી ઝુંબેશની અખબારી યાદીઃ–</u>**

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન સંલગ્ન આરોગ્ય વિભાગ દ્વારા તા.૦૫/૦૫/૧૮ના રોજ ઉમા ભવન, અલથાણ શાકભાજી માર્કેટ, જમનાનગર, સ્વામી વિવેકાનંદ ગાર્ડનની આજુ–બાજુ, ઘોડ દોડ રોડ અને તા.૦૬/૦૫/૧૭ના રોજ ગૌરવ પંથ તેમજ આજુ–બાજુનો વિસ્તાર, સીટીલાઈટ રોડ, ડુમસ ચોપાટી ખાતે ઓપરેશન હેલ્થ કેરની કામગીરી અંતર્ગત ૨૧૩ સંસ્થા ચેક કરવામાં આવેલ, કુલ રૂ.૪૭,૯૦૦/– વહીવટી વસૂલાત વસુલ કરવામાં આવેલ છે. ૨૨ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થનો નાશ કરી ૫.૫ કિ.ગ્રા. પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ છે. તેમજ લોક જાગૃતિ માટે આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવેલ છે.

**<u>સુજલમ સુફલામ જળ સંચય અભિયાન</u>**

# <u>પ્રેસનોટ</u>

ગુજરાત સરકારશ્રીના સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત તા.૦૭/૦૫/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા ના રાંદેર ઝોન ,વરાછા ઝોન દ્વારા નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ

(૧) પૂર્વ (વરાછા) ઝોન માં તાપી નદી વાલક વિસ્તારના તટ પર તા. ૦૭.૦૫.૨૦૧૮ના રોજ ૧– જે.સી.બી., ૪– ટ્રેકટર, તથા ૮– માણસો ધ્વારા ટ્રેન્ચ વર્ક કરી ૩૦૦ ઘન.મી. લીલ કાઢવામાં આવેલ.

(૨) રાંદેર ઝોન દ્વારા પાલ ગામ મસ્જીદથી સુરત હજીરા રોડથી તાપી નદી કિનારે સાફ–સફાઈ અભિયાન કરવામાં આવેલ જેમા ટ્રકટર,ટેલર ધ્વારા સાત ફેરા કરી ૯.૦૦ ઘન મીટર કચરો/માટી કાઢવામાં આવેલ, મઝદા ટ્રમ્પો ધ્વારા ૧૫ ફેરા કરી ૨૬.૦૦ ઘન મીટર કચરો/માટી કાઢવામાં આવેલ આમ કુલે ૩૫.૦૦ ઘન મીટર કચરો/માટી કાઢવામાં આવેલ આ કામગીરીમાં ૩ જેસીબી,૧ પોકલેઈન મશીનનો ઉપયોગ કરવામાં આવેલ. અભિયાનમાં ૩ મ્યુ.સદસ્યશ્રી,૧૦ શહેરીજનો તથા સુરત મહાનગરપાલિકાના ૧૩૪ કામદારો ધ્વારા સફાઈ અભિયાન પૂર્ણ કરવામાં આવેલ

(૩) નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત સ્કુલમાં વિદ્યાર્થી તથા વાલીઓની મિટીંગ કરી જળ બચાવવા સંદર્ભમાં સમજ આપવામાં આવેલ









# પ્રેસ નોટ
# નોર્થ ઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) આજરોજ (તા.૦૮/૦૫/૨૦૧૮) મા. કમિશ્નરશ્રીની એડી.સીટી ઈજનેરશ્રીને મળેલ સુચના અન્વયે તાત્કાલિક અસરથી એડી.સીટી ઈજનેરશ્રી ડી.એમ.પટેલ તથા કાર્યપાલક ઈજનેરશ્રી આર.વી.ગામીતના સીધા માર્ગદર્શન હેઠળ શહેરના વિવિધ વિસ્તારોમાં પાર્કિંગ માટે વિવિધ જગ્યાઓ ખુલ્લી કરવાના ભાગ રૂપે નોર્થ ઝોન (કતારગામ)ના શહેર વિકાસ ખાતાનાં તમામ આસી. / જુની ઈજનેરો, સીકયુરીટી સ્ટાફ તેમજ કતારગામ પોલીસ સ્ટાફ ની મદદથી જેસીબી મશીન સહિત નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં. ૬૬(કોસાડ–વરીયાવ), ફા.પ્લોટ નં. ૩૦૫/બી થી ફા.પ્લોટ નં. ૧૮૯ સુધી એટલે કે કોસાડ ગામને જોડતાં ૩૬.૦૦ મી.નાં ટી.પી. રસ્તા પૈકી ૧૮.૦૦ મી.ની પહોળાઈમાં તથા ૫૦૦ મીટર લંબાઈમાં આશરે ૯૦૦૦ ચો.મી. એટલે કે આશરે ૯૬૮૪૦ ચો.ફુટ નો ટી.પી. રસ્તાનો પ્રત્યક્ષ કબ્જો લઈ ટ્રાફિક તથા વાહન વ્યવહાર માટે ખુલ્લો કરવામાં આવેલ છે. જેથી કોસાડ ગામ માંથી ગોથાણમાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી તરફ જતો ટ્રાફિકનું ભારણ ઘટતાં ગામની વર્ષો જુની ટ્રાફિક જામની સમસ્યાનો કાયમી ધોરણે નિકાલ થયેલ છે.

<u>**સુજલમ સુફલામ જળ સંચય અભિયાન**</u>

# <u>પ્રેસનોટ</u>

ગુજરાત સરકારશ્રીના સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત તા.૦૯/૦૫/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા ના રાંદર ઝોન , અઠવા ઝોન અને કતારગામ ઝોન દ્વારા નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ.

(૧) **નોર્થઝોન (કતારગામ)** વિસ્તારમાં સ્થિત કોસાડ લેક ગાર્ડનમાં આવેલ તળાવનાં શુધ્ધિકરણનો કાર્યક્રમ આયોજીત કરવામાં આવેલ.સમગ્ર તળાવની ચારે બાજુએ ઉગેલા ઝાડી–ઝાંખરા , અન્ય વનસ્પતિજન્ય કચરો તેમજ તળાવમાં ઉત્પન્ન થયેલ આલગી(લીલ) ની સંપૂર્ણ સફાઈ કરી આ તમામ કચરો વાહનો ધ્વારા ડિસ્પોઝલ પ્લાન્ટમાં મોકલી નિકાલ કરવામાં આવેલ હતો. વધુમાં આ કાર્યક્રમમાં આ તળાવમાં વરસાદનું પાણી , સ્ટ્રોર્મ / ડ્રેનેજ લાઈન તેમજ તેના ઈન્લેટ ચેમ્બરોની પણ સફાઈ કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં અંદાજે ૩૫૯ જેટલા વિભિન્ન કેટેગરીનાં લોકોએ ભાગ લીધો હતો તેમજ આ કામમાં ૦૨ ફાયર બોટ, ૮ ટ્રેકટર, ૦૧ સુઅર જેટીંગ મશીન, ૦૧ ગલ્પર મશીન, ૦૧ ડિસીલ્ટીંગ ટેમ્પો તેમજ જરૂરી સાધનો નો ઉપયોગ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં છાપરાભાઠા ગામ, કોસાડ ગામ, અમરોલી ગામ વગેરે વિસ્તારનાં કાર્યકરો તેમજ નગર સેવકો સુરત મહાનગરપાલિકાનાં નોર્થઝોન કચેરીનાં ઝોનલ ચીફશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રી, આરોગ્ય અધિકારીશ્રી, ગાર્ડન વિભાગ, ફાયરવિભાગ તેમના સમગ્ર સ્ટાફ તેમજ સાધનો સહિત વહેલી સવારથી આ કાર્યક્રમમાં ઉત્સાહ ભેર જોડાયા હતા.

(૨) સચીન મગદલ્લા હાઈવેથી જમણી બાજુએ આવેલ ખાડીના સફાઈ કાર્યક્રમમાં ખજોદ ખાડીના કિનારા પર આવેલ ઝાડી ઝાંખરા તેમજ ખાડીની અંદરનો કાદવ–કીચડ વિગેરે બહાર કાઢ ી સફાઈ કરવામાં આવેલ હતી. આ સ્થળે કામગીરીમાં કુલ ૧૦૧ જેટલા સુરત મહાનગરપાલિકાના સફાઈ કામદારો, ૪૦ જેટલા કોન્ટ્રકટરના કામદારો, તેમજ સરસાણા ગામ,

ખજોદ ગામ અને ભીમરાડ ગામના સ્થાનિક યુવકો તેમજ નાગરીકો હાજર રહયાં હતા. જે કામગીરીમાં ટ્રેકટર નંગ–૫, પોકલેન નંગ–૨, ટેમ્પો નંગ–૨ જેવા સાધનો ઉપયોગમાં લેવામાં આવેલ અને સ્થળ ઉપરથી અંદાજે ૧૦૨ ઘ.મી. જેટલા ઝાડી–ઝાંખરા અને કાદવ–કીચડ બહાર કાઢવામાં આવેલ. આ કાર્યક્રમમાં કોર્પોરેટરશ્રી અનિલભાઈ ગોપલાણી, શ્રી હિતેશભાઈ ગામીત, શ્રીમતિ સુચિત્રાબેન પટેલ, શ્રી મુકેશભાઈ પટેલ, અઠવા ઝોનના ઝોનલ ચીફશ્રી એ.જી. ખાટીવાલા, કાર્યપાલક ઈજનેરશ્રી સી.બી. વસાવા અને આરોગ્ય વિભાગ તેમજ ટેકનીકલ વિભાગના આસી.જંતુનાશક અધિકારીશ્રી, આસી.ઈજનેરશ્રી/જુની. ઈજનેરશ્રી, ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રીઓ તેમજ અન્ય કર્મચારીશ્રીઓ તેમજ કામદારો ધ્વારા આ અભિયાન હાથ ધરવામાં આવેલ.

(૩) મોરસાણા તળાવ, કંટારા ગામ, રાંદેર ઝોન ખાતે દિવસ દરમ્યાન સાફ સફાઈ/ડીસીલ્ટીંગની કામગીરીમાં ટ્રેકટર /ટ્રેઈલરના ૩૦ ફેરા ધ્વારા ૭૫.૦૦ ઘ.મી. કચરો /માટી કાઢવામાં આવેલ. ટ્રકના ૨૫ ફેરા ધ્વારા ૨૦૩.૦૦ ઘ.મી. કચરો /માટી કાઢવામાં આવેલ. મઝદા/ટેમ્પોના ૨૪ ફેરા ધ્વારા ૭૨.૦૦ ઘ.મી. આમ કુલ ૭૯ ફેરાની અંદર ૩૫૦.૦૦ ઘ.મી. કચરો/માટી સાફ સફાઈ કરવામાં આવેલ હતી. આ કામગીરીમાં સુરત મહાનગરપાલિકાના ૨૮ કર્મચારીઓ તથા ૫૪ સહયોગી નાગરીકો તેમજ ૦૨ મ્યુ.કોર્પોરેટરો સફાઈ અભિયાનમાં સામેલ થયા હતા.

# પ્રેસનોટ

## " સુજલામ સુફલામ જળ અભિયાન ૨૦૧૮ "

**સુજલામ સુફલામ જળ અભિયાન – ૨૦૧૮ અંતર્ગત** તા. ૦૧.૦૫.૨૦૧૮ **થી તા. ૦૮/૦૫/૨૦૧૮ના** સુધી થયેલ કામગીરીઓ :–

3. તાપી નદીની સાફ–સફાઈની કામગીરી અંતગર્ત જુદા જુદા વોટર વર્કસ ખાતે સાફ સફાઈની કામગીરી હાથ ધરવામાં આવેલ જેમાં મશીનરીઓ/સાધનો જેવા કે, પોકલેન મશીન ,જેસીબી મશીન , ટ્રેકટર તેમજ ટ્રક તેમજ ડીવીડર મશીનનો ઉપયોગ કરવામાં આવેલ હતો. તા. ૦૧.૦૫.૨૦૧૮ થી આજદિન સુધીમાં સદર તાપી શુદ્ધિકરણ અભિયાન અંતર્ગર્ત ૫૧૯૦ ઘન મી જળકુંભી / પાણી જન્ય વનસ્પતિ /કચરાનો નિકાલ કરવામાં આવેલ.

4. શહેરના વિવિધ ખાડીઓની સાફ – સફાઈ અભિયાન અંતગર્ત લિંબાયત, અઠવા, રાંદેર, વરાછા તેમજ ઉધના ઝોન ખાતે આવેલ જુદી જુદી ખાડી સાફ–સફાઈ અભિયાન હાથ ધરવામાં આવેલ. ઉકત ખાડીમાંથી પાણી જન્ય વનસ્પતિ, કચરો વિગેરે દુર કરવામાં આવેલ. ઉકત ખાડીની સાફ–સફાઈની કામગીરીમાં મશીનરીઓ/સાધનો જેવા કે, પોકલેન મશીન, જેસીબી મશીન , ટ્રેકટર , ટ્રક / ડમ્પર, થ્રી વિલ ટેમ્પા વિગેરેનો ઉપયોગ કરવામાં આવેલ હતો. તા. ૦૧.૦૫.૨૦૧૮ થી આજદિન સુધીમાં જુદી જુદી ૮ સ્થળો ખાતે ખાડી સફાઈ કામગીરી પેટે કુલ ૬૩૬૦ રનિંગ મીટર ખાડી સફાઈ કરવામાં આવેલ.

5. શહેરના વિવિધ તળાવોની સાફ – સફાઈ અભિયાન અંતગર્ત રાંદેર, સેન્ટ્રલ, કતારગામ, અઠવા, ઉધના તેમજ વરાછા ઝોન ખાતે આવેલ જુદા જુદા તળાવ સાફ–સફાઈ અભિયાન હાથ ધરવામાં આવેલ. ઉકત તળાવ માંથી પાણી જન્ય વનસ્પતિ, કચરો વિગેરે દુર કરવામાં આવેલ તેમજ તળાવના ઈનલેટ અને આઉટલેટ નાળાઓની સાફ–સફાઈ કરેલ. વધુમાં તળાવની ફરતેની પાળને સુવ્યવસ્થિત કરી તેના ઉપરથી વનસ્પતિ/કચરો દુર કરવામાં આવેલ. ઉકત તળાવ સાફ–સફાઈની કામગીરીમાં મશીનરીઓ/સાધનો જેવા કે, જેસીબી મશીન, ટ્રેકટર, ટ્રક / ડમ્પર નો ઉપયોગ કરવામાં આવેલ હતો. તા. ૦૧.૦૫.૨૦૧૮ થી આજદિન સુધીમાં જુદા જુદા ૮ તળાવો પૈકી ૭ તળાવો ખાતે સફાઈની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે જેના થકી કુલ્લે ૨૬૦૨ ઘન મી માટી / કચરો / પાણીજન્ય વનસ્પતિ દૂર કરવામાં આવેલ.

આ ઉપરાંત અન્ય કામગીરીઓમાં,

XIII. વિવિધ ઝોનમાં પાણીનો બગાડ કરનારાઓ/ગેરેજ/સર્વિસ સ્ટેશનોનેતા. ૦૧.૦૫.૨૦૧૮ થી આજદિન સુધીમાં કુલ્લે ૨૯૧ નોટીસ આપવામાં આવેલ છે તેમજ ૧૧ જેટલા ગેર કાયદેસર કનેકશન દૂર કરવામાં આવેલ.

XIV. સુરત શહેરમાં જુદા જુદા સ્થળે કુલ તા. ૦૧.૦૫.૨૦૧૮ થી આજદિન સુધીમાં કુલ ૨૦૦ લીકેજીસ દુરસ્તી તથા ૩૭ વાલ્વ સર્વિસ / રીપેરીંગની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ.

**XV.** સુરત શહેર વિસ્તારમાં આવેલ સુરત મહાનગર પાલિકા હસ્તકના ૩૪૮ રીચાર્જ બોરવેલ પૈકી ૪૦ રીચાર્જ બોરવેલની સાફ સફાઈ કરવામાં આવેલ છે તેમજ ખાનગી સોસાયટીઓ / પ્રીમાઇસીસમાં આવેલ જુદા જુદા ૧૧૨

રીચાર્જ બોરવેલની સાફ સફાઈ કરવામાં આવેલ.આમ, આજ દિન સુધીમાં સુરત મહાનગર પાલિકા હસ્તકના ૪૦ જ્યારે ખાનગી ૧૧૨ રીચાર્જ બોરવેલ મળી કુલ્લે ૧૫૨ બોરવેલ રીચાર્જની સાફ સફાઈ કરવામાં આવેલ.

સદરહુ કામગીરીમાં શહેરના મેયરશ્રી, ડે. મેયરશ્રી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી, નેતાશ્રી શાસક પક્ષ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મા. સંસદ સભ્યશ્રીઓ , મા. ધારાસભ્યશ્રીઓ, મ્યુ. કોર્પોરેટરશ્રીઓ મહાનુભાવો, વિવિધ અગ્રણી સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ શહેરીજનો ઉલ્લાસભેર ભાગ લઈ સુજલામ સુફલામ જળ અભિયાનમાં જોડાયેલ.

ઉપરોક્ત તમામ કામગીરીઓ અવિરતપણે પૂરા જોશથી તા. ૩૧.૦૫.૨૦૧૮ સુધી ચાલુ રહેશે.

# :: પ્રેસનોટ ::

## ''સુરત મહાનગરપાલિકા આયોજીત ચિત્રકામ સ્પર્ધા''

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૦/૦૫/૨૦૧૮ના રોજ કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય ખાતે આયોજીત ચિત્રકામ સ્પર્ધા.

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૦/૦૫/૨૦૧૮ને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ૩ થી ૧૮ વર્ષ વયના કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય તથા સાક્ષર ડો.વિષ્ણુપ્રસાદ ત્રિવેદી લાયબ્રેરીના સભ્યોની ચિત્રકામ સ્પર્ધાનું આયોજન કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય, અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધા ૩ થી ૮ વર્ષ વયગૃપ, ૯ થી ૧૧ વર્ષ વયગૃપ અને ૧૨ થી ૧૮ વર્ષ વયગૃપ એમ ત્રણ વિભાગમાં યોજાશે. સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ ઉપસ્થિતિમાં સમરકેમ્પ અંતર્ગત યોજાનાર આ ચિત્રકામ સ્પર્ધાના શુભારંભ અને ઈનામ વિતરણ સમારોહમાં ઉપસ્થિત રહી સ્પર્ધક બાળકોને પ્રોત્સાહિત કરવા સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે. વધુમાં સ્પર્ધામાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી.

# –:: પ્રેસનોટ ::–

તા.૯-૫-૨૦૧૮ના રોજ સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તથા સુરત શહેર પોલીસના સંયુકત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ ' મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની સંખ્યા કુલ | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦વારની ત્રિજયામાં આવેલ કાચા–પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટ વેચાણ કરતાં કાચા–પાકા પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂ.માં |
|---|---|---|---|---|---|
| **સેન્ટ્રલ** | ૫૧ | ૨૪ | ૨૩ | ૨૫ | ૫૦૦૦ |
| **વરાછા** | ૧૫૨ | ૨૨૪ | ૧૪૬ | ૧૪૬ | ૨૯૨૦૦ |
| **રાંદેર** | ૩૮ | ૨૭ | ૨૭ | ૨૭ | ૫૪૦૦ |
| **કતારગામ** | ૪૪ | ૨૦ | ૨૦ | ૨૦ | ૪૧૦૦ |
| **ઉધના** | ૧૭૨ | ૧૦ | ૭ | ૭ | ૧૪૦૦ |
| **લિંબાયત** | ૩૧ | ૪૪ | ૧૮ | ૧૮ | ૩૬૦૦ |
| **અઠવા** | ૭૬ | ૪૬ | ૨૨ | ૨૨ | ૪૪૦૦ |
| **કુલ** | **૫૬૪** | **૩૯૫** | **૨૬૩** | **૨૬૫** | **૫૩૧૦૦** |

## સુજલમ સુફલામ જળ સંચય અભિયાન

# પ્રેસનોટ

તા.૯/૫/૨૦૧૮ ના રોજ સવારે ૯.૦૦ કલાકે સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ગોડાદરા વિસ્તારમાં મહર્ષિ આસ્તિક ઋષિ લેક ગાર્ડનમાં આવેલ તળાવ સફાઈ નું આયોજન હાથ ધરવામાં આવેલ. જેમાં સુરત મહાનગરપાલિકાના માન.મેયરશ્રી, શાસકપક્ષના નેતાશ્રી, મે.મ્યુ. કમિશ્નરશ્રી, સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના ડે.કમિશ્નરશ્રી(ડે.), નાયબ આરોગ્ય અધિકારીશ્રી, ઝોનના ડે.ઈજનેરશ્રીઓ, ઝોન વિસ્તારના કોર્પોરેટરશ્રીઓ, ગોડાદરા વિસ્તારના સામાજીક કાર્યકર્તાઓશ્રી, સોસાયટીના પ્રમુખશ્રીઓ, ઝોનના આરોગ્ય વિભાગ તથા એન્જી.વિભાગ નાં કર્મચારી/કામદારો હાજર રહેલ હતા. સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગતની તળાવ સફાઈની કામગીરી માટે ઝોનના આરોગ્ય તથા એન્જી.વિભાગના કામદારો હાજર રહી તળાવ સફાઈની કામગીરીમાં ભાગ લીધો હતો. આ કામગીરી અંતર્ગત મશીનરી જેવી કે જેસીબી મશીન –૩ , ટ્રક–૪, ટ્રેકટર–૩ તેમજ કુલ–૫૫ જેટલા સફાઈ કામદારો અને બેલદારો દ્વારા આ કામગીરી કરવામાં આવેલ હતી.

સાઉથ ઝોન (ઉધના)માં તા.૦૯/૦૫/૨૦૧૮ ના રોજ સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત (૧) જીવનજયોત(રેવાનગર) ખાડી પાસે ખાડી પુલ પર પોકલેન ઉભું રાખી ખાડીનો કચરો કાઢવામાં આવેલ છે. (૨) પાંડેસરા ગુ.હા.બોર્ડ, હરીઓમ સોસાયટી પાસેની ખાડી પાસે ખાડી પુલ પર અંદાજીત ૧૫૦.૦૦ ર.મી. ખાડી સફાઈ કરવામાં આવેલ છે. (૩) પ્રમુખપાર્ક ભેદવાડ પાસેની ખાડી પુલ પર અંદાજીત ૫૦.૦૦ ર.મી. ખાડી સફાઈ કરવામાં આવેલ છે. (૪) ઉન ખાડી, રાહતનગર સોસાયટી પાછળ અંદાજીત ૯૫.૦૦ ર.મી. ખાડી સફાઈ કરવામાં આવેલ છે. આ કામગીરી અંતર્ગત મશીનરી જેવી કે જેસીબી–૨, ટ્રક–૨, ટ્રેકટર–૬ તેમજ સફાઈ કામદારો અને બેલદારો દ્વારા આ કામગીરી કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમ ને સ્થાનીક રહીશો / એન.જી.ઓ. નો ખુબ સારો પ્રતિસાદ પ્રાપ્ત થયેલ હતો.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૬૦
તા.૦૯/૦૫/૨૦૧૮








**–:: પ્રે સ નો ટ ::–**

સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન (કતારગામ) વિસ્તારના વોર્ડ નં. ૧૯/ઈ નાની બહુચરાજી ના કાર્ય ક્ષેત્ર હેઠળ આવતા વેડ રોડ પંડોળ ઈન્ડ. વિસ્તારમાં આજ રોજ તા.૧૦/૦૫/૨૦૧૮ ના રોજ કેરી નો રસ બનાવતા અને વહેચાણ કરતી સંસ્થાઓ સામે નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ વોર્ડ ના મુખ્ય આરોગ્ય નિરીક્ષક તથા આરોગ્ય નિરીક્ષક અને મદદનીશ આરોગ્ય નિરીક્ષકો ધ્વારા સૅનીટેશન/ આરોગ્ય લક્ષી ચકાસણી ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

ઉપરોકત વિસ્તારમાં ચકાસણી ઝુંબેશ દરમ્યાન (૧) શ્રી ગોકુલ રસ ના માલિક શ્રી રમેશભાઈ ભીખુભાઈ રણપરીયા (૨) ગોકુળ રસ (મોરડીયા) ના માલિક શ્રી ભરતભાઈ કેશવભાઈ ગોળકીયા (૩) ઓમ ગોકુળ રસ ના માલિક શ્રી ચીરાગભાઈ લક્ષ્મણભાઈ પટેલ એમ કુલ્લે –૩ (ત્રણ) સંસ્થાઓમાં સેનીટેશન / આરોગ્ય લક્ષી ખામીઓ માલુમ પડેલ, જેવી કે સંસ્થા માં કામ કરતા કર્મચારી / કામદારો ને કામગીરી કરતી વખતે હાથ મોજા / માસ્ક / કેપ તેમજ એપ્રેન પહેરેલ ન હતા કર્મચારી ઓની પર્સનલ હાઈર્જીંગ પણ સંતાષ કારક માલુમ પડેલ ન હતી તથા સંસ્થાની અંદર સફાઈ બાબતે પણ ઉણપ જણાયેલ હતી આ તમામ ક્ષતીઓ બદલ ઉપરોકત ત્રણેય સંસ્થાઓ પાસેથી શિક્ષાત્મક કાર્યવાહી ના ભાગ રૂપે પ્રતિ સંસ્થા દીઠ રૂા.૧૦,૦૦૦/– લેખે એમ કુલ રૂા.૩૦,૦૦૦ (ત્રીસ હજાર) રૂપિયા નો વહિવટી પરચુરાણ ચાર્જ વસુલાત કરવામાં આવેલ છે.

# સુજલામ સુફલામ જળ સંચય અભિયાન

# પ્રેસનોટ

# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

ગુજરાત સરકારશ્રીના સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત તા.૧૦/૦૫/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા ના રાંદર ઝોન અને અઠવા ઝોન દ્વારા નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં,

(૧) સિધ્ધરાજ જયસિંહ લેક ગાર્ડન ખાતે આવેલ તળાવની સફાઈ કાર્યક્રમમાં મેયરશ્રીમતિ અસ્મિતાબેન શીરોયા, ધારાસભ્ય શ્રીમતિ સંગીતાબેન પાટીલ, શાસક પક્ષના નેતાશ્રી ગિરજાશંકર મિશ્રા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, શ્રી મદનસિંહ અટોદરીયા કોર્પોરેટરશ્રી અનિલભાઈ ગોપલાણી, શ્રી હિતેશભાઈ ગામીત, શ્રીમતિ કલ્પનાબેન અટોદરીયા, શ્રી મુકેશભાઈ પટેલ, શ્રીમતિ કિશોરીબેન કાપડીયા, તેમજ સુરત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રી એમ. થેન્નારસન, અઠવા ઝોનના ઝોનલ ચીફશ્રી એ.જી. ખાટીવાલા, કાર્યપાલક ઈજનેરશ્રી સી.બી. વસાવા, કાર્યપાલક ઈજનેરશ્રી (ગાર્ડન) રાજેશભાઈ જરીવાલા, ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટશ્રી ડૉ. એસ. જે. ગૌતમ, અને આરોગ્ય વિભાગ તેમજ ટેકનીકલ વિભાગના અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીશ્રીઓ તેમજ એન.જી.ઓ. (૧) અવંતિસ ગૃપ (૨) આકાશ ગૃપ (૩) હેપ્પી હોમ ગૃપ (૪) સંગીની ગૃપ (૫) રઘુવીર ગૃપ (૬) સ્થાનિક અલથાણ ગામ યુવક સંઘના સુપરવાઈઝર તેમજ કામદારો ધ્વારા આ અભિયાન હાથ ધરવામાં આવેલ. આ અભિયાનમાં તળાવની અંદર તેમજ કિનારા પર આવેલ ઝાડી ઝાંખરા, પ્લાસ્ટીક વેસ્ટ તેમજ તળાવની અંદરના વરસાદી ઈન્લેટની સફાઈ કરવામાં આવેલ હતી. આ સ્થળે કામગીરીમાં કુલ ૯૪ જેટલા સુરત મહાનગરપાલિકાના સફાઈ કામદારો, ૩૫ જેટલા કોન્ટ્રકટરના કામદારો, ૩૦ ગાર્ડના વિભાગના કામદારો, એન.જી.ઓ.ના ૧૫૪ જેટલા કામદારો તેમજ સ્થાનિક નાગરીકો હાજર રહયાં હતા. જે કામગીરીમાં ટ્રેકટર નંગ–૫, ટેમ્પો નંગ–૨ જેવા સાધનો ઉપયોગમાં લેવામાં આવેલ અને સ્થળ ઉપરથી અંદાજે ૮૧ ઘ.મી. જેટલા ઝાડી–ઝાંખરા અને લીલ બહાર કાઢવામાં આવેલ.

(૨) રાંદેર ઝોન દ્વારા પાલનપુર કેનાલ થી પાલનપુર ગામ, હળપતિવાસ થી તેના ખાડી ખાતે સાફ–સફાઈ અભિયાન કરવામાં આવેલ જેમા ટ્રકટર,ટેલર ધ્વારા ૪ ફેરા કરી ૬.૦૦ ઘન મીટર કચરો/માટી કાઢવામાં આવેલ, ટ્રક ધ્વારા ૬ ફેરા કરી ૧૨.૦૦ ઘન મીટર કચરો/માટી કાઢવામાં આવેલ મઝદા ટ્રમ્પો ધ્વારા ૫ ફેરા કરી ૮.૦૦ ઘન મીટર કચરો/માટી કાઢવામાં આવેલ આમ કુલે ૧૫ ફેરા કરી ૨૬.૦૦ ઘન મીટર કચરો/માટી કાઢવામાં આવેલ આ કામગીરીમાં ૩ જેસીબી,૧ પોકલેઈન મશીનનો ઉપયોગ કરવામાં આવેલ. અભિયાનમાં ૩ મ્યુ.સદસ્યશ્રી,૧૨ શહેરીજનો તથા સુરત મહાનગરપાલિકાના ૩૫ કામદારો ધ્વારા સફાઈ અભિયાન પૂર્ણ કરવામાં આવેલ.





# :: પ્રેસનોટ ::

## ''સુરત મહાનગરપાલિકા આયોજીત ચિત્રકામ સ્પર્ધા''

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૦/૦૫/૨૦૧૮ના રોજ કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય ખાતે આયોજીત ચિત્રકામ સ્પર્ધા.**

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૦/૦૫/૨૦૧૮ને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ૩ થી ૧૮ વર્ષ વયના કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય તથા સાક્ષર ડો.વિષ્ણુપ્રસાદ ત્રિવેદી લાયબ્રેરીના સભ્યોની ચિત્રકામ સ્પર્ધાનું આયોજન કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય, અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. ૩ થી ૮ વર્ષ વયગૃપ, ૯ થી ૧૧ વર્ષ વયગૃપ અને ૧૨ થી ૧૮ વર્ષ વયગૃપ એમ ત્રણ વિભાગમાં યોજાયેલ આ સ્પર્ધાનો શુભારંભ માન.મેયરશ્રી અસ્મિતાબેન પી. શિરોયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ તથા અન્ય મહાનુભાવોના વરદ્ હસ્તે દિપ પ્રાગ્ટયથી કરવામાં આવ્યો હતો. બાળકોમાં રહેલી સુષુપ્ત શકિતને બહાર લાવવા અને સાંસ્કૃતિક વારસાના જતન અને સંવર્ધન માટે સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાતી વિવિધ સ્પર્ધાઓમાં નગરજનોને ભાગ લેવા હિમાયત કરતાં માન.મેયરશ્રી અસ્મિતાબેન શિરોયાએ જણાવ્યું હતું કે, વિવિધ સ્પર્ધાઓમાં બાળકોના ભાગ લેવાથી બાળમાનસ ઘડાય છે, તેમનામાં સર્જનાત્મક વૃત્તિનો વિકાસ થાય છે. આ ચિત્રકામ હરિફાઈમાં નાના નાના બાળકોને મોટી સંખ્યામાં ભાગ લેવા બદલ બાળકો અને વાલીઓને અભિનંદન સાથે શુભેચ્છા પાઠવી હતી. આ સ્પર્ધામાં ૩ થી ૮ વર્ષના વયગૃપના ભૂલકાંઓએ પાણી બચાવો, દેશ બચાવો, બેટી બચાવો, બેટી પઢાઓ અને તાપી તટે સુરત વિષય ઉપર, ૯ થી ૧૧ વર્ષના બાળકોએ સ્વચ્છતા મિશન અને મારા સ્વપ્નનું સુરત તથા ૧૨ થી ૧૮ વર્ષ વયગૃપમાં સુરતની ઐતિહાસિક ઈમારતો, પુસ્તકાલયની મુલાકાતે અને મેક ઈન ઈન્ડીયા વિષય પર ૮૦ જેટલા બાળકોએ પોતાની આગવી સુઝથી સુંદર ચિત્રોનું સર્જન કર્યુ હતું. ચિત્રકામ સ્પર્ધાના ત્રણેય ગૃપમાં નીચે મુજબના સ્પર્ધકો વિજેતા જાહેર થયા હતા.

| વિભાગ / વિજેતા | ૩ થી ૮ વર્ષ વયગૃપ | ૯ થી ૧૧ વર્ષ વયગૃપ | ૧૨ થી ૧૮ વર્ષ વયગૃપ |
|---|---|---|---|
| **પ્રથમ** | દેવાંશ નિમેશ પલસાણાવાલા | સીયા દિપક સિંઘાનીયા | ક્રિશા સંજયભાઈ પટેલ |
| **દ્વિતીય** | વીરા રોહન મુનીમ | રૂદ્ર ભાવેશ દવે | ક્ષમા પારસભાઈ શાહ |
| **તૃતીય** | સ્તુતિ રાજન જાની | માધવ સિધ્ધાર્થ જૈન | ઊર્જા કેતન પટેલ |
| **આશ્વાસન** | આર્ના અગ્રવાલ | રૂદ્રાક્ષ અનિરૂધ્ધ મોઢ | દ્રષ્ટિ ભાવેશ દવે |
| | શ્રેયાન સોમિક રોહતગી | વેદ પી. પટેલ | દિશા નરેન્દ્ર પટેલ |
| | દિત્યા રોનક ઓઝા | રૂદ્રાક્ષી પ્રશાંત વાસા | વૃષ્ટિ સંજય ભાટિયા |
| | પરમ રાકેશ પટેલ | શ્રાવ્યા અગ્રવાલ | |

આ ચિત્રકામ સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ અને નિર્ણાયકશ્રી ચેતનાબેન પટેલ તથા અપેક્ષાબેન પટેલના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કર્યા હતા. આ સ્પર્ધામાં વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, વાલીઓ, નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.


સુરત મહાનગરપાલિકા
આયોજીત
''ચિત્રકામ સ્પર્ધા''





# પ્રેસ નોટ
# નોર્થ ઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં જુદી–જુદી ટી.પી.સ્કીમોના ટી.પી. રસ્તાઓની પ્રત્યક્ષ કબ્જા લેવાની ઝુંબેશના ભાગરૂપે તાત્કાલિક અસરથી એડી.સીટી ઈજનેરશ્રી ડી.એમ.પટેલ તથા કાર્યપાલક ઈજનેરશ્રી આર.વી.ગામીતના સીધા માર્ગદર્શન હેઠળ અત્રેનાં નોર્થ ઝોન (કતારગામ)ના શહેર વિકાસ ખાતાનાં તમામ આસી. / જુની ઈજનેરો, સીકયુરીટી સ્ટાફ તેમજ કતારગામ પોલીસ સ્ટાફ ની મદદથી ૧૦ (દસ) જેટલા જેસીબી મશીન સહિત જે કામગીરી કરવામાં આવેલ હતી તેની વિગત આ મુજબ છે. (૧) તા.૦૯/૦૫/૨૦૧૮ના રોજ ટી.પી.સ્કીમ નં. ૬૬(કોસાડ–વરીયાવ), ફા.પ્લોટ નં. ૧૮૯ થી ફા.પ્લોટ નં. ૨૭૭ સુધી એટલે કે ''દ્વારકાધીશ સોસાયટીથી હળપતિવાસ''ને જોડતો આશરે ૪૭૪ મી. લંબાઈનો ૨૪.૦૦ મી. પહોળાઈનો આશરે ૧૧૩૭૬.૦૦ ચો.મી. એટલે કે ૧,૨૨,૪૦૫ ચો.ફુટ ક્ષેત્રફળ ના ટી.પી. રસ્તાનો તથા (૨) આજરોજ (તા.૧૦/૦૫/૨૦૧૭) ટી.પી.સ્કીમ નં. ૬૬(કોસાડ–વરીયાવ), ફા.પ્લોટ નં. ૧૮૫ થી ફા.પ્લોટ નં. ૧૦૪/એ સુધી એટલે કે ''ગાર્ડનીયા હાઈટથી બળીયાદેવનું મંદિર''ને જોડતાં સુધી આશરે ૬૭૪ મી. લંબાઈનો ૨૪.૦૦ મી. પહોળાઈનો આશરે ૧૮૩૩૬.૦૦ ચો.મી. એટલે કે ૧,૯૭,૨૯૫ ચો.ફુટ ના ટી.પી. રસ્તાના પ્રત્યક્ષ કબ્જા લઈ સદર બંને રસ્તા જાહેર જનતા તેમજ ટ્રાફિકની અવર–જવર માટે ખુલ્લા કરવામાં આવેલ છે. વધુમાં સદર બંને રસ્તા લીન્ક રોડ હોય તેનો પ્રત્યક્ષ કબ્જો લઈ ખુલ્લો થતાં ટ્રાફિક તથા વાહન વ્યવહારની અવર–જવર માં ખુબ જ સરળતા તેમજ સુગમતા ઉભી થયેલ છે.

## <u>સુજલામ સુફલામ જળ સંચય અભિયાન</u>

# <u>પ્રેસનોટ</u>

ગુજરાત સરકારશ્રીના સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત તા.૧૦/૦૫/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકાના સરથાણા ઈન્ટેક વેલ ખાતે નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં,

આ સફાઈ કાર્યક્રમમાં માન. કાર્યવાહક અધ્યક્ષ શ્રી આઈ.કે.જાડેજા, માન.મંત્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ,તબીબી શિક્ષણ,ગુજરાત રાજય શ્રી કિશોરભાઈ કાનાણી(કુમાર) ,માન.મેયર શ્રીમતિ અસ્મિતાબેન શિરોયા, માન.ડે.મેયર શ્રી શંકરભાઈ ચેવલી, માન. શાસક પક્ષના નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા, માન.ધારાસભ્ય શ્રી કાંતિભાઈ બલર, માન.ધારાસભ્ય શ્રી વિવેકભાઈ પટેલ, માન.ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈ ઘોઘારી તેમજ વિવિધ સમિતીના અધ્યક્ષશ્રીઓ અને કોર્પોરેટરો હાજર રહયા હતા.

જેમા ટ્રેકટર ૦૪,ડ્રાઈવર ૩,પોકલેન ૧,જે.સી.બી ૩,ડોઝીયર ૧ જેવા સાધનો ઉપયોગમાં લેવામાં આવેલ અને ૭૫૦ જેટલા સુરત મહાનગરપાલિકાના બેલદારો,૮૦ કર્મચારીઓ,કુલ ૫ એન.જી.ઓ.ના ૨૫૦૦ જેટલા કામદારો તેમજ સ્થાનિક નાગરીકો મળી સરથાણા ઈન્ટેક વેલ ખાતે તાપી નદી માથી જળકુંભી દુર કરવામાં આવેલ.







# પ્રેસ નોટ

સૂર્ય મંડળમાં સૂર્યથી પાંચમાં સ્થાને આવેલ ગુરૂ ગ્રહ સૂર્યમંડળનો સૌથી મોટો ગ્રહ છે. મે માસ માં પૃથ્વીથી ગુરૂ ગ્રહ અને સૂર્ય એકબીજાની એકદમ વિરૂધ્ધ દિશામાં આવશે, જેથી સૂર્યાસ્ત થતાની સાથેજ ગુરૂ ગ્રહને સમગ્ર રાત્રી દરમ્યાન આકાશમાં નિહાળી શકાશે. વળી આ સમય દરમ્યાન તે પૃથ્વીથી સરેરાશ અંતર કરતાં સૌથી વધુ નજીક હોવાથી વધુ તેજસ્વી જોઈ શકાશે. મે માસ દરમ્યાન ગુરૂ ગ્રહને સરસ રીતે નિહાળી શકાતો હોવાથી તા.૧૨ અને ૧૩/૦૫/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત, સીટીલાઈટ રોડ, સુરત ખાતે ટેલિસ્કોપ દ્વારા શહેરીજનોને રાત્રે ૮:૦૦ થી રાત્રે ૯:૩૦ કલાક સુધી બતાવવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે, જેનો જાહેર જનતાએ લાભ લેવા વિનંતી.

# પ્રેસ નોટ

## 'ઐતિહાસિક જુના તાળાઓનું પ્રદર્શન'

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે શહેરના નગરજનોને ઐતિહાસિક જુના તાળાઓ અંગેની જાણકારી મળે તે હેતુથી તા.૧૨–૦૫–૨૦૧૮ના રોજ મા. મેયરશ્રીના શુભ હસ્તે 'ઐતિહાસિક જુના તાળાઓના પ્રદર્શન'નું ઉદ્દઘાટન સવારે ૧૧ઃ૩૦ કલાકે થનાર છે. સદર પ્રદર્શનનું આયોજન તા.૧૨–૦૫–૨૦૧૮ થી તા.૨૯–૦૫–૨૦૧૮ દરમ્યાન સુરત સુધરાઈ સ્થાપનાદિન ની ઉજવણી નિમિત્તે 'ઐતિહાસિક જુના તાળાઓના પ્રદર્શન'નું આયોજન કરવામાં આવનાર છે. જેમાં શ્રી ધરમાભાઈ પટેલ, કપડવજ તાલુકાના હમીરપુરા ગામના સંગ્રહમાંથી ૭૦૧ જુદા જુદા પ્રકારના આકાર, કદ, વજન ધરાવતા ઐતિહાસિક જુના તાળાઓ પ્રદર્શિત કરવામાં આવનાર છે.

# પ્રેસ નોટ
## નોર્થ ઝોન (કતારગામ)
## સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં જુદી–જુદી ટી.પી.સ્કીમોના ટી.પી. રસ્તાઓની પ્રત્યક્ષ કબ્જા લેવાની ઝુંબેશના ભાગરૂપે તાત્કાલિક અસરથી એડી.સીટી ઈજનેરશ્રી ડી.એમ.પટેલ તથા કાર્યપાલક ઈજનેરશ્રી આર.વી.ગામીતના સીધા માર્ગદર્શન હેઠળ અત્રેનાં નોર્થ ઝોન (કતારગામ)ના શહેર વિકાસ ખાતાનાં તમામ આસી. / જુની ઈજનેરો, સીક્યુરીટી સ્ટાફ તેમજ કતારગામ પોલીસ સ્ટાફ ની મદદથી ૧૦ (દસ) જેટલા જેસીબી મશીન સહિત આજરોજ (તા.૧૧/૦૫/૨૦૧૮)જે કામગીરી કરવામાં આવેલ હતી તેની વિગત આ મુજબ છે. ટી.પી.સ્કીમ નં. ૬૬(કોસાડ–વરીયાવ). (૧) ફા.પ્લોટ નં. ૨૭૮ થી ફા.પ્લોટ નં. ૨૭૫ સુધી એટલે કે દ્વારકાધીશ સોસાયટી થી કોસાડ આવાસને જોડતો આશરે ૩૦૦.૦૦ મી. લંબાઈનો ૨૪.૦૦ મી. પહોળાઈનો આશરે ૭૨૦૦.૦૦ ચો.મી. એટલે કે ૭૭,૪૭૨ ચો.ફુટ ક્ષેત્રફળ નો ટી.પી. રસ્તાઓનાં તથા (૨) ફા.પ્લોટ નં. ૨૭૫ થી ફા.પ્લોટ નં. ૩૦૬ સુધી એટલે કે કોસાડ ઈ.ડબલ્યુ.એસ. આવાસથી કોસાડ મેઈન રોડને જોડતાં આશરે ૩૫૦.૦૦ મી. લંબાઈનો ૧૮.૦૦ મી. પહોળાઈનો આશરે ૬૩૭૦.૦૦ ચો.મી. એટલે કે ૬૮,૫૪૧ ચો.ફુટ મળી કુલ ૧૩,૫૭૦ ચો.મી. એટલે કે કુલ ૭૫,૭૪૧ ચો.ફુટના ટી.પી. રસ્તાના પ્રત્યક્ષ કબ્જા લઈ સદર બંને રસ્તા જાહેર જનતા તેમજ ટ્રાફિકની અવર–જવર માટે ખુલ્લા કરવામાં આવેલ છે. વધુમાં સદર બંને રસ્તા ખુલ્લા થતાં દ્વારકાધીશ સોસાયટીની અવર–જવરનો વર્ષો જુનો પ્રશ્ન હલ થયેલ છે તથા તેના કારણે ટ્રાફિક તથા વાહન વ્યવહારની અવર–જવર ખુબ જ સરળતા તેમજ થયેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.....68... =
તા. ૧૧ – ૫ –૨૦૧૮

# પ્રેસ નોટ

## નોર્થઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

## જાહેર સુચના

સુરત મહાનગરપાલિકા ધ્વારા આઉટર રીંગરોડમાં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ વિસ્તારનાં જમીન માલિકોને ટી.પી.સ્કીમ અન્વયે રીંગરોડમાં આવતી જગ્યાનાં કબ્જા સુ.મ.પા. ને સોંપવા બાબતે નોટીસ આપવામાં આવેલ છે. ટુંકમાં અર્બન રીંગ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. ધ્વારા ૯૦.૦૦મી. રીંગરોડ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવનાર છે. સુ.મ.પા.ની ડ્રાફટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૮૩(કોસાડ–વરીયાવ) માં સમાવિષ્ટ ૯૦.૦૦મી. નાં રીંગરોડ માં આવતી જગ્યાનાં જમીન માલિકો/ખેડૂતોને આથી જણાવવામાં આવે છે કે વરીયાવ–કોસાડ ગામો માંથી પસાર થતાં ૯૦.૦૦ મી. નાં આઉટર રીંગ રોડ હેઠળની જગ્યામાં કોઈપણ પાકનું વાવેતર કરવું નહી. અન્યથા તે જમીન માલિકોએ પોતાના ખર્ચે/જોખમે દુર કરવાનું રહેશે. તેની તકેદારી રાખવા સંબધિતોને આ નોટીસથી જણાવવામાં આવે છે.

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૦૪/૦૫/૨૦૧૮ થી તા.૧૦/૦૫/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૨૮૪૩ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૭૧ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૪૯ |
| ૪ | મેજર ઓપરેશન | ૧ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૧ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૦૫ |

## <u>સુજલમ સુફલામ જળ સંચય અભિયાન</u>

# <u>પ્રેસનોટ</u>

ગુજરાત સરકારશ્રીના સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત તા.૧૧/૦૫/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા ના રાંદર ઝોન દ્વારા નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ.

રાંદેર ઝોન દ્વારા પાલનપુર લેક ગાર્ડન ગામ ખાતે સાફ–સફાઈ અભિયાન કરવામાં આવેલ જેમાં ટ્રકટર,ટેલર ધ્વારા ૧૦ ફેરા કરી ૧૦.૦૦ ઘન મીટર કચરો/માટી કાઢવામાં આવેલ અને ટ્રક ધ્વારા ૧૦ ફેરા કરી ૨૦.૦૦ ઘન મીટર કચરો/માટી કાઢવામાં આવેલ આમ કુલે ૨૦ ફેરા કરી ૩૦.૦૦ ઘન મીટર કચરો/માટી કાઢવામાં આવેલ આ કામગીરીમાં ૩ જેસીબીનો ઉપયોગ કરવામાં આવેલ. અભિયાનમાં ૦૫ મ્યુ.સદસ્યશ્રી, ૪૮ શહેરીજનો તથા સુરત મહાનગરપાલિકાના ૩૦ સભ્યો અને ૨૫૫ બેલદારો ધ્વારા સફાઈ કરવામાં આવેલ.









# પ્રેસનોટ
# " સુજલામ સુફલામ જળ અભિયાન ૨૦૧૮ "

સુજલામ સુફલામ જળ અભિયાન – ૨૦૧૮ અંતર્ગત તા. ૧૦/૦૫/૨૦૧૮ના રોજ :–

1. સરથાણા વોટર વર્કસ, વાલક ફ્રેન્ચવેલ ખાતે તાપી નદીની સાફ–સફાઈની કામગીરી કરવામાં આવેલ જેમાં મશીનરીઓ/સાધનો જેવા કે પોકલેન મશીન, જેસીબી મશીન, ટ્રેકટર, ટ્રક તેમજ ડીવીડર મશીનો ઉપયોગ કરવામાં આવેલ હતો. તા. ૦૧/૦૫/૨૦૧૮ થી આજ દિન સુધીમાં સદર તાપી શુધ્ધીકરણ અભિયાન અંતર્ગત ૭૧૯૦ ઘ.મી. જળકુંભી/પાણી જન્ય વનસ્પતિ/ કચરાનો નિકાલ કરવામાં આવેલ.

2. શહેરના વિવિધ ખાડીઓની સાફ – સફાઈ અભિયાન પૈકી આજે રાંદેર, લિંબાયત, અઠવા, રાંદેર, વરાછા તેમજ ઉધના ઝોન ખાતે આવેલ જુદી જુદી ખાડીઓ સાફ–સફાઈ અભિયાન હાથ ધરવામાં આવેલ. ઉકત ખાડીમાંથી પાણી જન્ય વનસ્પતિ, કચરો વિગેરે દુર કરવામાં આવેલ. ઉકત ખાડીની સાફ–સફાઈની કામગીરીમાં મશીનરીઓ/સાધનો જેવા કે, પોકલેન મશીન, જેસીબી મશીન, ટ્રેકટર, ટ્રક / ડમ્પર, થ્રી વિલ ટેમ્પા વિગેરેનો ઉપયોગ કરવામાં આવેલ હતો. તા. ૦૧/૦૫/૨૦૧૮ થી આજ દિન સુધીમાં જુદા જુદા ૦૮ સ્થળો ખાતે ખાડી સફાઈ કામગીરી પેટે કુલ ૯૪૯૫ રનીંગ મીટર ખાડી સાફ કરવામાં આવેલ.

3. શહેરના વિવિધ તળાવોની સાફ – સફાઈ અભિયાન પૈકી આજે રાંદેર, કતારગામ તેમજ વરાછા ઝોન ખાતે આવેલ જુદા જુદા તળાવ સાફ–સફાઈ અભિયાન હાથ ધરવામાં આવેલ. ઉકત તળાવ માંથી પાણી જન્ય વનસ્પતિ, કચરો વિગેરે દુર કરવામાં આવેલ તેમજ તળાવના ઈનલેટ અને આઉટલેટ નાળાઓની સાફ–સફાઈ કરેલ. વધુમાં તળાવની ફરતેની પાળને સુવ્યવસ્થિત કરી તેના ઉપરથી વનસ્પતિ/કચરો દુર કરવામાં આવેલ. ઉકત તળાવ સાફ–સફાઈની કામગીરીમાં મશીનરીઓ/સાધનો જેવા કે, જેસીબી મશીન, ટ્રેકટર, ટ્રક / ડમ્પરનો ઉપયોગ કરવામાં આવેલ હતો. તા. ૦૧/૦૫/૨૦૧૮ થી આજ દિન સુધીમાં જુદા જુદા ૧૦ તળાવો ખાતે સાફ–સફાઈની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે જેના થકી કુલ્લે ૪૪૮૯ ઘન મીટર માટી / કચરો / પાણી જન્ય વનસ્પતિ દૂર કરવામાં આવેલ.

આ ઉપરાંત અન્ય કામગીરીઓમાં,

XVI. વિવિધ ઝોનમાં પાણીનો બગાડ કરનારાઓ/ગેરેજ/સર્વિસ સ્ટેશનોને તા.૦૧/૦૫/૨૦૧૮ થી આજ દિન સુધીમાં કુલ્લે ૩૪૩ નોટીસ આપવામાં આવેલ છે તેમજ ૧૩ ગેરકાયદેસર કનેકશનો દુર કરવામાં આવેલ છે.

XVII. સુરત શહેરમાં જુદા જુદા સ્થળે તા. ૦૧/૦૫/૨૦૧૮ થી આજ દિન સુધીમાં કુલ ૨૫૩ લીકેજીસ દુરસ્તી તથા ૫૭ વાલ્વ સર્વિસ/રીપેરીંગની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ.

XVIII. સુરત શહેર વિસ્તારમાં આવેલ સુરત મહાનગરપાલિકા હસ્તકના ૩૪૮ રીચાર્જ બોરવેલ પૈકી ૪૭ રીચાર્જ બોરવેલની સાફ સફાઈ કરવામાં આવેલ છે તેમજ ખાનગી સોસાયટીઓ / પ્રીમાઈસીસમાં આવેલ જુદ જુદા ૧૨૭ રીચાર્જ બોરવેલની સાફ સફાઈ કરવામાં આવેલ. આમ, આજ દિન સુધીમાં સુરત મહાનગરપાલિકા હસ્તકના ૪૭ જયારે ખાનગી ૧૨૭ રીચાર્જ બોરવેલ મળી કુલ્લે ૧૭૪ બોરવેલ રીચાર્જની સાફ સફાઈ કરવામાં આવેલ.

સદરહુ કામગીરીમાં શહેરના મેયરશ્રી, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી, નેતાશ્રી શાસક પક્ષ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મા. સાંસદ સભ્યશ્રીઓ, મા. ધારાસભ્યોશ્રીઓ, મ્યુ.કોર્પોરેટરશ્રીઓ મહાનુભાવો, વિવિધ અગ્રણી સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ શહેરીજનો ઉલ્લાસભેર ભાગ લઈ સુજલામ સુફલામ જળ અભિયાનમાં જોડાયેલ.

ઉપરોકત તમામ કામગીરીઓ અવિરતપણે પૂરા જોશથી તા.૩૧/૦૫/૨૦૧૮ સુધી ચાલુ રહેશે.

**<u>સુજલામ સુફલામ જળ સંચય અભિયાન</u>**

# <u>પ્રેસનોટ</u>

ગુજરાત સરકારશ્રીના સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત તા.૧૨/૦૫/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકાના સરથાણા ઈન્ટેક વેલ ખાતે નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ.

જેમાં ટ્રેકટર–૨૦, ડિવિડર–૩, પોકલેન–૨, જે.સી.બી–૩, ડોઝીયર–૧, ડમ્પર–૮, મઝદા ટેમ્પો–૨, બોટ–૧૦ જેવા સાધનો ઉપયોગ કરી ૧૫૨૫ ઘ.મી. જળકુંભી તથા કચરો/માટી કાઢવામાં આવેલ. જેમાં માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, માન.કમિશનરશ્રી એમ.થેન્નારસન, તેમજ સ્થાનિક મ્યુ.સભ્યશ્રીઓ, વરાછા ઝોન, કતારગામ ઝોન, લિંબાયત ઝોન તથા હાઈડ્રોલિક વિભાગમાંથી ૨૦૦૦ જેટલા સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ, બ્રહ્માકુમારી સંસ્થા, સ્વામિનારાયણ સંસ્થા તથા અન્ય એન.જી.ઓ. તેમજ સ્થાનિક નાગરીકો મળી સરથાણા ઈન્ટેક વેલ ખાતે સફાઈ અભિયાન કરવામાં આવેલ. આવતી કાલે રવિવાર રજાના દિવસે પણ સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

# પ્રેસનોટ

## " સુજલામ સુફલામ જળ અભિયાન ૨૦૧૮ "

સુજલામ સુફલામ જળ અભિયાન – ૨૦૧૮ અંતર્ગત તા. ૦૧/૦૫/૨૦૧૮ થી તા.૧૨/૦૫/૨૦૧૮ના રોજ થયેલ કામગીરી :-

સુજલામ સુફલામ જળ અભિયાન–૨૦૧૮ અંતર્ગત સરથાણા વોટર વર્કસ ખાતે આજ રોજ સુરત મહાનગરપાલિકા દ્વારા બીજા શનિવારની રજા હોવા છતાં મા. મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયા, શાસક પક્ષના નેતાશ્રી ગીરજાશંકર મિશ્રા તેમજ સ્થાનિક મ્યુ. સભ્યશ્રીઓની ઉપસ્થિતમાં તેમજ સરકારી સંસ્થાઓ, અર્ધ સરકારી સંસ્થાઓ, એન.જી.ઓ. તેમજ લોક ભાગીદારી દ્વારા સેવા, સહકાર અને સહયોગથી તાપી નદીની સાફ–સફાઈની કામગીરી કરવામાં આવેલ.

1. સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત વિવિધ વોટર વર્કસ, ઓવારા, તાપી નદીના કિનારા ખાતે તાપી નદીની સાફ–સફાઈની કામગીરી ચાલુ છે. આ કામગીરીમાં મશીનરીઓ/સાધનો જેવા કે પોકલેન મશીન, જેસીબી મશીન, ટ્રેકટર, ટ્રક તેમજ ડીવીડર મશીનો ઉપયોગ કરવામાં આવેલ હતો. તા. ૦૧/૦૫/૨૦૧૮ થી આજ દિન સુધીમાં સદર તાપી શુધ્ધીકરણ અભિયાન અંતર્ગત ૯૪૧૫ ઘ.મી. જળકુંભી/પાણી જન્ય વનસ્પતિ/ કચરાનો નિકાલ કરવામાં આવેલ.

2. શહેરના વિવિધ ખાડીઓની સાફ – સફાઈ અભિયાન પૈકી આજે રાંદેર, લિંબાયત, અઠવા, રાંદેર, વરાછા તેમજ ઉધના ઝોન ખાતે આવેલ જુદી જુદી ખાડીઓ સાફ–સફાઈ અભિયાન હાથ ધરવામાં આવેલ. ઉકત ખાડીમાંથી પાણી જન્ય વનસ્પતિ, કચરો વિગેરે દુર કરવામાં આવેલ. ઉકત ખાડીની સાફ–સફાઈની કામગીરીમાં મશીનરીઓ/સાધનો જેવા કે, પોકલેન મશીન, જેસીબી મશીન, ટ્રેકટર, ટ્રક / ડમ્પર, થ્રી વિલ ટેમ્પા વિગેરેનો ઉપયોગ કરવામાં આવેલ હતો. તા. ૦૧/૦૫/૨૦૧૮ થી આજ દિન સુધીમાં જુદા જુદા ૦૮ સ્થળો ખાતે ખાડી સફાઈ કામગીરી પેટે કુલ ૧૩૦૫૫ રનીંગ મીટર ખાડી સાફ કરવામાં આવેલ.

3. શહેરના વિવિધ તળાવોની સાફ – સફાઈ અભિયાન પૈકી આજે રાંદેર, કતારગામ તેમજ વરાછા ઝોન ખાતે આવેલ જુદા જુદા તળાવ સાફ–સફાઈ અભિયાન હાથ ધરવામાં આવેલ. ઉકત તળાવ માંથી પાણી જન્ય વનસ્પતિ, કચરો વિગેરે દુર કરવામાં આવેલ તેમજ તળાવના ઈનલેટ અને આઉટલેટ નાળાઓની સાફ–સફાઈ કરેલ. વધુમાં તળાવની ફરતેની પાળને સુવ્યવસ્થિત કરી તેના ઉપરથી વનસ્પતિ/કચરો દુર કરવામાં આવેલ. ઉકત તળાવ સાફ–સફાઈની કામગીરીમાં મશીનરીઓ/સાધનો જેવા કે, જેસીબી મશીન, ટ્રેકટર, ટ્રક / ડમ્પરનો ઉપયોગ કરવામાં આવેલ હતો. તા. ૦૧/૦૫/૨૦૧૮ થી આજ દિન સુધીમાં જુદા જુદા ૧૧ તળાવો ખાતે સાફ–સફાઈની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે જેના થકી કુલ્લે ૪૫૧૯ ઘન મીટર માટી / કચરો / પાણી જન્ય વનસ્પતિ દૂર કરવામાં આવેલ.

આ ઉપરાંત અન્ય કામગીરીઓમાં,

I. વિવિધ ઝોનમાં પાણીનો બગાડ કરનારાઓ/ગેરેજ/સર્વિસ સ્ટેશનોને તા.૦૧/૦૫/૨૦૧૮ થી આજ દિન સુધીમાં કુલ્લે ૩૯૫ નોટીસ આપવામાં આવેલ છે તેમજ ૧૫ ગેરકાયદેસર કનેક્શનો દુર કરવામાં આવેલ છે.

II. સુરત શહેરમાં જુદા જુદા સ્થળે તા. ૦૧/૦૫/૨૦૧૮ થી આજ દિન સુધીમાં કુલ ૩૦૭ લીકેજીસ દુરસ્તી તથા ૬૧ વાલ્વ સર્વિસ/રીપેરીંગની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ.

III. સુરત શહેર વિસ્તારમાં આવેલ સુરત મહાનગરપાલિકા હસ્તકના ૩૪૮ રીચાર્જ બોરવેલ પૈકી ૬૮ રીચાર્જ બોરવેલની સાફ સફાઈ કરવામાં આવેલ છે તેમજ ખાનગી સોસાયટીઓ / પ્રીમાઈસીસમાં આવેલ જુદ જુદા ૧૨૭ રીચાર્જ બોરવેલની સાફ સફાઈ કરવામાં આવેલ. આમ, આજ દિન સુધીમાં સુરત મહાનગરપાલિકા હસ્તકના ૬૮ જયારે ખાનગી ૧૨૭ રીચાર્જ બોરવેલ મળી કુલ્લે ૧૯૫ બોરવેલ રીચાર્જની સાફ સફાઈ કરવામાં આવેલ.

ઉપરોકત તમામ કામગીરીઓ અવિરતપણે પૂરા જોશથી તા.૩૧/૦૫/૨૦૧૮ સુધી ચાલુ રહેશે.

જન સંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં.૭૪

તા.૧૨/૦૫/૨૦૧૮

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટરની આર્ટ ગેલેરી ખાતે આજ રોજ માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયાના વરદ હસ્તે ''ઐતિહાસિક તાળાંઓના પ્રદર્શન''નું ઉદઘાટન કરવામાં આવેલ. સદર પ્રદર્શનમાં માન.ડે.મેયરશ્રી, માન.સ્થાયી સમિતિ ચેરમેનશ્રી, માન. સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા, વિવિધ સમિતિઓના ચેરમેનશ્રી, ચેરમેનશ્રી, કોર્પોરેટરશ્રી, અધિકારીશ્રી તથા નગરજનો હાજર રહયા હતા. સદર પ્રદર્શનની સાથે સુરત મહાનગરપાલિકાના યુ.સી.ડી વિભાગનાં ''સખી મંડળો દ્વારા ઉપસ્થિત ચીજવસ્તુઆનું પ્રદર્શન સહ વેચાણ''નું પણ આયોજન આર્ટગેલેરી ખાતે કરવામાં આવેલ છે.

''ઐતિહાસિક તાળાઓના પ્રદર્શન''માં શ્રી ધરમાભાઈ પટેલના અંગત સંગ્રહમાંથી ૭૦૧ તાળાઓને પ્રદર્શિત કરવામાં આવ્યા છે. આ પ્રદર્શનમાં ૪૦ કિલોના આઠ ચાવીઓથી ખુલતા મહાકાય તાળા સાથે અડધા ઈંચના તાળા પણ પ્રદર્શિત કરવામાં આવ્યા છે, આ સાથે કિલ્લાઓ અને કોટના દરવાજાને લાગતા મહાકાય તાળા તથા મીનાકારીથી શણગારેલા તાળાઓ પણ પ્રદર્શિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત આ પ્રદર્શનમાં વિવિધ આકાર, કદ તથા વજનના તાળાઓ જેવા કે અખંડ ભારતના નકશા વાળા તાળા, ડાયલ નંબર પ્રકારના ઐતિહાસિક તાળાઓ પ્રદર્શિત કરવામાં આવ્યા છે. સામાન્ય ખેડૂતપુત્ર શ્રી ધરમાભાઈ પટેલ દ્વારા કપડવંજ તાલુકાના હમીરપુરા ગામમાં આ સંગ્રહની શરૂઆત કરવામાં આવેલ તથા તેમની પેઢીઓ નિરંતર કાર્યરત છે. આજે તેમના અંગત સંગ્રહમાં ૩૫૦૦ જેટલા તાળઓ સંગ્રહિત છે તથા લગભગ તમામ તાળાઓ કાર્યરત છે.

આ 'ઐતિહાસિક તાળાઓનું પ્રદર્શન' તા.૧૨/૦૫/૨૦૧૮ થી તા.૨૯/૦૫/૨૦૧૮ સુધી મુલાકાતીઓ સાયન્સ સેન્ટર સ્થિત આર્ટગેલેરીના ભોંયતળીયે વિનામૂલ્યે નિહાળી શકશે. પ્રદર્શનનો સમય મંગળવાળ થી રવિવાર સવારે ૧૧:૦૦ થી સાંજે ૦૬:૩૦ કલાકનો રહેશે તથા આ પ્રદર્શન દરેક સોમવારે બંધ રહેશે.







## સુજલામ સુફલામ જળ સંચય અભિયાન

## પ્રેસનોટ

ગુજરાત સરકારશ્રીના સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત સરથાણા ઈન્ટેક વેલ ખાતે સાફ–સફાઈ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા,માન.શાસક પક્ષ નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા,માન.કમિશનર શ્રી એમ.થેન્નારસન,માન.ડે.મેયરશ્રી શંકરભાઈ ચેવલી ,સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ ,અધિકારીઓ,સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ સ્થાનિક નાગરીકો સરથાણા ઈન્ટેક વેલ ખાતે સાફ સફાઈ અભિયાનમાં ઉપસ્થિત રહયા હતા.

તા.૧૨/૦૫/૧૮ અને તા.૧૩/૦૫/૧૮ ના રોજ જાહેર રજાઓ હોવા છતા સુરત મહાનગરપાલિકાના તમામ કર્મચારીઓ,અધિકારીઓ તેમજ જુદી જુદી સ્વૈચ્છિક સંસ્થાઓને તાપી નદીની સાફ–સફાઈ કરવાના હેતુસર જોડાવા આગ્રહ કરેલ જેના પરીણામ રૂપે તા.૧૩/૦૫/૧૮ ના રોજ ૨૭૦૦ જેટલા સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ ,અધિકારીઓ,સ્વૈચ્છિક સંસ્થાઓના માણસો ઉપરોક્ત ઉમદા કાર્યમાં જોડાયેલ અને જેમાં ટ્રેકટર–૨૦, ડિવિડર–૩, પોકલેન–૨, જે.સી.બી–૪, ડોઝીયર–૧, ડમ્પર–૮, મઝદા ટેમ્પો–૨, બોટ–૫ જેવા સાધનો ઉપયોગ કરી આશરે ૨૦૦૦ ઘ.મી. જળકુંભી/વનસ્પતીઓ તાપી નદીમાંથી સરથાણા ઈન્ટેક વેલ ખાતેથી દુર કરવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૭૬
તા.૧૩/૦૫/૨૦૧૮













## :: પ્રેસનોટ ::

### ૧૫ મે, સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા સમર કેમ્પ–૨૦૧૮ અંતર્ગત આયોજીત "શોર્ટ ફિલ્મ મેકીંગ કેમ્પ

**વિષય : "૧૫ મે, સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા એ. વી. રૂમ, નર્મદ લાઈબ્રેરી, ઘોડદોડ રોડ, સુરત ખાતે તા.૧૫/૦૫/૨૦૧૮ થી તા.૦૩/૦૬/૨૦૧૮ દરમ્યાન સમર કેમ્પ–૨૦૧૮ અંતર્ગત આયોજીત "શોર્ટ ફિલ્મ મેકીંગ કેમ્પ"**

સુરત મહાનગરપાલિકા દ્વારા કળા, સંગીત, નૃત્ય, નાટ્ય કલાકારો અને રમતવીરોને પ્રોત્સાહન આપી તેમનામાં છૂપાયેલી શકિત બહાર લાવવા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને સ્પર્ધાઓ યોજવામાં આવે છે. સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ દ્વારા ૧૫ મે, સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણી અંતર્ગત શહેરના બાળકો અને કલાકારોમાં રહેલી કલાક્ષેત્રની સુષુપ્ત શકિતને બહાર લાવી તેઓની સર્જનશીલતાને વેગ આપવા તા.૧૫/૦૫/૨૦૧૮ થી તા.૦૩/૦૬/૨૦૧૮ દરમ્યાન એ. વી. રૂમ, નર્મદ લાઈબ્રેરી, ઘોડદોડ રોડ, સુરત ખાતે સમર કેમ્પ – ૨૦૧૮ અંતર્ગત ૧૪ વર્ષથી ઉપરના વયગૃપ માટે "શોર્ટ ફિલ્મ મેકીંગ" કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આ સમરકેમ્પનો શુભારંભ તા.૧૫/૦૫/૧૮ના રોજ સવારે ૯.૦૦ કલાકે મહાનુભાવોની ઉપસ્થિતિમાં દીપ પ્રગટાવી કરવામાં આવશે. આ સમર કેમ્પના શોર્ટ ફિલ્મ મેકીંગ કેમ્પમાં તજજ્ઞો પોતાના અનુભવનો લાભ આપી શહેરની ઉભરતી પ્રતિભાઓને ખીલવવા માર્ગદર્શન પુરૂં પાડશે. સમરકેમ્પમાં તાલીમ પામેલા શિબિરાર્થીઓ કેમ્પ સમાપનના દિવસે પોતાની આગવી પ્રતિભાને પ્રદર્શિત કરશે. જેમણે પ્રવેશ ફી અને ઉંમરના પુરાવા જમા કરાવેલ છે તેઓએ તા.૧૫/૦૫/૧૮ના રોજ તાલીમી કોર્ષ અંગેની માહિતી આપવામાં આવનાર હોય તમામ શિબીરાર્થીઓએ સવારે ૮.૩૦ કલાકે એ. વી. રૂમ, નર્મદ લાઈબ્રેરી, ઘોડદોડ રોડ, સુરત ખાતે અચૂક ઉપસ્થિત રહેવા નોંધ લેવી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સુરત મહાનગરપાલિકા નિમંત્રણ પાઠવે છે.

# <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકા ધ્વારા સંરક્ષિત કિલ્લાના પ્રથમ ભાગને જાહેર જનતા માટે મંગળવારથી ગુરુવાર સુધી સવારે ૧૦:૦૦ થી ૩:૦૦ અને શુક્રવાર થી રવિવાર સુધી સવારે૧૦:૦૦ વાગ્યેથી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી મુલાકાતીઓ માટે ખુલ્લો રાખવામાં આવતો હતો પરંતુ હાલમાં ઉનાળુ વેકેશન, મુલાકાતીઓનો ધસારો અને જાહેર જનતાની લાગણી અને માંગણીને ધ્યાને રાખતા કિલ્લો તા.૧૫/૦૫/૨૦૧૮ નાં રોજથી પ્રાયોગિક ધોરણે સમગ્ર અઠવાડીયા દરમ્યાન ( મંગળવારથી રવિવાર સુધી ) જાહેર જનતા સવારે ૧૦:૦૦ થી સાંજે ૬:૦૦ સુધી કિલ્લાની મુલાકાતનો લાભ લઈ શકશે. ટિકિટ વેચાણનો સમય સવારે ૧૦:૦૦ થી સાંજે ૦૪:૫૦ સુધીનો રહેશે. દર સોમવારે તથા જાહેર રજા/રાષ્ટ્રીય તહેવારોનાં દિવસોએ કિલ્લો મુલાકાતીઓ માટે બંધ રહેશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી.

## સુજલમ સુફલામ જળ સંચય અભિયાન

# પ્રેસનોટ

ગુજરાત સરકારશ્રીના સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત તા.૧૪/૦૫/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા દ્વારા નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ.

રાંદેર ઝોન ખાતે પાલ લેક ગાર્ડન તથા પાલનપુર ગોરવપથ પાસે કલવડ થી શ્રી પદ રેસીડેન્સી સુધીની ખાડીની સાફ સફાઈ કામગીરી કરવામાં આવેલ. જેમાં જેસીબી ૧, ટ્રેકટર ૪, ટ્રક ૩ તથા પોકલેન મશીન ૧નો ઉપયોગ કરવામાં આવેલ તથા સુરત મહાનગરપાલિકાના ૧૯૦ કામદારો તથા ૬૫ જેટલા સ્થાનીક સંસ્થાના સભ્યો ધ્વારા કામગીરી કરવામાં આવેલ. પાલ લેક ગાર્ડનમાં ૨૨ ઘ.મી તથા ૩૦૦ મીટર જેટલી ખાડીની સફાઈ કરવામાં આવી.

કતારગામ ઝોન ખાતે છાપરાભાઠા ખાડીની સાફસફાઈની કામગીરી જેસીબી ૨, ટ્રેકટર ૫ તથા પોકલેન મશીન ૧ નો ઉપયોગ કરવામાં આવેલ. તથા ૧૪૦ રનીંગ મીટર જેટલી ખાડીની સફાઈ કરવામાં આવી જેમાં સુરત મહાનગરપાલિકાના ૩૪૧ કામદારો તથા ૬૫ જેટલા સ્થાનીક સંસ્થાના સભ્યો જોડાયા હતા.

લિંબાયત ઝોન ખાતે આવેલ પ્રિયંકા ખાડી, ગોદડરા ખાડી તથા ઉમરવાડા ખાડીની સાફ સફાઈ કામગીરી કરવામાં આવેલ. જેમાં જેસીબી ૨, ટ્રેકટર ૨ તથા પોકલેન મશીન ૧ ધ્વારા માટીના ઢગલા ઉપાડવામાં આવેલ.

ઉધના ઝોન ખાતે ભેડવાડ ખાડી, ઉન ખાડી તથા જીવનજયોત ખાડી અને પાર્ડેસરા ગુજરાત હાઉસિંગ બોર્ડ તથા વદોડ ખાતે ખાડીની સાફ સફાઈ કામગીરી કરવામાં આવેલ. જેમાં ટ્રેકટર ૪ તથા પોકલેન મશીન ૪નો ઉપયોગ કરી ૨૪૯ મીટર જેટલી ખાડીની સફાઈ કરવામાં આવી.

અઠવા ઝોન ખાતે એરપોર્ટ કપાંઉન્ડ પાસેની ખાડી, ડ્રીમ પેલેસ થી ખજોદ સુધીની ખાડી તથા મગદલ્લા ગામની ખાડીની સાફ સફાઈ કામગીરી કરવામાં આવેલ. જેમાં પોકલેન મશીન ૩નો ઉપયોગ કરી કુલ ૫૧૦ રનિંગ મીટર જેટલી ખાડીની સફાઈ કરી વનસ્પતિ કચરાનો નિકાલ કરેલ.

વરાછા ઝોન ખાતે ડ્રેનેજ પંપીગ સ્ટ્રેશન પાછળની ખાડી તથા સરથાણા વોટર વકર્સ ઈનટેકવેલ ખાતે તાપી નદીની સાફ સફાઈ કામગીરી કરવામાં આવેલ. જેમાં પોકલેન મશીન ૩, જેસીબી ૩, ડોઝર ૧, ડીવીડર ૩, ટ્રેકટર ૯, ધ્વારા નદી તથા ખાડીની સાફ સફાઈ કામગીરી કરવામાં આવેલ. ૭૦ મીટર જેટલી ખાડીની સફાઈ તથા ૯૯૬ ઘ.મી જેટલી તાપી નદીની સફાઈ કરી વનસ્પતિ કચરાનો નિકાલ કરેલ. તથા તમામ ઝોનમાં પાણીની લાઈન, વાલ્વમાં લીકેજ રીંપેરીગની કામગીરી કરવામાં આવેલ.

ઉપરોકત કામગીરી દરમ્યાન છાપરાભાઠા ખાડીની સાફ સફાઈની કામગીરીમાં માન.ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારી, માન.ધારાસભ્યશ્રી વિનુભાઈ મોરડીયા તથા વોર્ડ ના માન.મ્યુ.સદસ્યશ્રીઓ તથા રાંદેર ઝોન ખાતે આરોગ્ય સમિતિના માન.ચેરમેનશ્રી અનિલભાઈ બિસ્કીટવાલા તથા વોર્ડના માન.મ્યુ.સદસ્યશ્રીઓ, માન.મ્યુ.કમિશનરશ્રી એમ.થેન્નારસન તથા અધિકારીશ્રીઓ હાજર રહયા હતા.









## :: પ્રેસનોટ ::

### ૧૫ મે, સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણીએ સુરત મહાનગરપાલિકા દ્વારા સમર કેમ્પ–૨૦૧૮ અંતર્ગત આયોજીત "શોર્ટ ફિલ્મ મેકીંગ કેમ્પ

વિષય : "૧૫ મે, સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણીએ સુરત મહાનગરપાલિકા દ્વારા એ. વી. રૂમ, નર્મદ લાઈબ્રેરી, ઘોડદોડ રોડ, સુરત ખાતે તા.૧૫/૦૫/૨૦૧૮ થી તા.૦૩/૦૬/૨૦૧૮ દરમ્યાન સમર કેમ્પ–૨૦૧૮ અંતર્ગત આયોજીત "શોર્ટ ફિલ્મ મેકીંગ કેમ્પ"

સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ દ્વારા શહેરના બાળકો અને કલાકારોમાં રહેલી કલાક્ષેત્રની સુષુપ્ત શકિતને બહાર લાવી તેઓની સર્જનશીલતાને વેગ આપવા સમર કેમ્પ–૨૦૧૮ અંતર્ગત ૧૪ વર્ષથી ઉપરના વયગૃપ માટે "શોર્ટ ફિલ્મ મેકીંગ" કેમ્પ(ટુંકી ફિલ્મ બનાવવાનો શિબિર)નું આયોજન તા.૧૫/૦૫/૨૦૧૮ થી તા.૦૩/૦૬/૨૦૧૮ દરમ્યાન ઓડિયો વિઝયુઅલ રૂમ, નર્મદ લાઈબ્રેરી, ઘોડદોડ રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા ૧૫ મે, સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણીએ સમરકેમ્પ–૨૦૧૮નો શુભારંભ ૧૫/૦૫/૨૦૧૮ના રોજ સવારે ૯.૦૦ કલાકે માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, ડ્રેનેજ કમિટિ અધ્યક્ષા શ્રીમતી સુધાબેન નાહતાએ દીપ પ્રગટાવી કરવામાં આવ્યો હતો. સમરકેમ્પના શુભારંભ પ્રસંગે માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયાએ જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકા શહેરના નગરજનોને પાણી, સાફ સફાઈ, આરોગ્ય, ટ્રાન્સપોર્ટેશન જેવી પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં અગ્રેસર તો છે જ. તે ઉપરાંત કળા, સંગીત, નૃત્ય, નાટ્ય કલાકારો અને રમતવીરોને પ્રોત્સાહન આપી તેમનામાં છૂપાયેલી શકિત બહાર લાવવા સુરત મહાનગરપાલિકા હંમેશા તત્પર રહે છે. જેનો મહત્તમ લાભ લેવા શહેરના કલાકારોને અપીલ કરી હતી. સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહએ પણ સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાતા વિવિધ કાર્યક્રમો વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને સ્પર્ધાઓમાં મોટી સંખ્યામાં ભાગ લેવા જણાવ્યું હતું. "શોર્ટ ફિલ્મ મેકીંગ" કેમ્પના ચીફ કો–ઓર્ડિનેટરશ્રી નરેશ કાપડિયાએ ભાગ લેનાર ૩૫ જેટલા તમામ શિબીરાર્થીઓને તાલીમી કોર્ષ અંગેની માહિતી આપ્યા બાદ સુરતના વિકાસ, જળકુંભી નિકાલ અને ગ્રીન સુરત અંગેની શોર્ટ ફિલ્મ બતાવવામાં આવી હતી. આ સમર કેમ્પના શોર્ટ ફિલ્મ મેકીંગ કેમ્પમાં તજજ્ઞો પોતાના અનુભવનો લાભ આપી શહેરની ઉભરતી પ્રતિભાઓને ખીલવવા માર્ગદર્શન પુરૂં પાડશે. સમરકેમ્પમાં તાલીમ પામેલા શિબિરાર્થીઓ કેમ્પ સમાપનના દિવસે પોતાની આગવી પ્રતિભાને પ્રદર્શિત કરશે.




સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૫/૦૫/૨૦૧૮ના રોજ કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલયના ઓડિયો વિઝ્યુઅલ રૂમ ખાતે સમર કેમ્પ-૨૦૧૮ અંતર્ગત "શોર્ટ ફિલ્મ મેકીંગ" કેમ્પનો દિપ પ્રગટાવી શુભારંભ કરાવતાં માન. મેયર શ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ તથા અન્ય મહાનુભાવો દ્રશ્યમાન છે.

**સુજલામ સુફલામ જળ સંચય અભિયાન**

## પ્રેસનોટ

ગુજરાત સરકારશ્રીના સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અંગર્તગ આજ રોજ તા.૧૫/૦૫/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા તળાવની સફાઈનો કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં,

(૧) રૂંઢ–મગદલ્લા ખાતે આવેલ તળાવની સફાઈ કાર્યક્રમમાં કોર્પોરેટરશ્રી અનિલભાઈ ગોપલાણી, શ્રીમતિ સુચિત્રાબેન પટેલ તેમજ સુરત મહાનગરપાલિકાના અઠવા ઝોનના ઝોનલ ચીફશ્રી એ.જી. ખાટીવાલા, કાર્યપાલક ઈજનેરશ્રી સી.બી. વસાવા અને આરોગ્ય વિભાગ તેમજ ટેકનીકલ વિભાગના અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીશ્રીઓ તેમજ સ્થાનિક મગદલ્લા ગામના યુવક સંઘ ધ્વારા આ અભિયાન હાથ ધરવામાં આવેલ. આ અભિયાનમાં તળાવની અંદર તેમજ કિનારા પર આવેલ ઝાડી ઝાંખરા, પ્લાસ્ટીક વેસ્ટ તેમજ તળાવની અંદર આવતા વરસાદી પાણીના નેચરલ ચેનલની સફાઈ કરવામાં આવેલ હતી. આ સ્થળે કામગીરીમાં કુલ ૬૮ જેટલા સુરત મહાનગરપાલિકાના સફાઈ કામદારો, ૧૫ જેટલા કોન્ટ્રકટરના કામદારો તેમજ સ્થાનિક નાગરીકો હાજર રહયાં હતા. આ કામગીરીમાં પોકલેન મશીન નંગ–૧, જેસીબી નંગ–૧, ટ્રેકટર નંગ–૩, ટ્રક નંગ–૧, ટેમ્પો નંગ–૧, જેવા સાધનો ઉપયોગમાં લઈ સ્થળ ઉપરથી અંદાજે ૬૫ ઘ.મી. જેટલા ઝાડી–ઝાંખરા અને લીલ બહાર કાઢવામાં આવેલ.

(૨) ઉધના ઝોન વિસ્તારના દિપલી ગામ તળાવ,જીઆવ ગામ તળાવ,બુડીયા ગામ તળાવ અને ગભેણી ગામ તળાવ ખાતે સાફ–સફાઈ અભિયાન કરવામાં આવેલ. જે કામગીરીમાં જેસીબી નંગ–૪, ટ્રેકટર નંગ–૬, ટ્રક નંગ–૪, વ્હીલ ડોઝર નંગ–૨ નો ઉપયોગ કરવામાં આવેલ અને સુરત મહાનગરપાલિકા ના ૩૦૭ કામદારો ધ્વારા ૧૨૮ ઘ.મી. જેટલા વનસ્પતી/કચરાનો નિકાલ કરવામાં આવેલ.આ કાર્યક્રમમાં માન.સાંસદ શ્રીમતી દર્શના જરદોશ,માન.ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેનપટેલ તથા અન્ય મ્યુ.સદસ્યશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.

(૩) ઉધના ઝોન વિસ્તારમાં ભેદવાડ ખાડી ,ઉન ખાડી, જીવન જ્યોત અને પાંડેસરા ગુ.હા.બોર્ડ તથા વડોડની ખાડી ખાતે ૩ પોકલેન મશીનનો ઉપયોગ કરી આશરે ૨૩૫ રનીંગ મીટર વનસ્પતી/કચરાનો નિકાલ કરવામાં આવેલ.લિંબાયત ઝોન વિસ્તારમાં પ્રિયંકા ખાડી, ગોડાદરા ખાડી, ઉમરવાડા ખાડી ખાતે જેસીબી નંગ–૨, ટ્રેકટર નંગ–૩ અને ૨ પોકલેન મશીનનો ઉપયોગ કરી આશરે ૧૯૦ રનીંગ મીટર કચરાનો નિકાલ તથા માટીના ઠગલા ઉપાડવામાં આવેલ,વરાછા ઝોન વિસ્તારના કરંજ ડ્રેનેજ પમ્પીગ સ્ટેશન પાછળ ની ખાડીની સાફ–સફાઈ ૧પોકલેન મશીન ધ્વારા કરવામાં આવેલ તથા સુરત મહાનગરપાલિકા ના ૫૦ કામદારો ધ્વારા ૫૦ રનીંગ મીટર જેટલી પાણી જન્ય વનસ્પતી/કચરાનો નિકાલ કરવામાં આવેલ.

આ ઉપરાંત સરથાણા વોટર વર્કસ ઈન્ટેક વેલ ખાતે પોકલેન મશીન–૨, જેસીબી–૨, ટ્રેકટર– ૪, ટ્રક–૨, બોટ–૮ ડિવીડર–૩, જેવા સાધનો ઉપયોગમાં કરી ૮૫૦ ઘ.મી. જેટલી જળકુંભિ /કચરો તાપી નદીમાંથી બહાર કાઢવામાં આવેલ.




200



## સુરત મહાનગર પાલિકા
## વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી
## અખબારી યાદી

# રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ–૧૬ મે

સુરત મહાનગરપાલિકાના વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ૧૬ મેના રોજ રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી કરવામાં આવેલ છે જે અંતર્ગત જનજાગૃતિ માટેલોકોની મહત્તમ અવરજવરવાળા જાહેર સ્થળોએ, આરોગ્યકેન્દ્ર,ઝોન ઓફિસ, ,ટ્રાફિક સર્કલ પર, સરકારી ઈમારતો વિગેરે પર ડેન્ગ્યુ રોગથી બચવાના ઉપાયો તેમ જ રોગની જાણકારી આપતાં સ્ટીકરો ચોંટાડવામાં આવેલ છે. રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ નિમિત્તે તમામ ઝોનની વિવિધ શાળાઓ, ડેન્ગ્ય માટે સંવેદનશીલ વિસ્તારોની સોસાયટીઓ/સ્લમમાં, બાંધકામ વિસ્તારમાં મચ્છરજન્યરોગની જાણકારી આપવા પ્રદર્શન શિબીરો ગોઠવી પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવેલ.

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી હતી તમામ ઝોનમાં આજે **તા૧૬/૦૫/૧૮** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે " રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલઝોનમાં રાજાવાડી, રાણાશેરી, મદારીવાડ, સૈયદપુરા, ખજુરાવાડી, કાદરશાનીનાળ, ખંડેરાવપુરા, અજંતાટાવર રેશમવાડ,ડાંગીશેરી,ચલમવાડ,આસમાની ટેકરો,મલબારીનો ટેકરો,કણબીશેરી જેવા વિસ્તારોમાં, વેસ્ટઝોનમાં કૃષ્ણનગર હેતલનગર,પરમેશ્વરપાર્ક,પન્નાટાવર,ગરીબનવાઝ ઝુંપડા,ફઝલ ટાવર,ફીરદોસ ટાવર, બેજનવાલાકોમ્પ.,શીવમનગર,ભુલકા ભવનની પાછળ ઈ.ડ.એસ.આવાસ,રેવાનગર,મહાદેવનગર,દિપાજંલી સોસા.,ગાર્ડનીયા બાંધકામ,સાઈડ એન્ડ સર્વિસ ઝુપડા વરીયાવ જેવા વિસ્તારોમાં, ઉધના ઝોનમાં ભીમનગર, સંજયનગર, મોરારજી વસાહત,વિકાસ કોલોની,મફતનગર,છત્રપતિ શિવાજીનગર,સાંઈ બાબાનગર,હેગડે વસાહત,જમનાનગર,એચ–૧૫ આવાસ, ગણેશનગર,ગંગોત્રીનગર,કૈલાષનગર મારુતિનગર,પુનિતનગર,ફૈઝલનગર,મગદુમનગર,બાપુનગર, અનુપમ સીટી જેવા વિસ્તારોમાં, લિંબાયત ઝોનમાં ખાનપુરા,શ્રીનાથસોસા,નુરાનીનગર,ફુલવાડી,રેલરાહતકોલોની,બાખડ મોહલ્લો,ખ્વાજાનગર,માનદરવાજા ગલી નં–૧ થી ૦૯,શીવાજીનગર,શ્રીહરીનગર,પ્રિયંકાનગર,એકતાનગર જેવા વિસ્તારોમાં, અઠવા ઝોનમાં શંભુજી મહોલ્લો, પાદર ફળિયું,આમલી ફળિયું, યુ.પી.નગર, પનાસગામ,એન્ટીરીયા બાંધકામ,વેસુ,રસુલાબાદ,ઈન્દીરાનગર,એસ.એમ.સી. ૨૪ ટાવર ડાયમંડ બુર્સ બાંધકામ, સંઘાવાડી,સુમન ધારા જેવા વિસ્તારોમાં, કતારગામ ઝોનમાં નહેરૂનગર,પંડોળ ઈન્ડ્ર.,આનંદપાર્ક સોસા.,નાયકાવાડ,ગોવિંદનગર,ભવાનીનગર,મસ્જીદ મહોલ્લો,ઈશ્વર નગર,હરીદર્શન સોસા.,મકનજી પાર્ક,હરીધામ સોસા. ખરી મહોલ્લો,જી.આઈ.ડી.સી., ઉત્કલનગર, રેલરાહત કોલોની,પંચવટી સોસા.,ગુરૂનગર,અભિલાષા,કાંસાનગર,મનિષા સોસા.,સતાધાર સોસા., ભરવાડવાસ,આવાસ એચ–૧,૨,૩,૪,૫ જેવા વિસ્તારોમાં, વરાછા ઝોનમાં વસંતભીખાની ચાલ નરસિંહ મંદિર,ગ્લોબલ બાંધકામ,મોહનની ચાલ,ખારવાચાલ, ટાંકલી ફળિયું,ઘનશ્યામનગર, અટલજીનગર,બોમ્બે કોલોની છીપવાડ,ખાન મોહલ્લો,રવિપાર્ક–ટાંકીપાળ ઝું.,મિલન હાઈટસ,ગોવર્ધન માર્કેટ,સહજાનંદ ટ્રસ્ટ, મંત્ર લગ્ઝુરીયા, પીર ફળિયું શિવનગર,ઈશ્વરનગર,દિવાળીબા સો.,સીમાડા ગામ, સેલિબ્રેશન હાઈટસ બાંધકામ જેવા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી.

આ ઉપરાંત ડ્રાય ડેની પણ કામગીરી કરવામાં આવી.

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | એડિસ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | ભાગ લીધેલ વ્યકિત ની સંખ્યા | બ્લડ સ્મીયર કલેકશન | નો ટિ સ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 69319 | 163833 | 496 | 408 | 2870 | 1319 | 14424 | 3894 | 185 | 106050 | 67 | 52424 | 20170 |

સમગ્ર શહેરમાં.......

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

# પ્રેસ નોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) આજરોજ (તા.૧૬/૦૫/૨૦૧૮) મા. કમિશ્નરશ્રીની એડી.સીટી ઈજનેરશ્રીને મળેલ સુચના અન્વયે તાત્કાલિક અસરથી એડી.સીટી ઈજનેરશ્રી ડી.એમ.પટેલ તથા કાર્યપાલક ઈજનેરશ્રી આર.વી.ગામીતના સીધા માર્ગદર્શન હેઠળ નોર્થ ઝોન (કતારગામ)ના શહેર વિકાસ ખાતાનાં તમામ આસી. / જુની ઈજનેરો, તથા દબાણ ખાતાના આશરે ૦૮(આઠ) બેલદારો સહિતનો દબાણ સ્ટાફ તેમજ બીજા ખાનગી ૧૨(બાર) બેલદારો, ૧(એક)–જેસીવી, ૧(એક) –લોડર, ૨(બે)–ટ્રકોનાં કાફલા સાથે સીકયુરીટી સ્ટાફ ની મદદથી નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં. ૩(કતારગામ)માં કિરણ હોસ્પિટલ થી નગીના વાડી થઈ કાંસાનગર તરફ જતાં રસ્તા પર આર.જે.ડી. શોપીંગ સેન્ટરની સામે ડોબરીયા એસ્ટેટ વાળી મિલ્કતને લાગુ રસ્તા પરના હયાત વર્ષો જુનાં મામાદેવ મંદિરના સંચાલકો ધ્વારા ઉકત મંદિરને અડીને આશરે ૨૦ ફુટ × ૧૫ ફુટ એટલે કે ૩૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ઉકત મંદિરને અડીને કરવામાં આવેલ ગ્રા. ફલોરના સ્ટીલ ફેબ્રીકેશન સહિતના જી.આઈ. રૂફીંગ તેમજ ચણતર, પ્લાસ્ટર તથા ફલોરીંગ સહિતના કરવામાં આવેલ અનઅધિકૃત બાંધકામને દુર કરવામાં આવેલ છે. જેથી રસ્તા પર ધાર્મિક સ્થાનકો ના વધતાં જતા અનઅધિકૃત દબાણને અટકાવવામાં આવેલ છે. તથા તેના કારણે ટ્રાફિક તથા વાહન વ્યવહારની અવર–જવરમાં ખુબ જ સરળતા થશે.

**<u>સુજલામ સુફલામ જળ સંચય અભિયાન</u>**

## <u>પ્રેસનોટ</u>

ગુજરાત સરકારશ્રીના સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અંગર્તગ આજ રોજ તા.૧૬/૦૫/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા સાફ–સફાઈનો કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં,

લિંબાયત ઝોન વિસ્તારમાં પ્રિયંકા ખાડી, ઉમરવાડા ખાડીની સાફ–સફાઈના કાર્યક્રમમાં ૧૮૦ રનીંગ મીટર ખાડીની સફાઈ કરી વનસ્પતી/કચરાનો નિકાલ કરવામાં આવેલ તથા ખાડીની પાળ ઉપરની માટીના ઠગલા ઉપાડવામાં આવેલ, જેમાં પોકલેન મશીન નંગ–૧, જેસીબી નંગ–૨, ટ્રેકટર નંગ–૩ જેવા સાધનો ઉપયોગ કરવામાં આવેલ.

ઉધના ઝોન વિસ્તારના ભેદવાડ ખાડી, ઉન ખાડી, જીવન જયોત અને પાંડેસરા ગુ.હા.બોર્ડ તથા વડોદ ખાડી ખાતે ૩ પોકલેન મશીનનો ઉપયોગ કરી આશરે ૧૭૫ રનીંગ મીટર વનસ્પતી/કચરાનો નિકાલ કરવામાં આવેલ.

અઠવા ઝોન ખાતે એરપોર્ટ કંપાઉન્ડ પાસેની ખાડી, ડ્રીમ પેલેસ થી ખજોદ સુધીની ખાડી તથા મગદલ્લા ગામની ખાડીની સાફ સફાઈ કામગીરી કરવામાં આવેલ. જેમાં પોકલેન મશીન ૩નો ઉપયોગ કરી કુલ ૪૧૦ રનીંગ મીટર જેટલી ખાડીની સફાઈ કરી વનસ્પતિ કચરાનો નિકાલ કરેલ.

કતારગામ ઝોન ખાતે છાપરાભાઠા ખાડીની સાફસફાઈની કામગીરી જેસીબી ૨, ટ્રેકટર ૫ તથા પોકલેન મશીન ૧ નો ઉપયોગ કરવામાં આવેલ. તથા ૬૦૦ રનીંગ મીટર જેટલી ખાડીની સફાઈ કરવામાં આવેલ.

રાંદેર ઝોન ખાતે પાલનપુર ગૌરવપથ કેનાલ કલવડ થી ટેના ખાડી સુધી પોકલેન મશીન ૧ નો ઉપયોગ કરી ૪૦૦ રનીંગ મીટર સફાઈ કરવામાં આવેલ.

વરાછા ઝોન ખાતે મણીનગર સોસાયટી પાસેની ખાડી પોકલેન મશીન ૧ નો ઉપયોગ કરી ૭૦ રનીંગ મીટર સફાઈ કરવામાં આવેલ. સરથાણા વોટર વર્કસ ઈન્ટેક વેલ ખાતે પોકલેન મશીન–૨, જેસીબી–૨, ટ્રેકટર– ૪, ટ્રક–૨, બોટ–૧૦, ડિવીડર–૩ જેવા સાધનો ઉપયોગમાં કરી ૮૦૦ ઘ.મી. જેટલી જળકુંભિ /કચરો તાપી નદીમાંથી બહાર કાઢ વામાં આવેલ.

સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તાર ખાતે ૩૦ પાણીની લાઈન તથા ૦૫ વાલ્વ રીપેરીંગ, ગરેજ/સર્વિસ સ્ટેશનો વિગેરેમાં પાણીનો બગાડ રોકવા બાબતે ૦૨ નોટીસ આપવામાં આવેલ તથા રેન હાર્વેસ્ટીંગ સિસ્ટમ અસરકારક રીતે કાર્યરત રાખવા ૦૬ સ્થળે સફાઈ કરવામાં આવી. જેમાં ૧૭૦ જેટલા સુરત મહાનગરપાલિકાના કામદારો તથા વિવિધ કોન્ટ્રાકટ એજન્સીઓ પાસે કામગીરી કરાવવામાં આવેલ.

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

ઉત્તર પ્રદેશના વિવિધ શહેરો જેવા કે ઝાંસી,અયોધ્યયા,સહરાનપુર, મથુરા,મુરાદાબાદ, ફીરોઝાબાદ,ગોરખપુર વિગેરે શહેરોના મેયરશ્રીઓ,મ્યુ.કમિશનરશ્રી,જોઈન્ટ કમિશનર,ટીમ લીડર તથા અન્ય અધિકારીઓ/ સભ્યોની ટીમ સુરત મહાનગરપાલિકાની તા.૧૬/૦૫/૨૦૧૮ થી તા.૧૭/૦૫/૨૦૧૮ ની મુલાકાતે પધારેલ જે અંગે આજરોજ સાયન્સ સેન્ટર સુરત ખાતે સવારે ૧૦:૩૦ કલાકે માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાની અધ્યક્ષતામાં પ્રેઝનટેશન રાખવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆતમાં શાસક પક્ષના નેતા શ્રી ગિરીજાશંકર મિશ્રાએ તેમાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ કે આજરોજ ઉત્તર પ્રદેશના વિવિધ શહેરોના પદાધિકારીઓ/અધિકારીઓ વિગેરે સુરત મહાનગરપાલિકાની મુલાકાતે પધારેલ હોય જે સર્વનું સ્વાગત કરેલ.વધુમાં તેઓના ઉદ્‌બોધનમાં જણાવ્યુ કે સુરત એ ભારત દેશનું એક લઘુ શહેર છે જે આઠ ચો.કિમી. વિસ્તારમાં ફેલાયેલુ હતુ જે આજે વધીને ૩૨૬.૫૧૫ ચો.કિ.મી. વિસ્તારમાં વિસ્તરીયુ છે અને હાલમાં સુરત શહેરની વસ્તી અંદાજિત ૫૦ થી ૬૦ લાખ પર પહોંચી છે અને શહેરની આબાદી ૮૦ લાખ સુધી પહોંચી છે

શહેરીજનોને પ્રાથમિક સુવિધાઓ જેવી કે પાણી,રોડ, લાઈટ,ગટર પુરી પાડવામાં આવે છે પરંતુ સાથોસાથ શહેરીજનોનું આરોગ્ય, આનંદપ્રમોદ,શિક્ષણ જેવી સુવિધાઓ પણ આપી છે સુરત એક એવુ શહેર છે જેના શહેરીજનોમાં કોઈપણ જાતના જાતિવાદ,પ્રાંતવાદના ભેદભાવ વગર સદભાવના અને સંસ્કૃતિ વિકસાવે તેવુ શહેર છે અને સુરત શહેર આજે દેશના સૌથી વિકસીત શહેર તરફ આગળ વધી રહયુ છે

એડી.ડાયરેકટર શ્રી એ.કે.ગુપ્તાએ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે સુરત શહેરનો વિકાસ ૧૯૮૯ પછી ઘણો થયો છે જેમા તેમણે અર્બન ગર્વનન્સ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ,સુએઝ પ્લાન્ટ વિગેરેમાં ઘણુ પરિવર્તન આવ્યુ છે અને સુરતના વિકાસ બાબતે તેમણે અભિનંદન આપ્યા હતા. ત્યારબાદ શ્રી સી.કે.કોષીએ સીટી લીડરશીપ પ્રોગ્રામ વિશે માહિતી આપી હતી હાલમાં દેશમાં સુરત અને અમદાવાદ ૧૦ મા ક્રમમાં દાખલ થયા છે અને સુરત શહેર એક રોલ મોડેલ બન્યુ છે અને પરિવર્તન માટે સિવિલ સોસાયટી,ગર્વમેન્ટ અને પોલીટીકસ આ ત્રણ સ્થંભ ગણાવ્યા હતા અને આ બાબતે તેમણે સુરત શહેરને અભિનંદન પાઠવ્યા છે.

માન.કમિશનર શ્રી એમ.થૈન્નારસને તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યુ કે સુરત શહેરે પાયાની જરૂરિયાતો ઉપરાંત શિક્ષણ,આરોગ્ય જેવી પણ સેવાઓ પુરી પાડી છે સુરત શહેર સ્માર્ટ સીટીમાં પ્રથમ તથા સ્વચ્છ ભારત અભિયાનમાં ૪ થો ક્રમે છે આ શહેરે વિવિધ ક્ષેત્રે ઘણા એવોર્ડ પ્રાપ્ત કર્યા છે અને ઈનોવેશન સેવા,ટેકનોલોજી,ટેક્ષટાઈલસ,ડાયમંડ વગેરેમાં પણ સોલ્યુશન લાવી સુવિધાઓ પુરી પાડીએ છીએ.

મોરાદાબાદના મેયર શ્રી વિનોદકુમાર અગ્રવાલ તેમના પ્રવચનમાં જણાવ્યુ કે સુરતને સુર્યના નામથી જણી શકાય છે સુરત શહેરનો દેશના ૧૦૦ શહેરોમાં સ્માર્ટ સીટી તરીકે સમાવેશ થયો છે વધુમાં જણાવ્યુ કે ચાર મહિના પહેલા સુરત જોવાનો અવસર મળ્યો હતો અને વિદ્યાર્થી બની શીખવાનું મળ્યુ હતુ અને જનતાની મુળભૂત સેવાઓ વિશે જાણકારી મળી હતી.

માન.મેયર શ્રીમતી અસ્મિાબેન શિરોયાએ તેમના પ્રવચનમાં જણાવ્યુ હતુ કે સુરત શહેર હાલમાં ૩૨૬.૫૧૫ ચો.કિ.મી.વિસ્તારમાં વિસ્તરેલુ છે અને હાલમાં તેની વસ્તી અંદાજે ૬૦ લાખ જેટલી છે સુરત દેશનું મીની ભારત છે અહીં પરપ્રાંતિય લોકો વસવાટ રોજીરોટી માટે આવે છે અને તેમને પ્રાથમિક સુવિધાઓ ઉપરાંત આરોગ્ય,શિક્ષણ, ગટર વિગેરે સુવિધાઓ આપવામાં આવે છે સુરત શહેરનો જેવો વિકાસ થાય છે તેવો જ વિકાસ ઉતર પ્રદેશમાં પણ થવો જોઈએ જેથી ભારત દેશનો વિકાસ થઈ શકે એમ જણાવેલ.

ત્યારબાદ મંચસ્થ મહાનુભવોનું પુષ્પગુંચથી સ્વાગત કરવામાં આવેલ ત્યારબાદ માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થૈન્નારસને સુરત શહેર વિકાસ અંગે પ્રેઝન્ટેશન રજુ કરેલ.

બીજા સેશનમાં સુરત શહેરમાં ૧૯૯૪માં આવેલ પ્લેગ વિશે માહિતી આપવામાં આવી હતી તેમા શ્રી કોષી સાહેબ ૧૯૬૮ પહેલાનું ગુજરાતનું ગંદુ શહેર સુરતને ગણાવ્યુ હતુ પરંતુ ત્યારબાદ ૧૯૯૪ પછીના ૨૪ વર્ષમાં સુરત શહેરનો જે વિકાસ થયો છે તે ખરેખર ઘણો જ ઐતિહાસિક કહી શકાય તેના પરથી બીજા શહેરોને પણ પ્રેરણા મળે તેમ છે સુરત શહેરના ડાયમંડ ક્ષેત્રના અગ્રણી એવા શ્રી ગોવિંદભાઈ ધોળકીયાએ જણાવ્યુ કે સુરત એ મારી કર્મ ભૂમિ છે હું ૧૯૬૪માં સુરત આવેલ તે સમયે શહેરની ત્રણ લાખની આબાદી હતી અને ૫૦ વર્ષમાં ૨૦ ઘણુ થઈ ગયુ છે સુરત શહેરના નાગરિકોના દિલના દરવાજા ખુબ મોટા છે તથા૧૯૯૨માં ૨૫૦ માણસ ધ્વારા સફાઈ અભિયાન શરૂ કરવામાં આવેલ હતુ જે આજદિન સુધી ચાલુ રહેલ છે.

ત્યારબાદ પૂર્વ મેયર શ્રી અજયભાઈ ચોકસીએ તેમના પ્રવચનમાં જણાવ્યુ કે સને ૧૯૯૪ માં પહેલા પુર આવેલ હતુ અને ત્યારબાદ પ્લેગની અસર વર્તાય હતી ત્યારબાદ શહેરના વિકાસ માટે કાઉન્સીલર ફંડ સાફ–સફાઈ,ડસ્બીનનો ઉપયોગ,સેલ્ફ ડિમોલેશન વિગેરે બાબતનો અમલ કર્યો જેથી ધીમે ધીમે ડેવલોપમેન્ટનું કામ થવા લાગ્યું ટી.પી.સ્કીમનો અમલ,ડ્રેનેજ માસ્ટર પ્લાન્ટ,યુનિટ રેટ સીસ્ટમની શરૂઆત કરવામાં આવી ૧૯૯૭માં તાપી નદી પર વીયર–કમ–કોઝ વે બનાવવામાં આવ્યો આમ શહેરીજનોના સહકારથી પ્રગતિ થઈ રહી છે પુર્વ ડે.કમિશનર (હે.અને હો.) ડાં.એસ.કે.મહંતીએ સને ૧૯૯૪માં સુરત શહેરમાં આવેલ પ્લેગ અને તેના નિયંત્રણ કરવા માટે લેવામાં આવેલ પગલાની વિસ્તૃત માહિતી આપી હતી.





# પ્રે સ નો ટ

આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ ઉનાળાની સીઝનને ધ્યાને રાખી તા.૧૬/૦૫/૨૦૧૮નાં રોજ કતારગામ ઝોન વિસ્તારમાં આવેલ ખાધ પદાર્થનું વેચાણ કરતી સંસ્થા તથા લારીઓની અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો તથા આરોગ્યના સ્ટાફ સાથે રહી સ્થળ તપાસ કરી , આરોગ્યલક્ષી ખામીઓ જણાતા નોટીસ આપવામાં આવેલ છે.

| અ.નં. | સંસ્થાનુ નામ અને સરનામુ | વિગત |
|---|---|---|
| ૧. | શ્રી નવ દુર્ગા સેન્ડવીચ<br>લક્ષ્મી એન્કલ્વ, ગજેરા શાળાની સામે, કતારગામ, સુરત | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૨. | એન.બી. એન્ટરપ્રાઈઝ<br>લક્ષ્મી એન્કલ્વ, ગજેરા શાળાની સામે, કતારગામ, સુરત | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૩. | જયુ બિલીયન્ટ ફુડ વર્કસ લી. (ડોમીનોઝ)<br>લક્ષ્મી એન્કલ્વ, ગજેરા શાળાની સામે, કતારગામ, સુરત | નોટીસ આપેલ છે. |
| ૪. | મારૂતી ફુડ એન્ડ બેવરેજીસ (ટી.જી.બી.)<br>લક્ષ્મી એન્કલ્વ, ગજેરા શાળાની સામે, કતારગામ, સુરત | નોટીસ આપેલ છે. |
| ૫. | શ્રી ક્રિષ્ણા ફાસ્ટફુડ (ગણગોર)<br>લક્ષ્મી એન્કલ્વ, ગજેરા શાળાની સામે, કતારગામ, સુરત | નોટીસ આપેલ છે. |
| ૬. | હોટલ પેપીલોન<br>લક્ષ્મી એન્કલ્વ, ગજેરા શાળાની સામે, કતારગામ, સુરત | નોટીસ આપેલ છે. |
| ૭. | અષ્ટ વિનાયક<br>લક્ષ્મી એન્કલ્વ, ગજેરા શાળાની સામે, કતારગામ, સુરત | નોટીસ આપેલ છે. |
| ૮. | કુંજ એન્ટરપ્રાઈઝ<br>લક્ષ્મી એન્કલ્વ, ગજેરા શાળાની સામે, કતારગામ, સુરત | સંસ્થા ચેક કરેલ છે. |
| ૯. | રાજા ડેરી<br>લક્ષ્મી એન્કલ્વ, ગજેરા શાળાની સામે, કતારગામ, સુરત | સંસ્થા ચેક કરેલ છે. |
| ૧૦. | ડેરી ડોન<br>લક્ષ્મી એન્કલ્વ, ગજેરા શાળાની સામે, કતારગામ, સુરત | સંસ્થા ચેક કરેલ છે. |

કુલ–૧૦ સંસ્થા ચેક કરી રૂા. ૧૪,૭૫૦/–નો વહીવટી ખર્ચ પેટે વસુલ કરવામાં આવેલ છે. તેમજ ફુડ એન્ડ સેફટી સ્ટાન્ડર્ડ એકટ અન્વયે લાયસન્સ ન હોવાથી કુલ–૨ સંસ્થા બંધ કરાવવામાં આવેલ છે. આશરે ૦૭ કિલો અખાધ પદાર્થ જેવા કે વાશી પાઉં, શાકભાજી, ચટણી, સોસ વિગેરેનો નાશ કરાવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.....86..............:
તા.૧૭/૦૫/૨૦૧૮

# પ્રેસ નોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) આજરોજ (તા.૧૭/૦૫/૨૦૧૮) મા.એડી.સીટી ઈજનેરશ્રી ડી.એમ.પટેલ ની સુચના અન્વયે તાત્કાલિક અસરથી કાર્યપાલક ઈજનેરશ્રી આર.વી.ગામીતના સીધા માર્ગદર્શન હેઠળ નોર્થ ઝોન (કતારગામ)ના શહેર વિકાસ ખાતાનાં તમામ ડેપ્યુટી ઈજનેરશ્રી અને આસી. / જુની ઈજનેરો, અને પ્રાઈવેટ એજન્સીનાં આશરે ૧૫(પંદર) બેલદાર સહિતનો સ્ટાફ તેમજ ૨(બે)–જેસીવી, ૧(એક) –બ્રેકરનાં કાફલા સાથે સીકયુરીટી સ્ટાફ ની મદદથી નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં. ૫૦(વેડ–કતારગામ), ફા.પ્લોટ નં. ૫૦/૧/અ/૨+૫૦/૧/બી વાળી જગ્યામાં મંજુર પ્લાન વિરૂધ્ધ બેઝમેન્ટ નું બાંધકામ શરૂ કરવામાં આવેલ જે મંજુર પ્લાન વિરૂધ્ધ શરૂ કરેલ બાંધકામ બાબતે મિલ્કતદારોને અત્રેથી કારણદર્શક નોટીસ અને મનાઈ હુકમ તથા વખતો વખત મૌખિક સુચનાઓ આપી બાંધકામ વારંવાર અટકાવવામાં આવેલ. તેમ છતાં મિલ્કતદાર તરફથી બાંધકામ સતત ચાલુ રાખતા આજરોજ બેઝમેન્ટ ફુટીંગ અને ગ્રાઉન્ડ બીમ કરવાનું કામ શરૂ કરેલ જેમાં અત્રેથી ડીમોલીશનની કામગીરી હાથ ધરી સદર ગેરકાયદેસર બાંધકામ દુર કરી મિલ્કતદાર પાસેથી રૂા. ૧,૦૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

# :પ્રેસનોટ:

**સુરત મહાનગરપાલિકાના પૂર્વઝોન (વરાછા) ના કાર્યક્ષેત્ર વિસ્તારમાં સુરત–અબ્રામા રોડ ખાતે આવેલ ''વાઈસ્પાન બિલ્ડકોન'' ના ''શુભમ એવન્યુ'' બાંધકામ ખાતે વી.બી.ડી.સી. તથા આરોગ્ય વિભાગના આકસ્મિક ચેકીંગ દરમ્યાન મળેલ ક્ષતિ બદલ કરવામાં આવેલ કામગીરીની અખબારી યાદી :–**

---

સુરત મહાનગરપાલિકા હેઠળ આવેલ ચાલુ હાલતના બાંધકામો ખાતે મજુર વસાહતની આરોગ્ય સુખાકારી જળવાઈ રહે અને મચ્છરજન્ય પરિસ્થિતિ ઉદ્ભવે નહિ તે પ્રકારની કામગીરી હાથ ધરવા તેમજ ઓર્ગેનાઈઝર પાસે અમલવારી કરાવવા મે. કમિશ્નરશ્રી તરફથી તા.૧૬/૦૫/૨૦૧૮ નાં રોજ આદેશ કરવામાં આવેલ. સદર બાબતે આજરોજ તા.૧૭/૦૫/૨૦૧૮ નાં રોજ પૂર્વઝોન (વરાછા) નાં કાર્યક્ષેત્ર વિસ્તાર મોટા વરાછા વિસ્તારનાં **સુરત–અબ્રામા રોડ ખાતે આવેલ ''વાઈસ્પાન બિલ્ડકોન'' ના ''શુભમ એવન્યુ'' બાંધકામ** ખાતે આકસ્મિક ચેકીંગ દરમ્યાન બાંધકામની સાઈટ ખાતે મચ્છરજન્ય પરિસ્થિતિની ઉત્પતિની સંભાવના જણાય આવેલ તેમજ વસવાટી મજુરોને મચ્છરદાની ની સુવિધા પૂરી પાડવાનો અભાવ જોવા મળેલ તથા આરોગ્યલક્ષી કામગીરીની ગુણવત્તા જાળવેલ ન હોવાનું માલુમ પડતાં સ્થળ ઉપર જંતુનાશક દવાના છંટકાવ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. અવાર–નવાર આવી નિષ્કાળજી રાખવા સબબ વહીવટી પરચુરણ ખર્ચ પેટે રૂા.૧,૫૦,૦૦૦/– (અંકે એક લાખ પચાસ હજાર પુરા) વસૂલ લેવામાં આવેલ છે. તેમજ હંગામી ધોરણે ઓર્ગેનાઈઝર દ્વારા બાંધકામ બંધ કરવામાં આવેલ છે.

આથી તમામ બાંધકામના ઓર્ગેનાઈઝર/બિલ્ડરને જણાવવાનુ કે તમારી પ્રિમાઈસીસમાં બાંધકામ પૂર્ણ ન થાય ત્યાં સુધી નિયમિત સમયાંતરે કેરોસીન/ઓઈલ/ડીઝલનો છંટકાવ કરવા ઉપરાંત સાઈટ ઉપર વસવાટ કરતાં મજૂરોને મચ્છરદાની પૂરી પાડવા અનુરોધ કરવામાં આવે છે. અન્યથા કિસ્સામાં બાંધકામ સ્થગિત કરવા સુધીના આકરા પગલાં ભરવામાં આવશે. જેની નોંધ લેશો.

# પ્રેસનોટ

ગુજરાત સરકારશ્રીના સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અંતર્ગત આજ રોજ તા.૧૭/૦૫/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા સાફ–સફાઈનો કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં,

કતારગામ ઝોન ખાતે છાપરાભાઠા ખાડીની સાફસફાઈની કામગીરી જેસીબી ૨, ટ્રેકટર ૩ તથા પોકલેન મશીન ૧ નો ઉપયોગ કરવામાં આવેલ. તથા ૬૫૦ રનીંગ મીટર જેટલી ખાડીની સફાઈ કરી વનસ્પતી કચરાનો નિકાલ કરેલ.

ઉધના ઝોન વિસ્તારના ભેદવાડ ખાડી, ઉન ખાડી, જીવન જયોત અને પાંડેસરા ગુ.હા.બોર્ડ તથા વડોદ ખાડી ખાતે ૩ પોકલેન મશીનનો ઉપયોગ કરી આશરે ૧૯૫ રનીંગ મીટર વનસ્પતી/કચરાનો નિકાલ કરવામાં આવેલ.

લિંબાયત ઝોન વિસ્તારમાં પ્રિયંકા ખાડી, ઉમરવાડા ખાડીની સાફ–સફાઈના કાર્યક્રમમાં ૧૩૦ રનીંગ મીટર ખાડીની સફાઈ કરી વનસ્પતી/કચરાનો નિકાલ કરવામાં આવેલ તથા ખાડીની પાળ ઉપરની માટીના ઠગલા ઉપાડવામાં આવેલ, જેમાં પોકલેન મશીન નંગ–૧, જેસીબી નંગ–૨, ટ્રેકટર નંગ–૩ જેવા સાધનો ઉપયોગ કરવામાં આવેલ.

અઠવા ઝોન ખાતે એરપોર્ટ કંપાઉન્ડ પાસેની ખાડી, ડ્રીમ પેલેસ થી ખજોદ સુધીની ખાડી તથા મગદલ્લા ગામની ખાડીની સાફ સફાઈ કામગીરી કરવામાં આવેલ. જેમાં પોકલેન મશીન ૩ નો ઉપયોગ કરી કુલ ૪૭૦ રનીંગ મીટર જેટલી ખાડીની સફાઈ કરી વનસ્પતિ કચરાનો નિકાલ કરેલ.

રાંદેર ઝોન ખાતે પાલનપુર ગૌરવપથ કેનાલ કલવડ થી ટેના ખાડી સુધી પોકલેન મશીન ૧ નો ઉપયોગ કરી ૩૫૦ રનીંગ મીટર સફાઈ કરવામાં આવેલ.

વરાછા ઝોન ખાતે મણીનગર સોસાયટી પાસેની ખાડી પોકલેન મશીન ૧ નો ઉપયોગ કરી ૫૦ રનીંગ મીટર સફાઈ કરવામાં આવેલ. સરથાણા વોટર વર્કસ ઈન્ટેક વેલ ખાતે પોકલેન મશીન–૨, ટ્રેકટર– ૪, ટ્રક–૨, બોટ–૧૦, ડિવીડર–૩ જેવા સાધનો ઉપયોગમાં કરી અને ૫૦૦ ઘ.મી. જેટલી જળકુંભિ /કચરો તાપી નદીમાંથી બહાર કાઢવામાં આવેલ. ઉપરોકત તમામ ઝોન ખાતે તમામ કામગીરીઓ યાંત્રિક મશીનરીઓ ધ્વારા કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તાર ખાતે ૩૩ પાણીની લાઈન તથા ૧૦ વાલ્વ રીપેરીંગ, ગરેજ/સર્વિસ સ્ટેશનો વિગેરેમાં પાણીનો બગાડ રોકવા બાબતે ૧૬ નોટીસ આપવામાં આવેલ તથા રેન હાર્વેસ્ટીંગ સિસ્ટમ અસરકારક રીતે કાર્યરત રાખવા ૦૭ સ્થળે સફાઈ કરવામાં આવી. જેમાં ૧૭૫ જેટલા સુરત મહાનગરપાલિકાના કામદારો તથા વિવિધ કોન્ટ્રાકટ એજન્સીઓ પાસે કામગીરી કરાવવામાં આવેલ.

# "પ્રેસ નોટ"

મિનિસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન અફેર્સની કન્સલ્ટેટીવ કમિટિની આગામી તા.૦૮/૦૬/૨૦૧૮ ના રોજ સુરત ખાતે કોન્ફરન્સ યોજવામાં આવેલ છે. સદર કમિટિ સુરત સ્માર્ટ સીટી મિશન અંતર્ગત પ્રોજેકટના અમલીકરણ અંગેની સુરત સ્માર્ટ સીટી ધ્વારા થયેલ ઝડપી કામગીરી માટે કયા–કયા પરિબળો અને કામની કાર્યપધ્ધતિનું અવલોકન કરનાર છે. હાલમાં સુરત સ્માર્ટ સીટી અંતર્ગત ચાલતા / પૂર્ણ થયેલ પ્રોજેકટોની સાઈટ વિઝીટ કરનાર છે. જેના આધારે અન્ય સ્માર્ટ સીટીના પ્રોજેકટનું અમલીકરણ ઝડપથી થાય તેની રૂપરેખા નકકી કરનાર છે. આ કમિટિમાં નીચે મુજબની વિગતે મેમ્બર્સ ઓફ લોકસભાના–૧૫ સદસ્યશ્રીઓ તથા રાજયસભાના–૦૮ સદસ્યશ્રીઓ મુલાકાત લેનાર છે. સદર કમિટિના ચેરમેનશ્રી હરદીપસિંઘ પુરી તેમજ અન્ય કમિટિ સભ્યો સહીત અંદાજીત ૫૦ ની ટીમ સુરત શહેરની મુલાકાતે આવનાર છે જેમાં **Shri Arjun Ram Meghwal,** Minister of State in the Ministry of Parliamentary Affairs (Ex-Officio Member) **and Shri Vijay Goel,** Minister of State in the Ministry of Parliamentary Affairs (Ex-Officio Member) આવનાર છે તેમજ વિવિધ સ્માર્ટ સીટીના **CEO** હાજર રહેનાર છે.

| Sr. No. | Members of Lok Sabha | Sr. No. | Members of Rajya Sabha |
|---|---|---|---|
| 1 | Shri Bhartruhari Mahtab | 1 | Dr. Abhishek M. Singhvi |
| 2 | Shri Dhanjay B. Mahadik | 2 | Smt.Kanimozhi |
| 3 | Shri Gokaraju G.Raju | 3 | Shri Motilal Vora |
| 4 | Shri H.D.Devegowda | 4 | Shri Rewati Raman Singh |
| 5 | Shri K.R.P.Prabakaran | 5 | Shri Sanjay D. Kakade |
| 6 | Dr.Kirit Somaiya | 6 | Dr. Satynarayan Jatiya |
| 7 | Shri Parvesh S Singh | 7 | Dr. Tezeen Fatma |
| 8 | Shri Prahlad V. Joshi | 8 | Smt. Vandana Chavan |
| 9 | Shri Ragghav Lakhanpal | | |
| 10 | Shri Rajan B. Vichare | | |
| 11 | Shri Rattan L. Kataria | | |
| 12 | Shri Santokh S. Chaudhary | | |
| 13 | Smt.Santosh Ahlawat | | |
| 14 | Shri Saumitra Khan | | |
| 15 | Dr. Shrikant E. Shinde | | |

ઉકત જણાવેલ તા.૦૮–૦૬–૨૦૧૮ના રોજ યોજાનાર કોન્ફરન્સમાં સ્માર્ટ સીટી મિશન ડાયરેકટરશ્રી, ધ્વારા વિગતવાર પ્રેઝન્ટેશન કરવામાં આવનાર છે તેમજ સુરત, વિશાખાપટ્ટનમ, ભોપાલ, પૂણે,એન.એમ.ડી.સી., ભુવનેશ્વર અને અમદાવાદ શહેરો ધ્વારા પણ સ્માર્ટ સીટીના પ્રોજેકટો અંગે પ્રેઝન્ટેશન કરી એમના પ્રોજેકટની વિસ્તૃત માહીતી પુરી પાડવામાં આવશે.

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૧૧/૦૫/૨૦૧૮ થી તા.૧૭/૦૫/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૨૮૦૦ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૮૬ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૬૪ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૯ |
| ૫ | માયનોર ઓપરેશન | ૦ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૦૫ |

# પ્રે સ નો ટ

આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેરમાં આવેલ નીચે જણાવેલ હોટલ–રેસ્ટોરેન્ટમાં તા.૧૮/૦૫/૨૦૧૮નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સ્થળ તપાસ કરવામાં આવેલ છે અને કુલ–૯ ઈનફોર્મલ તથા કુલ–૨ ફોર્મલ નમુના લેવામાં આવેલ છે. જે નમુના પૃથ્થકરણ સારૂં ફુડ એનાલીસ્ટ ખાતે મોકલી આપવામાં આવેલ છે. જેનો રીપોર્ટ આવ્યે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

| અ.ન. | સંસ્થાનુ નામ અને સરનામુ |
|---|---|
| ૧. | ધ ગેટ વે હોટલ<br>અંબિકા નિકેટન, પારલે પોઈન્ટ, અઠવાલાઈન્સ, સુરત |
| ૨. | ધ ગ્રેન્ડ ભગવરી હોટલ (ટી.જી.બી.)<br>અંબિકા નિકેટન, પારલે પોઈન્ટ, અઠવાલાઈન્સ, સુરત |
| ૩. | હોટલ જીન્જર<br>પીપલોદ, સુરત |
| ૪. | હોટલ ઓએસ્ટાર<br>પીપલોદ, સુરત |
| ૫. | લોર્ડ પ્લાઝા<br>બેલજીયમ ટાવર, રીગ રોડ, સુરત |
| ૬. | બેસ્ટ વેસ્ટન યુવરાજ<br>૭/૨૭૮, ગુલામબાબા કંમ્પાઉન્ડની બાજુમાં, સુરત |

# પ્રે સ નો ટ

આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ ઉનાળાની સીઝનને ધ્યાને રાખી તા.૧૭/૦૫/૨૦૧૮નાં રોજ અઠવા ઝોન વિસ્તારમાં આવેલ ખાધ પદાર્થનું વેચાણ કરતી સંસ્થા તથા લારીઓની અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો તથા આરોગ્યના સ્ટાફ સાથે રહી સ્થળ તપાસ કરી , આરોગ્યલક્ષી ખામીઓ જણાતા નોટીસ આપવામાં આવેલ છે.

| અ.ન. | સંસ્થાનુ નામ અને સરનામુ | વિગત |
|---|---|---|
| ૧. | કલ્પધૃમ હોસ્પિટાલીટી (ચાર કોલ)<br>ગંગા હાઉસ, પીપલોદ, સુરત | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૨. | સાંઈનાથ આમલેટ સેન્ટર<br>રાહુલ રાજ મોલ સામે, પીપલોદ, સુરત | નોટીસ આપેલ છે. |
| ૩. | રમેશ યાદવ આમલેટ સેન્ટર<br>રાહુલ રાજ મોલ સામે, પીપલોદ, સુરત | નોટીસ આપેલ છે. |
| ૪. | વાહ વાહ પંજાબી ફુડ જંકશન<br>રાહુલ રાજ મોલ સામે, પીપલોદ, સુરત | નોટીસ આપેલ છે. |
| ૫. | ફયુઝન હાઉસ<br>રાહુલ રાજ મોલ સામે, પીપલોદ, સુરત | નોટીસ આપેલ છે. |
| ૬. | ઈટમી<br>રાહુલ રાજ મોલ સામે, પીપલોદ, સુરત | નોટીસ આપેલ છે. |
| ૭. | સ્મોકીંગ ફુલ ફાયર પીઝા<br>રાહુલ રાજ મોલ સામે, પીપલોદ, સુરત | નોટીસ આપેલ છે. |
| ૮. | ગુરૂન્ગ મોમોઝ<br>રાહુલ રાજ મોલ સામે, પીપલોદ, સુરત | નોટીસ આપેલ છે. |
| ૯. | મી ઈન્ડિયા સોડા<br>રાહુલ રાજ મોલ સામે, પીપલોદ, સુરત | નોટીસ આપેલ છે. |

કુલ–૦૯ સંસ્થા ચેક કરી રૂા. ૧૬,૦૦૦/–નો વહીવટી ખર્ચ પેટે વસુલ કરવામાં આવેલ છે. તેમજ આરોગ્યલક્ષી ખામીઓ જણાતા કુલ–૧ સંસ્થા બંધ કરાવવામાં આવેલ છે. આશરે ૧૫ કિલો અખાધ પદાર્થ જેવા કે વાશી પાઉ, શાકભાજી, ચટણી, સોસ વિગેરેનો નાશ કરાવેલ છે.

## સુજલામ સુફલામ જળ સંચય અભિયાન

# પ્રેસનોટ

ગુજરાત સરકારશ્રીના સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અંતર્ગત આજ રોજ તા.૧૮/૦૫/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા સાફ–સફાઈનો કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં,

પૂર્વ ઝોન (વરાછા ) માં આવેલ કેનાલની સાફ–સફાઈ કરવામાં આવેલ જેમાં જેસીબી–૩, ટ્રેકટર–૭, ટ્રક–૩ નો ઉપયોગ કરી સુરત મહાનગરપાલિકાના ૧૭૫ કર્મચારીઓ ધ્વારા ૩૬ ઘ.મી કચરાનો નિકાલ કરવામાં આવેલ. તથા મણીનગર સોસાયટી પાસેની ખાડીમાં પોકલેન મશીન ૧ નો ઉપયોગ કરી ૫૫ રનીંગ મીટર જેટલી ખાડી સફાઈ કરી પાણી જન્ય વનસ્પતિ/કચરાનો નિકાલ કરેલ. સરથાણા વોટર વર્કસ ઈન્ટેક વેલ ખાતે પોકલેન મશીન–૨, જે.સી.બી–૦૧, ડોઝર–૦૧, ટ્રેકટર– ૩, ટ્રક–૨, બોટ–૧૦, ડિવીડર–૩ જેવા સાધનો ઉપયોગમાં લઈ ૫૦૦ ઘ.મી. જેટલી જળકુંભિ /કચરો તાપી નદીમાંથી બહાર કાઢવામાં આવેલ. .આ કાર્યક્રમમાં માન.મેયરશ્રી શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, માન.શાસક પક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મીશ્રા તથા માન.સ્થાનિક મ્યુ.સદસ્યશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.

કતારગામ ઝોન ખાતે છાપરાભાઠા ખાડીની સાફસફાઈની કામગીરીમાં જેસીબી ૧, ટ્રેકટર ૩ તથા પોકલેન મશીન ૧ નો ઉપયોગ કરવામાં આવેલ. તથા ૬૦૦ રનીંગ મીટર જેટલી ખાડીની સફાઈ કરી વનસ્પતી કચરાનો નિકાલ કરેલ.

ઉધના ઝોન વિસ્તારના ભેદવાડ ખાડી, ઉન ખાડી, જીવન જયોત અને પાંડેસરા ગુ.હા.બોર્ડ તથા વડોદ ખાડી ખાતે ૩ પોકલેન મશીનનો ઉપયોગ કરી આશરે ૧૯૫ રનીંગ મીટર વનસ્પતી/કચરાનો નિકાલ કરવામાં આવેલ.

લિંબાયત ઝોન વિસ્તારમાં પ્રિયંકા ખાડી, ઉમરવાડા ખાડીની સાફ–સફાઈના કાર્યક્રમમાં ૮૦ રનીંગ મીટર ખાડીની સફાઈ કરી વનસ્પતી/કચરાનો નિકાલ કરવામાં આવેલ તથા ખાડીની પાળ ઉપરની માટીના ઠગલા ઉપાડવામાં આવેલ, જેમાં પોકલેન મશીન નંગ–૨, ટ્રેકટર નંગ–૩ જેવા સાધનો ઉપયોગ કરવામાં આવેલ.

અઠવા ઝોન ખાતે એરપોર્ટ કંપાઉન્ડ પાસેની ખાડી, ડ્રીમ પેલેસ થી ખજોદ સુધીની ખાડી તથા મગદલ્લા ગામની ખાડીની સાફ સફાઈ કામગીરી કરવામાં આવેલ. જેમાં પોકલેન મશીન ૩ નો ઉપયોગ કરી કુલ ૪૭૦ રનીંગ મીટર જેટલી ખાડીની સફાઈ કરી વનસ્પતિ કચરાનો નિકાલ કરેલ.

રાંદેર ઝોન ખાતે પાલનપુર ગૌરવપથ કેનાલ કલવડ થી ટેના ખાડી સુધી પોકલેન મશીન ૧ નો ઉપયોગ કરી ૩૫૦ રનીંગ મીટર સફાઈ કરવામાં આવેલ.

ઉપરાંત તમામ ઝોન વિસ્તાર ખાતે ૩૨ પાણીની લાઈન તથા ૭ વાલ્વ રીપેરીંગ, ગેરેજ/સર્વિસ સ્ટેશનો વિગેરેમાં પાણીનો બગાડ રોકવા બાબતે ૧૬ નોટીસ આપવામાં આવેલ તથા રેન હાર્વેસ્ટીંગ સિસ્ટમ અસરકારક રીતે કાર્યરત રાખવા ૦૮ સ્થળે સફાઈ કરવામાં આવી. જેમાં ૧૮૦ જેટલા સુરત મહાનગરપાલિકાના કામદારો તથા વિવિધ કોન્ટ્રાકટ એજન્સીઓ પાસે કામગીરી કરાવવામાં આવેલ.







# પ્રેસ નોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) માં આવેલ ટી.પી.સ્કીમ નં. ૧૮(કતારગામ), ફા.પ્લોટ નં.૮૭+૮૮, રે.સ.નં. ૪૯૩ વાળી વિહાર કો.ઓ.હા.સોસાયટીમાં ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન(આઈ.સી.) નાં નાણાં ભરવા સોસાયટીનાં પ્રમુખ તેમજ સભ્યોને અત્રેનાં નોર્થ ઝોન(કતારગામ) કચેરી તરફથી નોટીસો બજાવેલ. તેમજ વારંવાર સોસાયટીમાં જઈ આઈ.સી. નાં નાણાં ભરવા તાકીદ કરવા છતાં સોસાયટીનાં સભ્યો દાદ દેતાં ન હતા. જેથી આજરોજ એડીશનલ સીટી ઈજનેરશ્રીની સીધી સુચના હેઠળ, તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ સ્ટાફ તેમજ પાણી વિભાગનાં સ્ટાફ તેમજ પ્લમ્બરો સાથે જઈ જેમણે આઈ.સી. ના નાણાં ન ભરેલ હતા તેના નળ કનેકશનો કાપવાની શરૂઆત આરંભી દિધી છે. જે મુજબ વિહાર સોસાયટીનાં પ્લોટ નં. ૧૨૩, ૧૨૫, ૧૨૬, (ધ્વારકાધીશ એપાર્ટ), પ્લોટ નં.૪૯, શિવશકિત એપાર્ટમેન્ટ નાં નળ કનેકશનો કાપી નાંખવામાં આવેલ છે. તેમજ પ્લોટ નં. ૯૯, ૧૦૦, ૪૮ નાં મિલ્કતદારોનાં નળ કનેકશનો કાપવાની શરૂઆત કરતાં સ્થળેથી મિલ્કતદારોએ ઓફિસમાં જઈ આઈ.સી.નાં નાણાં તાબડતોબ ઓફિસમાં ભરી દિધા છે જે પ્લોટ હોલ્ડરોનાં આઈ.સી.નાં નાણાં બાકી છે તે પ્લોટ હોલ્ડરોનાં નળ કનેકશનો તબક્કાવાર ટુંક સમયમાં કાપી નાંખવામાં આવશે. સદર ટી.પી. સ્કીમ નં. ૧૮(કતારગામ) તા.૦૭/૦૭/૨૦૦૮ થી ફાયનલ ટી.પી.સ્કીમ થઈ ગઈ છે. તેમજ સોસાયટીના ૭૦ થી ૮૦% લોકોએ આઈ.સી.ના નાણાં ભરપાઈ કરેલ છે. બાકીનાં ૨૦ થી ૩૦ % લોકો આઈ.સી.ના નાણાં ન ભરતાં હોવાથી સોસાયટીમાં સુવિધા લેવાથી વંચીત રહી જાય છે. જેથી આ કામગીરી હવે અત્રેના ઝોન તરફથી તબક્કાવાર ઝુંબેશ કરી ઘનિષ્ટ પગલાં લેવામાં આવનાર છે.

<u>સુજલામ સુફલામ જળ સંચય અભિયાન</u>

# પ્રેસનોટ

ગુજરાત સરકારશ્રીના સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અંતર્ગત આજ રોજ તા.૧૯/૦૫/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા સાફ–સફાઈનો કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં,

લંબાયત ઝોન સમ્રાટ વિધાલય પાસે કેનાલની સાફ–સફાઈ કરવામાં આવેલ જેમાં જેસીબી–૩, ટ્રેકટર–૩, ટ્રક–૨ નો ઉપયોગ કરી કચરાનો નિકાલ કરવામાં આવેલ. તથા પ્રિયંકા ખાડી, ઉમરવાડા ખાડીની સાફ–સફાઈના કાર્યક્રમમાં ૧૩૦ રનીંગ મીટર ખાડીની સફાઈ કરી વનસ્પતી/કચરાનો નિકાલ કરવામાં આવેલ તથા ખાડીની પાળ ઉપરની માટીના ઠગલા ઉપાડવામાં આવેલ, જેમાં પોકલેન મશીન નંગ–૨, જેસીબી–નંગ–૧ જેવા સાધનો ઉપયોગ કરવામાં આવેલ.

પૂર્વ ઝોન (વરાછા )માં મણીનગર સોસાયટી પાસેની ખાડીમાં પોકલેન મશીન ૧ નો ઉપયોગ કરી ૫૦ રનીંગ મીટર જેટલી ખાડી સફાઈ કરી પાણી જન્ય વનસ્પતિ/કચરાનો નિકાલ કરેલ. સરથાણા વોટર વર્કસ ઈન્ટેક વેલ ખાતે પોકલેન મશીન–૧, જે.સી.બી–૦૧, ડોઝર–૦૧, ટ્રેકટર– ૩, ટ્રક–૨, બોટ–૧૦, ડિવીડર–૩ જેવા સાધનો ઉપયોગમાં લઈ ૫૦૦ ઘ.મી. જેટલી જળકુંભિ /કચરો તાપી નદીમાંથી બહાર કાઢવામાં આવેલ.

કતારગામ ઝોન ખાતે છાપરાભાઠા ખાડીની સાફસફાઈની કામગીરીમાં જેસીબી ૧, ટ્રેકટર ૩ તથા પોકલેન મશીન ૧ નો ઉપયોગ કરવામાં આવેલ. તથા ૫૦૦ રનીંગ મીટર જેટલી ખાડીની સફાઈ કરી વનસ્પતી કચરાનો નિકાલ કરેલ.

ઉધના ઝોન વિસ્તારના ભેદવાડ ખાડી, ઉન ખાડી, જીવન જયોત અને પાંડેસરા ગુ.હા.બોર્ડ તથા વડોદ ખાડી ખાતે ૩ પોકલેન મશીનનો ઉપયોગ કરી આશરે ૧૭૫ રનીંગ મીટર વનસ્પતી/કચરાનો નિકાલ કરવામાં આવેલ.

અઠવા ઝોન ખાતે એરપોર્ટ કંપાઉન્ડ પાસેની ખાડી, ડ્રીમ પેલેસ થી ખજોદ સુધીની ખાડી તથા મગદલ્લા ગામની ખાડીની સાફ સફાઈ કામગીરી કરવામાં આવેલ. જેમાં પોકલેન મશીન ૩ નો ઉપયોગ કરી કુલ ૩૨૦ રનીંગ મીટર જેટલી ખાડીની સફાઈ કરી વનસ્પતિ કચરાનો નિકાલ કરેલ.

રાંદેર ઝોન ખાતે પાલનપુર ગૌરવપથ કેનાલ કલવડ થી ટેના ખાડી સુધી પોકલેન મશીન ૧ નો ઉપયોગ કરી ૪૦૦ રનીંગ મીટર સફાઈ કરવામાં આવેલ.

ઉપરાંત તમામ ઝોન વિસ્તાર ખાતે ૩૬ પાણીની લાઈન તથા ૭ વાલ્વ રીપેરીંગ, ગેરેજ/સર્વિસ સ્ટેશનો વિગેરેમાં પાણીનો બગાડ રોકવા બાબતે ૧૬ નોટીસ આપવામાં આવેલ તથા રેન હાર્વેસ્ટીંગ સિસ્ટમ અસરકારક રીતે કાર્યરત રાખવા ૦૭ સ્થળે

સફાઈ કરવામાં આવી. જેમાં ૧૭૨ જેટલા સુરત મહાનગરપાલિકાના કામદારો તથા વિવિધ કોન્ટ્રાકટ એજન્સીઓ પાસે કામગીરી કરાવવામાં આવેલ.








## પ્રેસનોટ

## સુરત સ્ટાર્ટઅપ ફેસ્ટિવલ

તા.૧૯/૦૫/૨૦૧૮ ના રોજ પ્રથમ સુરત સ્ટાર્ટઅપ ફેસ્ટિવલનું ઉદઘાટન મા. મેયરશ્રી, કમિશ્નરશ્રી, સ્ટેન્ડીગ કમિટી ચેરમેનશ્રીતથા અન્ય મહાનુભવોના વરદ હસ્તે કરવામા આવ્યુ. આ પ્રસંગે સ્વીડનના કોન્સ્યુલેટના વાઈસ કોન્સ્યુલ જોન માયર તથા કે.કે.નિરાલા (ડિરેકટર ટેકનીકલ અને હાયર એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ, ગુજરાત રાજય) પણ ખાસ ઉપસ્થિત રહી સ્ટાર્ટઅપ અને ઈનોવેશન માટે માર્ગદર્શક ઉદબોધન કરેલ હતું.

આ ફેસ્ટિવલમાં આઈડિયા કોમ્પિટીશન, પીચીંગ ફોર ફંડીગ, પેનલ ડીસ્કશન તથા સ્ટાર્ટઅપને લગતાં વિવિધવિષયો પરના સેમિનારનું આયોજન કરવામા આવ્યુ હતું. યુવા ઉધ્યોગ સાહસિકોને પ્રેરણા મળે તે માટે સુરત સાથે સંકળાયેલા સફળ યુવા ઉદ્યોગ સાહસિકોએ પોતાના અનુભવો શેર કર્યા હતા જે ખૂબ જ માહિતી સભર અને પ્રોત્સાહક હતું.

આ પ્રસંગે સુરત સ્માર્ટ સીટી દ્વારા સ્થાપવામાં આવેલી સુરત આઈડિયા અને ઈનોવેશન લેબ (સુરતી આઈ લેબ) નો પણ પ્રાસંગિક પરીચય આપવામાં આવ્યો હતો. તે પ્રમાણે સુરતી આઈ લેબ ટુક સમયમાં ઉધના ખાતે  ઈન્કયુબેશન સેન્ટરની સ્થાપના કરશે જેમાં ૧૨૦ સીટની કેપેસીટી હશે તથા તેમાં ફંડિગ, મેન્ટરીગ, બીઝનેશ ડેવલપમેન્ટની સહાયતા કરવામાં આવશે.

સુરત સ્ટાર્ટ અપના આ પ્રથમ ફેસ્ટીવલમાં વિદ્યાર્થીઓ તથા યુવા સાહસિકોએ મોટી સંખ્યામાં ઉમળકાભેર ભાગ લીધો હતો. જેમાં આઈડીયા કોમ્પીટીશનના સ્ટોલ તથા સ્ટાર્ટઅપ સ્ટોલનું પ્રદર્શન  પ્રવેશ વિના શુલ્ક છે.

આ ફેસ્ટીવલથી સુરતમાં સ્ટાર્ટ અપને મદદરૂપ થવા માટેનું યોગ્ય, પ્રોત્સાહક તથા પ્રેરણાત્મક વાતાવરણ ઉભું કરવામાં મદદ મળશે. તથા શૈક્ષણિક અને ઓદ્યોગિક સંસ્થાઓ સાથે પરસ્પર સહકારની સકારાત્મક ભૂમિકા તૈયાર કરવામાં પણ મદદ મળશે.

સ્ટાર્ટઅપ ફેસ્ટિવલ અંતર્ગત સુરત સ્માર્ટ સીટી દવારા આઈડીયા કોમ્પિટીશન રાખવામા આવી હતી જેમા ધંધાને લગતા નવતર વિચારો સાથેની અરજીઓ મંગાવવામા આવેલ, જેમા ૧૮૦ જેટલા આઈડીયા માટેની અરજીઓ મળેલ. જેમાથી ૦૫ આઈડીયા ધારકોને જયુરી સમક્ષ પ્રેઝેન્ટેશન આપેલ. તેમાથી ૦૩ વિજેતાઓને તા.૨૦/૦૫/૨૦૧૮ એ મા. મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે એવોર્ડ આપવામાં આવશે.



# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

તા.૨૦/૦૫/૨૦૧૮ ના રોજ ગુજરાત રાજયના માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ધ્વારા સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત સરથાણા ઈન્ટેકવેલ ખાતે જળઅભિયાન કાર્યક્રમનું નિરીક્ષણ કરવામાં આવેલ.

આ પ્રસંગે માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનું માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયા તથા માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસન તથા અન્ય મંચસ્થ મહાનુભાવો ધ્વારા બુકે અર્પણ કરી સ્વાગત કરવામાં આવેલ.

સુજલામ સુફલામ જળઅભિયાને સફળ બનાવવા માટે માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીને સેવાભાવી સંસ્થા ધ્વારા રૂા.૮૮.૫૩ લાખનો ચેક અર્પણ કરવામાં આવેલ જેમાં સુરત બિલ્ડર એસોસીએશન ધ્વારા રૂા.૫૦ લાખનો ચેક,એન્વાયરો કંન્ટ્રોલ એસોસીએયટસ પ્રા.લિ.ધ્વારા રૂા.૧૧ લાખનો ચેક,પાંડેસરા ઈન્ડસ્ટ્રી એસોસીએશન ધ્વારા રૂા.૧૧ લાખનો ચેક,ચેરમેન સચીન ઈન્ફ્રા એન્વાયરમેન્ટ લી. ધ્વારા રૂા.૫ લાખનો ચેક,શ્રી ભીખુભાઈ ધામેલિયા ધ્વારા રૂા.૩ લાખનો ચેક,શ્રી નરેશભાઈ અગ્રવાલ ધ્વારા રૂા.૨.૫૧ લાખનો ચેક,રાજહંસગૃપના શ્રી જયેશભાઈ દેસાઈ ધ્વારા રૂા.૨ લાખનો ચેક,શ્રી અશોકભાઈ સતાની ધ્વારા રૂા.૧ લાખનો ચેક,વિદ્યુત ઈલેકિટ્રકલ્સના શ્રી મધુસુદન સાબુ ધ્વારા રૂા.૧ લાખનો ચેક, ગોધાણી ઈમ્પેકસના શ્રી કૃણાલ ગોધાણી અને શ્રી શીરીન ગોધાણી ધ્વારા રૂા.૧ લાખનો ચેક,હિન્દુસ્તાન ફેબ્રિકેટર્સના શ્રી સુબોધભાઈ તલાટી ધ્વારા ૫૧ હજારનો ચેક,શ્રી નીગુણદાસ સ્વામી અને શ્રી સ્નેહનિધિ સ્વામી ધ્વારા ૫૧ હજારનો ચેક તથા શ્રી જે.પી.થેસિયા ધ્વારા પોકલેન્ડ મશીન સેવા અર્થે મફતમાં ફાળવવામાં આવેલ.

કાર્યક્રમના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતુ કે ગુજરાત રાજય ધ્વારા ૧ મે થી ૩૧ મે ચોમાસા પહેલાના મહિના દરમ્યાન સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત તળાવો ઊડા કરવામાં આવી રહયા છે અને નદીઓની સાફ–સફાઈ કરવામાં આવી રહી છે ૧૮,૦૦૦ મેટ્રિક ટન જળકુંભી કાઢવામાં આવી કેનાલની સાફ–સફાઈ કરવામાં આવી.નદીઓને પુનઃજીવિત કરવી અને ખેત તલાવડી બનાવવી ટુંકમાં ૧ હજાર લાખ પાણીની ક્ષમતા ગુજરાતનું લક્ષ્યાંક છે.૧ મે ના રોજ ૨૦૦૦ જેટલા ટ્રેકટર કામે લાગ્યા હતા અને આજે ૨૨,૦૦૦ જેટલા ટ્રેકટર કામે લાગી ગયા છે ૧ મે ના રોજ ૪૫૦ સંસ્થાઓ આ કાર્યક્રમમાં જોડાઈ હતી અને આજે ૨૮૦૦ જેટલી સંસ્થાઓ લોકભાગીદારીથી આ અભિયાન પાર પાડવામાં આવી રહયું છે આ અભિયાનમાં ૨૭૦૦૦ જેટલા લોકો શ્રમદાન હતો અને આજે ૩,૧૫,૦૦૦ જેટલા લોકો શ્રમદાન કરી રહયા છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતને પાણીદાર બનાવવાનો છે. પાણીના એક એક ટીપાનો સદ્‌પયોગ થાય તેથી આ અભિયાન શરૂ કરવામાં આવેલ છે લોકભાગીદારીથી ભારતનું સૌથી મોટુ જળ અભિયાન ગુજરાતે કર્યું છે દર વર્ષે તાપી નદી માંથી જળકુંભી કાઢી તાપી સ્વચ્છ કરવામાં આવે છે.નદીને નિર્મળ બનાવવી એ આપણી ફરજ છે.ધરતીને તરસ માંથી મુકત કરવાનું કામ ગુજરાતની જનતાએ કરી લીધુ છે.૪૫ ડિગ્રી તાપમાનમાં પણ ગુજરાતની જનતા જે કાર્ય કરી રહી છે નદીઓમાં જયારે પાણી આવશે ત્યારે આ પરસેવો આપણા માટે

પ્રસાદ બનશે અને ગુજરાતની સમૃધ્ધિ વધશે. ગંદુ પાણી નદીમાં આવતુ બંધ થાય.જળકુંભી બંધ થાય એ માટે ગુજરાત સરકાર રૂા.૯૦૦ કરોડનો પ્રોજેકટ અમલમાં મૂકી રહી છે

આ પ્રસંગે માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયા, માન.મંત્રી (રાજય કક્ષા) આરોગ્ય અને પરિવાર કલ્યાણ,તબીબી શિક્ષણ,ગુજરાત રાજય શ્રી કિશોરભાઈ કાનાણી (કુમાર), માન.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, માન.સાંસદ શ્રી સી.આર.પાટીલ, માન.ધારાસભ્ય શ્રી પુર્ણેશભાઈ મોદી,માન.ધારાસભ્ય શ્રી હર્ષ સંઘવી , માન.ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ માન.ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, માન.ધારાસભ્ય શ્રી વિવેકભાઈ પટેલ, માન.ધારાસભ્ય શ્રી વિનોદભાઈ મોરડીયા, માન.ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈ ઘોઘારી, માન.ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ રાણા, માન.ધારાસભ્ય શ્રી કાંતિભાઈ બલર, માન.ધારાસભ્ય શ્રી વિનુભાઈ ઝાલાવડીયા, માન.ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી,માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, માન.નેતાશ્રી શાસકપક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા, માન.શહેર ભાજપ પ્રમુખશ્રી નીતિનભાઈ ભજીયાવાલા,પ્રદેશ મહામંત્રી શ્રી ભરતસિંહ પરમાર, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ,મ્યુ.સદસ્યશ્રીઓ,માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસન,માન.જિલ્લા કલેકટર ર્ડા.ધવલ પટેલ,માન.પોલીસ કમિશનર શ્રી સતિષ શર્મા, સુરત મહાનગરપાલિકાના આશરે ૩૭૦૦ જેટલા કર્મચારીઓ તથા એન.જી.ઓ તથા અન્ય ૧૨૭૫ જેટલી સંસ્થાઓ તથા ખુબ મોટી સંખ્યામાં જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.


સુરત મહાનગરપાલિકા


સુરત મહાનગરપાલિકા


સુરત મહાનગરપાલિકા


સુરત મહાનગરપાલિકા


સુરત મહાનગરપાલિકા


સુરત મહાનગરપાલિકા


સુરત મહાનગરપાલિકા


સુરત મહાનગરપાલિકા


સુરત મહાનગરપાલિકા


સુરત મહાનગરપાલિકા
CREDAI
SURAT
MUNICIPAL COMMISSIONER, SURAT MUNICIPAL CORPORATION
₹ 50,00,000/-
FIFTY LAKHS ONLY


સુરત મહાનગરપાલિકા

















સુરત મહાનગરપાલિકા

# <u>પ્રેસનોટ</u>

## <u>**mySurat**સીટીઝનએન્ગેઈજમેન્ટપોર્ટલ અને મોબાઈલએપ</u>

તા. ૨૦.૦૫૨૦૧૮ના ઈન્ટરનેશનલબીઝનેઝ એક્ઝીબીશન સેન્ટર ખાતે સુરત સ્ટાર્ટઅપફેસ્ટીવલ અને સ્માર્ટસીટીસમિટ, સુરત દરમિયાન માનનીય. મુખ્યમંત્રીશ્રીવિજયભાઈરૂપાણીના વરદ હસ્તે સુરત મહાનગરપાલિકાનાસ્માર્ટસીટીપ્રોજેક્ટ **mySurat** સીટીઝન એન્ગેઈજમેન્ટ પોર્ટલ અને મોબાઈલ એપલોન્ચ કરવામાં આવી. સદર કાર્યક્રમમાંસદર કાર્યક્રમમાં શ્રી. સી.આર. ચોધરી, મીનીસ્ટર ઓફ સ્ટેટ ફોર કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા, શ્રી કિશોર (કુમાર) કાનાણી, હેલ્થ મીનીસ્ટર, ગવર્મેન્ટ ઓફ ગુજરાત પણ ઉપસ્થિત રહ્યા હતા.

સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગતસુરત શહેરના નાગરિકો સાથે સીટીઝનએન્ગેઈજમેન્ટ અને પાર્ટીસીપેશન વધારવા સુરતમહાનગરપાલિકા દ્વારા આયોજન કરવામાં આવેલ છે. આ સંદર્ભે, નાગરિકો સાથે માહિતી, વિચારો અને સૂચનોનું આદાનપ્રદાન, કન્સલ્ટેશન, વિગેરે માટે **mySurat**સીટીઝનએન્ગેઈજમેન્ટ પ્લેટફોર્મ બનાવવામાં આવેલ છે.

જે અંતર્ગત સુરતમહાનગરપાલિકા દ્વારા નાગરિકો માંપોપ્યુલર એવા સોશિયલમીડિયા પ્લેટફોર્મ જેવાકેફેસબુક, વોટ્સએપ, ટ્વીટર, જેવા માધ્યમ મારફતસીટીઝનએન્ગેઈજમેન્ટ શરુ કરવામાં આવેલ છે.**mySurat**સીટીઝનએન્ગેઈજમેન્ટપ્લેટફોર્મના ભાગ રૂપ સુરત મહાનગરપાલિકા દ્વારા **mySurat.in** વેબપોર્ટલ અને **mySurat**મોબાઈલએપલોન્ચ કરવામાં આવનાર છે.

સદર પોર્ટલ અને મોબાઈલ એપ મારફત સુરત મહાનગરપાલિકા નાગરિકો સાથે બ્લોગ અને ફોરમ જેવા ફીચર થકી ઈન્ટરેકટ કરી શકશે. વધુમાં સુરત મહાનગરપાલિકા દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓઅને સુવિધા માટે ઓપિનિયન પોલ/સર્વે કરી નાગરિકોનો અભિપ્રાય લઈ શકાશે. આ ઉપરાંત, સુરતમહાનગરપાલિકાની કામગીરી અને શહેરને લગતા વિવિધ વિષયો ઉપર સ્લોગન રાઈટીંગ, ડ્રોઈંગ, ફોટોગ્રાફી, જેવી વિવિધ કોમ્પિટિશન mySurat પ્લેટફોર્મ થકી શક્ય બનશે.

આમ,સ્માર્ટ સીટી યોજના અંતર્ગત ડીજીટલ માધ્યમ દ્વારા શહેરીજનો સાથે જનભાગીદારી માટે સતત નાગરિક સંપર્ક અને વિચાર વિનિમય માટે mySurat પ્રોજેક્ટ અંતર્ગત Mysurat.inપોર્ટલતથા મોબાઈલએપ્લીકેશનશહેરીજનોનેભારત સરકારશ્રીના myGov.in પોર્ટલની જેમ વિવિધમાહિતી પૂરી પાડીને, તેમના અભિપ્રાય, સૂચનો,હરિફાઈ જેવી પ્રક્રિયાઓથીદ્વિતરફી સંપર્ક બનાવવામાં મદદ રૂપ થશે.

*****


SURAT STARTUP FESTIVAL
SMART CITY SUMMIT SURAT
ICICI Bank
DELTA
AURO
SURAT

# <u>પ્રેસ નોટ</u>

## સુરત મની - ઓપનલુપસ્માર્ટ કાર્ડ કોમન સીટી પેમેન્ટસિસ્ટમ

### <u>કોમન સીટી પેમેન્ટ કાર્ડ</u>

- સુરતમહાનગરપાલિકાની વિવિધ સેવા સબંધિત એકજ સ્માર્ટ કાર્ડ
- કાર્ડ ટેપ-એન્ડ-ગો થીBRTS અને સીટી બસવિગેરેમાંટિકિટ લેવાની મુક્તિ
- લાઈબ્રેરી,સ્વીમીંગ પુલ જેવી સુવિધાનીમેમ્બરશીપમાટે એકજ કાર્ડ

### <u>Common City Payment Card</u>

- Single card for accessing various services offered by SMC
- Hassel free travel in BRTS and City Bus with Tap-and-Go
- Single card for membership to library, swimming pool, etc.

---

તા. ૨૦.૦૫૨૦૧૮ના ઈન્ટરનેશનલબીઝનેસકન્વેન્શન સેન્ટર ખાતે સુરત સ્ટાર્ટઅપફેસ્ટીવલ અને સ્માર્ટસીટીસમિટ, સુરત દરમિયાન માનનીય. મુખ્યમંત્રીશ્રીવિજયભાઈરૂપાણીના વરદ હસ્તે સુરત મહાનગરપાલિકાનાસ્માર્ટસીટીપ્રોજેક્ટ સુરત મની કાર્ડ લોન્ચ કરવામાં આવ્યું. સદર કાર્યક્રમમાંશ્રી. સી.આર. ચૌધરી, મીનીસ્ટર ઓફ સ્ટેટ ફોરકોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા, શ્રી કિશોર (કુમાર) કાનાણી, હેલ્થ મીનીસ્ટર, ગવર્મેન્ટ ઓફ ગુજરાત પણ ઉપસ્થિત રહ્યા હતા.

- સુરત મહાનગરપાલિકા દ્વારા લોકોને વિવિધ સેવાઓજેવીકે શહેરી પરિવહન માટે બી.આર.ટી.એસ., સીટી બસ, પે એન્ડ પાર્ક; આનંદ પ્રમોદ માટે સરથાણાઝુ એન્ડ નેચર પાર્ક, સાયન્સ સેન્ટર, એક્વેરિયમ, પબ્લિક પાર્કસવિગેરે તથા મેમ્બરશીપ આધારિત લાઈબ્રેરી, સ્વીમીંગ પુલ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, વિગેરે જેવી સુવિધા પૂરી પાડવામાં આવે છે. સદર સેવાઓ માટે નાગરિકો દ્વારા નિયત કરેલ ફી/ચાર્જ ચુકવવો પડે છે અથવા મેમ્બરશીપ લેવાની થાય છે.
- સદર સેવાઓ નાગરિકો એક કોમન કાર્ડ મારફત ઉપલબ્ધ કરી શકે તથા તેજ કાર્ડ મારફત સુરત મહાનગરપાલિકા સિવાયના અન્ય કામો જેવા કે રીટેઈલઆઉટલેટ, મોલ, કરીયાણાશોપ, વિગેરે ખાતે ખરીદી માટે પણ ઉપયોગ કરી શકાયતે મુજબની સુવિધા માટે સુરત મની - ઓપનલુપસ્માર્ટ કાર્ડ કોમન સીટી પેમેન્ટકાર્ડ દ્વારા નાગરીકોને ઉપલબ્ધ થશે.
- સુરત મહાનગરપાલિકા દ્વારા આઈ.સીઆઈ.સી.આઈ.બેંકનાસહયોગથીનાગરીકોને કો-બ્રાન્ડેડપ્રિ-પેડ/ક્રેડીટ/ડેબીટ કાર્ડ વિના મુલ્યેઉપલબ્ધકરાવવામાં આવશે.

- સદર પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં સુરત મનીકાર્ડનો ઉપયોગ BRTS પાલ-કોસાડ રૂટ પર ટિકિટ-લેસટ્રાવેલિંગ (કાર્ડ થકી પેમેન્ટ) માટે કરી શકાશે. ટૂંક સમયમાં અન્ય BRTS રૂટ ઉપર પણ સદર કાર્ડની મદદથી ટિકિટ-લેસટ્રાવેલિંગ (કાર્ડ થકી પેમેન્ટ) કરી શકશે.
- સુરત મની કાર્ડની મદદથીસિવિક સેન્ટર ખાતે મહાનગરપાલિકાની વિવિધ સેવાઓ માટેજરૂરી ચુકવણું કરી શકાશે.
- સદર કાર્ડ ઓપનલુપબેઝ્ડકોમન સીટી પેમેન્ટ કાર્ડ હોય સદર સુરત મનીકાર્ડનો ઉપયોગ સુરત મહાનગરપાલિકા સિવાયના અન્ય કામો જેવા કે રીટેઈલઆઉટલેટ, મોલ, કરીયાણાશોપ, વિગેરે ખાતે ખરીદી માટે પણ કરી શકશે.
- સદર પ્રોજેક્ટ અંતર્ગત ICICI બેંક દ્વારા શહેરમાંવિવિધ વિસ્તારોમાં સર્વિસ ડીલીવરીઆઉટલેટ શરુ કરવામાં આવનાર છે જેના થકી સદર કાર્ડ મેળવવા માટે અરજીઓસ્વીકારવાની, કાર્ડ ઈસ્યુ કરવાની,કાર્ડનેટોપઅપ કરવાની કામગીરી તથા સુરત મહાનગરપાલિકાના ટેક્સ પેમેન્ટ માટેની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. વધુમાંસદર કાર્ડ મેળવવા માટે અરજીઓસ્વીકારવાની, કાર્ડ ઈસ્યુ કરવાની તથા કાર્ડનેટોપઅપ કરવાની કામગીરી સુરત મહાનગરપાલિકાના નાગરિક સુવિધા કેન્દ્ર ખાતે પણ કરવામાં આવશે.સદર કાર્ડ નાગિરકોને વિના મુલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

*****




ICICI Bank
Surat Municipal Corporation
SURAT MONEY
6070 3305 4000 1234
6070
VALID FROM 06/16
VALID THRU 06/21
PANKAJ SHAH
Type of Pass
For Use Only In India
RuPay
PREPAID


Customer Care Number: 1800 266 9849
ELECTRONIC USE ONLY
OT. 08 1546940A04/17
VOID VOID VOID VOID VOID VOID VOID VOID
VOID VOID OT. 08 1546940A04/17 VOID VOID
VOID VOID VOID VOID VOID VOID VOID VOID
AUTHORISED SIGNATURE- NOT VALID UNLESS SIGNED
NON TRANSFERABLE
SHOPPING
TAX & BILL PAYMENT
RECREATION
MUNICIPAL FACILITIES
TRANSIT
This card is the property of ICICI Bank Ltd. to whom it must be returned upon request or if found. The use of this card is governed by the terms and conditions of ICICI Bank's Card Holder Agreement. If this card is found, please cut it into four pieces and deposit it in any branch of ICICI Bank.
www.icicibank.com | www.suratmunicipal.gov.in
Follow us on: rupaynpci / RuPay_npci

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા બી.આર.ટી.એસ.ફેઝ–૨ અન્વયે કોસાડ ખાતે બસ ડેપો અને વર્કશોપ તેમજ વેસુ ખાતે "ગ્રીન કન્સેપ્ટ" ધરાવતું સુડા ભવન તેમજ વિવિધ ઝોન વિસ્તારમાં અંદાજિત રૂા.૪૨૯.૬૦ કરોડના ખર્ચે લોકાર્પણ/ખાતમુહૂર્ત થનાર વિવિધ પ્રકલ્પોની તકતીઓની અનાવરણવિધિ તથા ૧૨ જેટલી લેમન–યેલો બસોને ઝંડી બતાવી પ્રસ્થાન વિધિ ગુજરાત રાજયના માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્‌હસ્તે આજરોજ શ્રીરામ ચોકડી પાસે, અમરોલી–સાયણ રોડ,કોસાડ,સુરત ખાતે સંપન્ન થયેલ છે.

આ પ્રસંગે માનનીય મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે સુરત મહાનગરપાલિકા પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં અગ્રેસર રહી છે બી.આર.ટી.એસ.બસના કારણે ખાનગી વાહનનો ઓછો ઉપયોગ થશે.પ્રદુષણ ઘટશે સમય અને શકિતનો બચાવ થશે. આવી બી.આર.ટી.એસ બસના મેઈનટેનન્સ માટે વર્કશોપનું લોકાર્પણ કરવામાં આવેલ છે તથા વરાછા ઝોનની વસ્તી ૨૬ લાખથી વધારે હોય જેથી વરાછા ઝોનના સબઝોન બી નું આજે ખાતમુહૂર્ત કરવામાં આવેલ છે.રોડ પર રહેતા લોકો માટે શેલ્ટરોનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવેલ છે.

આ પ્રસંગે માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનું માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયા તથા માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસને શાલ,મોમેન્ટો તથા પુસ્તક આપી સ્વાગત કરેલ તથા અન્ય મંચસ્થ મહાનુભાવોનું પણ પુસ્તક અર્પણ કરી સ્વાગત કરેલ.

આ પ્રસંગે માન.મંત્રી (રાજય કક્ષા) આરોગ્ય અને પરિવાર કલ્યાણ,તબીબી શિક્ષણ,ગુજરાત રાજય શ્રી કિશોરભાઈ કાનાણીએ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતુ કે સુરત રોજી રોટી આપતું શહેર છે.સુરત શહેરનો ઝડપી વિકાસ થાય છે તેના કારણે પ્રાથમિક સુવિધા પુરી પાડવી પણ જરૂરી છે આ કામ સુરત મહાનગરપાલિકાએ પાર પાડીયું છે.જે કાંઈ વિકાસના કામ થાય છે તેમા સમાજના તમામ લોકોને લાભ થશે ઉચ–નીચ–જાતિવાદ વગર વિકાસના ફળ બધાને મળશે.

ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તેમજ અન્ય મહાનુભાવોએ વિવિધ પ્રકલ્પોના ખાતમુહૂર્ત અને લોકાર્પણની તકતીની અનાવરણવિધિ કરી હતી.

ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતુ કે સુરત મહાનગરપાલિકા,સુડા અને એસ.ટી.ના બધા અધિકારી–પદાધિકારીઓને ખુબ–ખુબ અભિનંદન પ્રજાના પૈસાથી વિકાસ કામો થાય ગુજરાત અને સુરત પાછળ ન રહે વિકાસ કામો થાય તે માટે આગળ રહેવુ એ સુરત મહાનગરપાલિકાની પરંપરા રહી છે.ભારતના ટોપ શહેરોમાં સુરતનું સ્થાન છે અને સ્માર્ટ સીટીમાં પણ સુરત શહેર અગ્રેસર છે.સુરત એ ઈન્ફ્રાસ્કચર,સોશિયલ સેકટરમાં પણ આગળ છે.વિકાસનો દોર ચાલી રહયો છે ગુજરાતના બસ સ્ટેન્ડ પણ એરપોર્ટ જેવા બને જેમાં ૨૪ કલાક સફાઈ,ફુડ,એરકન્ડીશનર વેઈટીંગ રૂમ,જી.પી.એસ.સીસ્ટમ, ડિઝીટલ સાઈન બોર્ડ હોય જેથી લોકોને બસના સમય અને સ્થળની માહિતી મળી રહે. ગુજરાતમાં છ નવા બસ સ્ટેન્ડ બન્યા છે અને બીજી નવ

બસ સ્ટેન્ડ બની રહયા છે આવનાર દિવસોમાં તમામ  જીલ્લામાં પણ બસ સ્ટેન્ડ બનશે.સુવિધા યુકત વોલ્વો બસની સંખ્યામાં પણ વધારો કરવામાં આવ્યો છે.મીની બસો બનાવવામાં આવી રહી છે.બસની સર્વિસ અટકે નહિ તેનું પણ ધ્યાન રાખવામાં આવી રહયુ છે.

સરકારે સુરતના આઉટર રીંગરોડને મંજુરી આપી છે અને ૭૭ ટી.પી.સ્કીમો છમાસમાં પૂર્ણ થાય તેવા પ્રયત્નો સરકાર કરી રહી છે. અને તમામ નકશા ઓનલાઈન કરી નવી વ્યવસ્થાનું પ્રદાર્પણ કર્યુ છે કમાન્ડ એન્ડ કંન્ટ્રોલ સીસ્ટમ શરૂ થઈ ગઈ છે.ગુજરાતમાં ૫૦% વસ્તી અર્બનમાં રહે છે અને ૫૦% રૂરલમાં રહે છે જેમનો વિકાસ સમાન રીતે થાય તે દિશામાં સરકાર પ્રયત્ન કરી રહી છે.અકસ્માત થાય અને લોકોના જીવ બચે તે માટે ગુજરાત સરકાર રૂા.૫૦ હજારની સહાય આપશે આમ ગુજરાતની સરકાર નિર્ણાયક,સંવેદનશીલ અને પારદર્શક સરકાર છે એન્ટી કરપ્શન કાયદો અને વ્યવસ્થા મજબુત બનાવવામાં આવ્યા છે તથા પૈસા વગર કામ થતુ નથી   તે માન્યતાને તોડવી છે.આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી પાસપોર્ટના વેરીફીકેશન માટે ધકકા ખાવા નહિ પડે સ્માર્ટ ફોનની મદદથી ગુનેગાર છટકી ન જાય તે માટેની વ્યવસ્થા સરકાર કરે છે.ગુજરાત સરકારના સુજલામ સુફલામ જળ અભિયાનમાં ૧ મે ના રોજ ૨૦૦૦ જેટલા ટ્રેકટર કામે લાગ્યા હતા અને આજે ૨૨,૦૦૦ જેટલા ટ્રેકટર કામે લાગી ગયા છે ૧ મે ના રોજ ૪૫૦ સંસ્થાઓ આ કાર્યક્રમમાં જોડાઈ હતી અને આજે ૨૮૦૦ જેટલી સંસ્થાઓ લોકભાગીદારીથી આ અભિયાન પાર પાડવામાં આવી રહયું છે આ અભિયાનમાં ૨૭૦૦૦ જેટલા લોકો શ્રમદાન હતો અને આજે ૩,૨૫,૦૦૦ જેટલા લોકો શ્રમદાન કરી રહયા છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતને પાણીદાર બનાવવાનો છે. પાણીના એક એક ટીપાનો સદ્‌પયોગ થાય  તેથી આ અભિયાન શરૂ કરવામાં આવેલ છે લોકભાગીદારીથી ભારતનું સૌથી મોટુ જળ અભિયાન ગુજરાતે કર્યુ છે.

સૌરાષ્ટ્ર,કચ્છ અને દક્ષિણ ગુજરાતમાં દરિયાના ખારા પાણીને મીઠા  જળમાં  રૂપાતંર કરવા માટે રૂા.૮૦૦ કરોડના ખર્ચે જામનગરના જોડિયા ખાતે આ કામગીરી થઈ રહી છે.ડ્રેનેજના ગંદા પાણીનું રીસાયકલીંગ કરીને તે શુધ્ધિ પાણી ઉધોગ,કન્સ્કશન અને ખેતીમાં ઉપયોગી થાય જળ સંચયનો ૫૦ % ખર્ચ ગુજરાત સરકાર અને ૫૦ % ખર્ચ જનતા કરશે આમ લોકભાગીદારીથી આ જળ અભિયાન સાકાર થશે

આ પ્રસંગે માન.મંત્રી રાજયકક્ષા,સહકાર,રમત–ગમત,યુવક સાંસ્કૃતિક વિભાગ(સ્વતંત્ર હવાલો) અને વાહન વ્યવહાર  શ્રી ઈશ્વરસિંહ પટેલ, માન.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, માન.સાંસદ શ્રી સી.આર.પાટીલ, માન.ધારાસભ્ય શ્રી પુર્ણેશભાઈ મોદી,માન.ધારાસભ્ય શ્રી હર્ષ સંઘવી , માન.ધારાસભ્ય શ્રી વિવેકભાઈ પટેલ, માન.ધારાસભ્ય  શ્રી વિનોદભાઈ મોરડીયા, માન.ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈ ઘોઘારી, માન.ધારાસભ્ય  શ્રી અરવિંદભાઈ રાણા, માન.ધારાસભ્ય શ્રી કાંતિભાઈ બલર, માન.ધારાસભ્ય શ્રી વિનુભાઈ ઝાલાવડીયા,માન.ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ, માન.ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી,માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, માન.નેતાશ્રી શાસકપક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા, માન.શહેર ભાજપ પ્રમુખ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ,મ્યુ.સદસ્યશ્રીઓ,માન.જિલ્લા કલેકટર ડાં.ધવલ પટેલ,સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ/કર્મચારીઓ  તથા ખુબ મોટી સંખ્યામાં જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.


વેસુ ખાતે ધરાવતું સુડા
ના ખર્ચે લોકાર્પણ








ગુજરાત રાજયના




સુરત મહાનગરપાલિકા













# પ્રે સ નો ટ

સવિનય, આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ મલ્ટીપ્લેક્સ(થિયેટરોમાં)માં નીચે જણાવેલ હોટલ–રેસ્ટોરેન્ટનું તા.૨૨/૦૫/૨૦૧૮નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સ્થળ તપાસ કરી નમુના લઈ પૃથ્થકરણ સારૂં લેબોરેટરીમાં મોકલાવેલ છે અને રીપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે તેમજ આરોગ્યલક્ષી ખામીઓ જણાતા નોટીસ આપવામાં આવેલ છે.

| અ.ન. | સંસ્થાનુ નામ અને સરનામુ | વિગત |
|---|---|---|
| ૧. | ફુડ કલ્ચર | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૨. | શિકાગો પીઝા | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૩. | કવીક બાઈટ<br>દીપકમલ મોલ, સરથાણા, સુરત | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૪. | આઈનોક્ષ<br>ડીઆર વર્લ્ડ, આઈ માતા રોડ, સુરત | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૫. | એન્જોય રેસ્ટોરેન્ટ<br>રાજહંસ સીનેમા, પીપલોદ, સુરત | નોટીસ આપેલ છે. |
| ૬. | બોમ્બે બ્લુ રેસ્ટોરેન્ટ<br>સીટી પ્લસ, મગદલ્લા રોડ, સુરત | નોટીસ આપેલ છે. |
| ૭. | મેકડોનાલ્ડ<br>વેલેન્ટાઈન સીનેમા, પીપલોદ, સુરત | નોટીસ આપેલ છે. |
| ૮. | ઈડલીબીદલી રેસ્ટોરેન્ટ<br>વેલેન્ટાઈન સીનેમા, પીપલોદ, સુરત | નોટીસ આપેલ છે. |
| ૯. | સ્ટીમ રેસ્ટોરેન્ટ<br>વેલેન્ટાઈન સીનેમા, પીપલોદ, સુરત | નોટીસ આપેલ છે. |
| ૧૦. | સોલ્ટ એન્ડ પીપર ફુડ કોર્ટ<br>વેલેન્ટાઈન સીનેમા, પીપલોદ, સુરત | નોટીસ આપેલ છે. |
| ૧૧. | ઈન બીટવીન કેન્ટીન<br>વેલેન્ટાઈન સીનેમા, પીપલોદ, સુરત | નોટીસ આપેલ છે. |
| ૧૨. | પીવીઆર લી<br>સેન્ટ્રલ મોલ, પીપલોદ, સુરત | સુચના આપેલ છે. |
| ૧૩. | ફુડ પ્લાન્ટ પ્રા. લી<br>સેન્ટ્રલ મોલ, પીપલોદ, સુરત | સુચના આપેલ છે. |
| ૧૪ | કેફે ફુડ એક્ષ્પ્રેસ<br>સેન્ટ્રલ મોલ, પીપલોદ, સુરત | સુચના આપેલ છે. |
| ૧૫. | સીનેપોલીસ ઈન્ડિયા પ્રા. લી.<br>હજીરા રોડ, અડાજણ, સુરત | લાયસન્સ લીધેલ છે. |
| ૧૬. | ટાઈમ સીનેમા<br>પાલ, સુરત | લાયસન્સ લીધેલ છે. |
| ૧૭. | રાજહંસ ઈન્ટરનેશનલ<br>રાજહંસ સીનેમા, પાલ, સુરત | લાયસન્સ માટે અરજી કરેલ છે. |
| ૧૮. | સત્યનારાયણ એક્ષિબીટર<br>રૂપાલી સીનેમા,રામનગર, સુરત | નોટીસ આપેલ છે. |

: પ્રે સ નો ટ :

# મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજના–૨૦૧૮

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) ની મુખ્ય કચેરી ખાતે તા.૨૨.૦૫.૨૦૧૮ નાં બપોરે ૧૨.૦૦ કલાકે આસી. મ્યુનિ. કમિશ્નરશ્રી ડી. પી. જરીવાલાની અધ્યક્ષતામાં મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના–૨૦૧૮ હેઠળ જુદી જુદી સંસ્થાનાં પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં એપ્રેન્ટીસશીપ એકટની જાણકારી તથા સમજ આપતી મીટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં ડાયમંડ ફેકટરી, કાપડ ઉદ્યોગ ફેકટરીની ૧૯ સંસ્થા તથા ૪૩ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા હતાં.

એપ્રેન્ટીસશીપ એકટ, ૧૯૬૧ હેઠળ આપવામાં આવતી તાલિમ બાબતે તથા એકટની વિસ્તૃત જાણકારી માટે રાજય સરકારનાં પ્રતિનિધિ એડવાઈઝર આઈ.ટી.આઈ. મજુરાગેટનાં શ્રી આર. ડી. જાડેજા તથા સુરત મહાનગરપાલિકાનાં પર્સોનેલ ઓફિસર તથા આ યોજનાના કો–ઓર્ડિનેટરશ્રી સમીર વ્યાસ ધ્વારા યોગ્ય માર્ગદર્શન તથા વિસ્તૃત જાણકારી આપવામાં આવી તેમજ સંસ્થાના પ્રતિનિધિ ધ્વારા પુછવામાં આવેલ પ્રશ્નોના સંપુર્ણ છણાવટભર્યા જવાબો આપવામાં આવ્યા હતા. તેઓ ધ્વારા ઉપસ્થિત સંસ્થાના પ્રતિનિધિઓને તથા સુરત મહાનગરપાલિકાના વરાછાઝોનને ઉપરોકત યોજના અંતર્ગત વધુમાં વધુ તાલીમાર્થી મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના હેઠળ ભાગ લે તે માટે જણાવવામાં આવેલ છે.

# પ્રેસનોટ

ગુજરાત સરકારશ્રીના સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અંતર્ગત આજ રોજ તા.૨૨/૦૫/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા સાફ–સફાઈનો કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં,

પૂર્વ ઝોન (વરાછા )માં માતૃશકિત સોસાયટી પાસેની ખાડીમાં પોકલેન મશીન ૧ અને ટ્રેકટર– ૩ નો ઉપયોગ કરી ૧૨૦ રનીંગ મીટર જેટલી ખાડી સફાઈ કરી પાણી જન્ય વનસ્પતિ/કચરાનો નિકાલ કરેલ. સરથાણા વોટર વર્કસ ઈન્ટેક વેલ સરથાણા વાલક ખાતે જે.સી.બી–૦૧, ટ્રેકટર–૩, ડિવીડર–૩ જેવા સાધનો ઉપયોગમાં લઈ ૫૦૦ ઘ.મી. જેટલી જળકુંભિ /કચરો તાપી નદીમાંથી બહાર કાઢવામાં આવેલ.

કતારગામ ઝોન ખાતે છાપરાભાઠા ખાડીની સાફસફાઈની કામગીરીમાં જેસીબી ૧ તથા પોકલેન મશીન ૧ નો ઉપયોગ કરવામાં આવેલ. તથા ૨૫૦ રનીંગ મીટર જેટલી ખાડીની સફાઈ કરી વનસ્પતી કચરાનો નિકાલ કરેલ.

ઉધના ઝોન વિસ્તારના ભેદવાડ ખાડી, ઉન ખાડી, જીવન જયોત અને પાંડેસરા ગુ.હા.બોર્ડ તથા વડોદ ખાડી ખાતે ૩ પોકલેન મશીનનો ઉપયોગ કરી આશરે ૧૭૫ રનીંગ મીટર વનસ્પતી/કચરાનો નિકાલ કરવામાં આવેલ.

અઠવા ઝોન ખાતે એરપોર્ટ કંપાઉન્ડ પાસેની ખાડી, ડ્રીમ પેલેસ થી ખજોદ સુધીની ખાડીની સાફ સફાઈ કામગીરી કરવામાં આવેલ. જેમાં પોકલેન મશીન ૨ નો ઉપયોગ કરી કુલ ૩૪૦ રનીંગ મીટર જેટલી ખાડીની સફાઈ કરી વનસ્પતિ કચરાનો નિકાલ કરેલ.

રાંદેર ઝોન ખાતે પાલનપુર ગૌરવપથ કેનાલ કલવડ થી ટેના ખાડી સુધી પોકલેન મશીન ૧ નો ઉપયોગ કરી ૪૦૦ રનીંગ મીટર સફાઈ કરવામાં આવેલ.

ઉપરાંત તમામ ઝોન વિસ્તાર ખાતે ૨૩ પાણીની લાઈન તથા ૧૧ વાલ્વ રીપેરીંગ, ગેરેજ/સર્વિસ સ્ટેશનો વિગેરેમાં પાણીનો બગાડ રોકવા બાબતે ૧૩ નોટીસ આપવામાં આવેલ તથા રેન હાર્વેસ્ટીંગ સિસ્ટમ અસરકારક રીતે કાર્યરત રાખવા ૦૭ સ્થળે સફાઈ કરવામાં આવી. જેમાં ૧૭૧ જેટલા સુરત મહાનગરપાલિકાના કામદારો તથા વિવિધ કોન્ટ્રાકટ એજન્સીઓ પાસે કામગીરી કરાવવામાં આવેલ.





# પ્રેસ નોટ
# નોર્થ ઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) આજરોજ (તા.૨૨/૦૫/૨૦૧૮) મા. કમિશ્નરશ્રીની એડી.સીટી ઈજનેરશ્રીને મળેલ સુચના અન્વયે તાત્કાલિક અસરથી એડી.સીટી ઈજનેરશ્રી ડી.એમ.પટેલ તથા કાર્યપાલક ઈજનેરશ્રી આર.વી.ગામીતના સીધા માર્ગદર્શન હેઠળ નોર્થ ઝોન (કતારગામ)ના શહેર વિકાસ ખાતાનાં તમામ આસી. / જુની ઈજનેરો તથા ૧(એક)–જેસીબી સાથે સીકયુરીટી સ્ટાફ ની મદદથી નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં. ૨૭(ઉત્રાણ–કોસાડ) માં આવેલ (૧) ફા.પ્લોટ નં. ૩૪ થી ૨૬ સુધીના એટલે કે ઉત્રાણ ગામથી વી.આઈ.પી. સર્કલ તરફ જતાં ૩૬.૦૦ મી. નો ટી.પી.રસ્તો, (૨) ફા.પ્લોટ નં. ૩૨ ની બાજુમાં ૧૨.૦૦ મી. પહોળાઈનો ટી.પી.રસ્તા તથા (૩) ફા.પ્લોટ નં. ૧૮૮ માં રીઝર્વેશન ફોર વોર્ડ ઓફિસ વાળી જગ્યા મળીને આશરે કુલ ૫૫,૦૦૦.૦૦ ચો.ફુટ ના વિસ્તારનો પ્રત્યક્ષ કબ્જો લઈ સદર બંને રસ્તા તથા રીઝર્વેશન ફોર વોર્ડ ઓફિસ વાળી જગ્યા ખુલ્લા કરવામાં આવેલ છે. વધુમાં સદર બંને રસ્તા ખુલ્લા થતાં પ્રજાના અવર–જવરનો વર્ષો જુનો પ્રશ્ન હલ થયેલ છે તથા તેના કારણે ટ્રાફિક તથા વાહન વ્યવહારની અવર–જવર ખુબ જ સરળતા તેમજ થયેલ છે.

**<u>સુજલામ સુફલામ જળ સંચય અભિયાન</u>**

## <u>પ્રેસનોટ</u>

ગુજરાત સરકારશ્રીના સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અંતર્ગત આજ રોજ તા.૨૩/૦૫/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા સાફ–સફાઈનો કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં,

પૂર્વ ઝોન (વરાછા )માં સરથાણા વોટર વર્કસ ઈન્ટેક વેલ સરથાણા વાલક ખાતે તાપી નદીની સફાઈ કરવામાં આવી જેમાં ટ્રેકટર–૩, ડિવીડર–૩,પોકલેન–૧ જેવા સાધનો ઉપયોગમાં લઈ ૪૫૦ ઘ.મી. જેટલી જળકુંભિ /કચરો તાપી નદીમાંથી બહાર કાઢવામાં આવેલ. તથા કિરણપાર્ક સોસાયટીમાં ૮૦ રનીંગ મીટર જેટલી ખાડીની સફાઈ કરી વનસ્પતી કચરાનો નિકાલ કરેલ.જેમાં પોકલેન ૧ ,ટ્રેકટર–૩ જેવા સાધનો ઉપયોગ કરવામાં આવેલ.

કતારગામ ઝોન ખાતે છાપરાભાઠા ખાડીની સાફસફાઈની કામગીરીમાં જેસીબી ૧ તથા પોકલેન મશીન ૧ નો ઉપયોગ કરવામાં આવેલ. તથા ૨૦૦ રનીંગ મીટર જેટલી ખાડીની સફાઈ કરી વનસ્પતી કચરાનો નિકાલ કરેલ.

ઉધના ઝોન વિસ્તારના ભેદવાડ ખાડી, ઉન ખાડી, જીવન જયોત અને પાંડેસરા ગુ.હા.બોર્ડ તથા વડોદ ખાડી ખાતે ૩ પોકલેન મશીનનો ઉપયોગ કરી આશરે ૧૭૦ રનીંગ મીટર વનસ્પતી/કચરાનો નિકાલ કરવામાં આવેલ.

અઠવા ઝોન ખાતે એરપોર્ટ કંપાઉન્ડ પાસેની ખાડી, ડ્રીમ પેલેસ થી ખજોદ સુધીની ખાડીની સાફ સફાઈ કામગીરી કરવામાં આવેલ. જેમાં પોકલેન મશીન ૨ નો ઉપયોગ કરી કુલ ૩૦૦ રનીંગ મીટર જેટલી ખાડીની સફાઈ કરી વનસ્પતિ કચરાનો નિકાલ કરેલ.

રાંદેર ઝોન ખાતે પાલનપુર ગૌરવપથ કેનાલ કલવડ થી ટેના ખાડી સુધી પોકલેન મશીન ૧ નો ઉપયોગ કરી ૪૦૦ રનીંગ મીટર સફાઈ કરવામાં આવેલ.

ઉપરાંત તમામ ઝોન વિસ્તાર ખાતે ૨૫ પાણીની લાઈન તથા ૧૪ વાલ્વ રીપેરીંગ, ગેરેજ/સર્વિસ સ્ટેશનો વિગેરેમાં પાણીનો બગાડ રોકવા બાબતે ૧૫ નોટીસ આપવામાં આવેલ તથા રેન હાર્વેસ્ટીંગ સિસ્ટમ અસરકારક રીતે કાર્યરત રાખવા ૦૭ સ્થળે સફાઈ કરવામાં આવી. જેમાં ૧૯૧ જેટલા સુરત મહાનગરપાલિકાના કામદારો તથા વિવિધ કોન્ટ્રાકટ એજન્સીઓ પાસે કામગીરી કરાવવામાં આવેલ.





## સુજલામ સુફલામ જળ સંચય અભિયાન

# પ્રેસનોટ

ગુજરાત સરકારશ્રીના સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અંતર્ગત આજ રોજ તા.૨૪/૦૫/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા સાફ–સફાઈનો કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં,

ઉધના ઝોન વિસ્તારના ખરવરનગર થી યુનિક હોસ્પિટલ વચ્ચે કેનાલની સાફ સફાઈ કરવામાં આવેલ.જેમાં જે.સી.બી–૪,ટ્રેકટર–૨,ક્રેન–૧,મઝદા–૧,ટ્રક–૧ જેવી મશીનરીઓ અને ૫૨ સુરત મહાનગરપાલિકા કામદારો, ૭૫ સ્વૈચ્છિક સંસ્થા ના સ્વયંસેવકો, કુલ ૧૨૭ વ્યકિત મળી ૬૨ ઘ.મી. વનસ્પતી/કચરાનો કેનાલમાંથી નિકાલ કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં માન. અધ્યક્ષ લાઈટ એન્ડ ફાયર (એક્ષ્ટી.)સમિતિ શ્રી પિયુષકુમાર બળવંતરાય જરીવાલા (શીવશકિતવાલા),મ્યુ.અધિકારીઓ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા. વધુમાં ભેદવાડ ખાડી, ઉન ખાડી, જીવન જયોત અને પાંડેસરા ગુ.હા.બોર્ડ તથા વડોદ ખાડી ખાતે ૩ પોકલેન મશીનનો ઉપયોગ કરી આશરે ૧૬૦ રનીંગ મીટર વનસ્પતી/કચરાનો નિકાલ કરવામાં આવેલ.

કતારગામ વોટર વર્કસ ખાતે તાપી નદીની સાફ–સફાઈ કરવામાં આવેલ જેમાં ૩ ડિવીડર મશીનનો ઉપયોગ કરી ૩૦૦ ઘ.મી. જળકુંભિનો તાપી નદીમાંથી નિકાલ કરવામાં આવેલ. અને છાપરાભાઠા ખાડીની સાફસફાઈની કામગીરીમાં જેસીબી ૧ તથા પોકલેન મશીન ૧ નો ઉપયોગ કરવામાં આવેલ. તથા ૧૫૦ રનીંગ મીટર જેટલી ખાડીની સફાઈ કરી વનસ્પતી કચરાનો નિકાલ કરેલ.

પૂર્વ ઝોન (વરાછા )માં શકિતધામ ખાડીની સફાઈ કરી ૧૦૦ રનીંગ મીટર જેટલી વનસ્પતી કચરાનો નિકાલ કરેલ.જેમાં ૧ પોકલેન મશીન જેવા સાધનો ઉપયોગ કરવામાં આવેલ.

અઠવા ઝોન ખાતે એરપોર્ટ કંપાઉન્ડ પાસેની ખાડી, ડ્રીમ પેલેસ થી ખજોદ સુધીની ખાડીની સાફ સફાઈ કામગીરી કરવામાં આવેલ. જેમાં પોકલેન મશીન ૨ નો ઉપયોગ કરી કુલ ૩૮૦ રનીંગ મીટર જેટલી ખાડીની સફાઈ કરી વનસ્પતિ કચરાનો નિકાલ કરેલ.

રાંદેર ઝોન ખાતે પાલનપુર ગૌરવપથ કેનાલ કલવડ થી ટેના ખાડી સુધી પોકલેન મશીન ૧ નો ઉપયોગ કરી ૪૦૦ રનીંગ મીટર સફાઈ કરવામાં આવેલ.

ઉપરાંત તમામ ઝોન વિસ્તાર ખાતે ૩૨ પાણીની લાઈન તથા ૫ વાલ્વ રીપેરીંગ, ગેરેજ/સર્વિસ સ્ટેશનો વિગેરેમાં પાણીનો બગાડ રોકવા બાબતે ૧૫ નોટીસ આપવામાં આવેલ તથા રેન હાર્વેસ્ટીંગ સિસ્ટમ અસરકારક રીતે કાર્યરત રાખવા ૧૭ સ્થળે સફાઈ કરવામાં આવી. જેમાં ૨૩૩ જેટલા સુરત મહાનગરપાલિકાના કામદારો તથા વિવિધ કોન્ટ્રાકટ એજન્સીઓ પાસે કામગીરી કરાવવામાં આવેલ.


JCB


JCB


ROBOT
JCB
JCB
ROBOT

# :: પ્રેસનોટ ::

## ''૫મી જુન વિશ્વ પર્યાવરણ દિન'' ઉજવણી નિમિત્તે વોલ પેઈન્ટીંગ અને વકતૃત્વ સ્પર્ધા

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા ''૫મી જુન વિશ્વ પર્યાવરણ દિન'' ઉજવણી નિમિત્તે તા.૦૫/૦૬/૨૦૧૮ના રોજ યોજાનાર વોલ પેઈન્ટીંગ સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધા

૫મી જુન ''વિશ્વ પર્યાવરણ દિન''ની ઉજવણી નિમિત્તે ''એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ'' પ્રેરીત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત તા.૦૫/૦૬/૨૦૧૮ને મંગળવારના રોજ સવારે ૭.૦૦ કલાકે વોલ પેઈન્ટીંગ સ્પર્ધાનું આયોજન સાયન્સ સેન્ટર, સીટીલાઈટ, સુરત ખાતે તથા વકતૃત્વ સ્પર્ધાનું આયોજન સવારે ૧૦.૩૦ કલાકે કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય, અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવેલ છે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત તથા સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી સ્પર્ધાના પ્રવેશફોર્મ તથા નિયમો અંગેની માહિતી મળી શકશે. ભરેલા પ્રવેશપત્રો તા.૦૧/૦૬/૨૦૧૮ સાંજે ૬.૦૦ કલાક સુધીમાં સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત ખાતે પરત કરવાના રહેશે.

# પ્રેસનોટ

વાવાઝોડા, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આફતની પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા / સહાય કાર્યમાં સહભાગી થવા સંદર્ભે આપત્તિ વ્યવસ્થાપનનાં ભાગરૂપે બચાવ, રાહત તેમજ પુનર્વસનની કામગીરી સરળ અને ઝડપી બને તે હેતુસર કયા વિસ્તારમાં, કયા પ્રકારની, કેટલા પ્રમાણમાં સેવા / સહાય પુરી પાડવા સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ ઈચ્છુક છે તે સુનિશ્ચિત કરી તેની પરસ્પર જાણકારી ઉપલબ્ધ થાય તે હેતુસર એક અગત્યની બેઠકનું સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૩૧/૦૫/૨૦૧૮ ને ગુરૂવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે ગાંધી સ્મૃતિભવન ટીમલીયાવાડ નાનપુરા સુરત મુકામે આયોજન કરવામાં આવેલ છે જેમાં શહેરની તમામ સ્વૈચ્છિક સંસ્થાઓના હોદ્દેદાર / પ્રતિનિધિઓને ઉપસ્થિત રહેવા અનુરોધ છે.

<u>**સુજલામ સુફલામ જળ સંચય અભિયાન**</u>

# પ્રેસનોટ

# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

ગુજરાત સરકારશ્રીના સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અંગર્તગ આજ રોજ તા.૨૫/૦૫/૨૦૧૮ ના રોજ સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન સુરત મહાનગરપાલિકા ધ્વારા યુનિક હોસ્પિટલથી ઓ.એન.જી.સી. બ્રીજ સુધીની બી.આર.ટી.એસ. રૂટને સમાંતર પસાર થતી કેનાલની સફાઈ અભિયાનનો કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં,

(૧) સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં યુનિક હોસ્પિટલથી અણુવ્રતધ્વાર જંકશન થઈ ઓ.એન.જી.સી. બ્રીજ સુધીની બી.આર.ટી.એસ. રૂટને સમાંતર પસાર થતી કેનાલની સફાઈ કાર્યક્રમમાં કોર્પોરેટરશ્રી અનિલભાઈ ગોપલાણી, શ્રીમતિ રૂપલબેન શાહ, શ્રીમતિ કલ્પનાબેન અટોદરીયા, શ્રીમતિ રંજનબેન કાપડીયા તેમજ સુરત મહાનગરપાલિકાના અઠવા ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી સી.બી. વસાવા અને આરોગ્ય વિભાગ તેમજ ટેકનીકલ વિભાગના અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીશ્રીઓ તેમજ એન.જી.ઓ. (૧) રૂંગટા ગૃપ (૨) આકાશ ગૃપ (૩) હેપ્પી હોમ ગૃપ (૪) સંગીની ગૃપ (૫) ટાઈમ્સ ગૃપ (૬) રાજહંસ ગૃપ (૭) પોદ્દાર ગૃપ (૮) રવાણી ગૃપ (૯) કોટડીયા ગૃપ (૧૦) મારવાડી ગૃપ (૧૧) રાજગ્રીન ગૃપ (૧૨) માઈલ સ્ટોન ગૃપ (૧૩) ગોકુલ ડેવલોપર્સના સુપરવાઈઝર તેમજ કામદારો ધ્વારા આ અભિયાન હાથ ધરવામાં આવેલ. આ અભિયાનમાં કેનાલની અંદર તેમજ કિનારા પર આવેલ ઝાડી ઝાંખરા, પ્લાસ્ટીક વેસ્ટ વિગેરે દુર કરવાની સફાઈ કામગીરી કરવામાં આવેલ હતી. આ સ્થળે કામગીરીમાં કુલ ૨૫૭ જેટલા સુરત મહાનગરપાલિકાના સફાઈ કામદારો, ૭૫ જેટલા કોન્ટ્રકટરના કામદારો, ૫૬૨– એન.જી.ઓ. ના કામદારો તેમજ સ્થાનિક નાગરીકો હાજર રહયાં હતા. જે કામગીરીમાં જેસીબી નંગ–૧૪, ટ્રેકટર નંગ–૧૪, ટ્રક નંગ–૧૨ જેવા સાધનો ઉપયોગમાં લેવામાં આવેલ અને સ્થળ ઉપરથી અંદાજે ૩૦૨ ઘ.મી. જેટલા ઝાડી–ઝાંખરા, પ્લાસ્ટીક વેસ્ટ, માટી અને લીલ બહાર કાઢ વામાં આવેલ.

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૧૮/૦૫/૨૦૧૮ થી તા.૨૪/૦૫/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૦૨૧ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૯૬ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૭૬ |
| ૪ | મેજર ઓપરેશન | ૦ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૬ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૦૫ |

# પ્રે સ નો ટ

સવિનય, આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર ઉધનાઝોન વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની તા.૨૪/૦૫/૨૦૧૮નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો તથા ઝોનનાં આરોગ્ય સ્ટાફ સાથે સ્થળ તપાસ કરી આરોગ્યલક્ષી ખામીઓ જણાતા નોટીસ આપવામાં આવેલ છે. જે આપ સાહેબશ્રીને વિદિત થાય.

| અ.નં. | સંસ્થાનુ નામ અને સરનામુ | વિગત |
|---|---|---|
| ૧. | ધરતી ફુડ પ્રોડકટસ,રોડ નં.૩,ઉધના ઉધોગનગર,સુરત. | નોટીસ આપેલ છે. |
| ૨. | મનભાવન સ્વીટસ,ઉધના મેન રોડ,સુરત. | નોટીસ આપેલ છે. |
| ૩. | સાલાસાર કન્ફેકશનરી,૫,ડી.કે.ઈન્ડસ્ટ્રસયલ એસ્ટેટ,ઉધના,સુરત. | નોટીસ આપેલ છે. |
| ૪. | ફુડ ગુરૂસ,સીલીકોન શોપર્સ,ઉધના મેન રોડ,સુરત. | નોટીસ આપેલ છે. |
| ૫. | મોન્જીનીઝ ફુડસ પ્રા.લી.,રોડ નં.૧, ઉધના ઉધોગનગર,સુરત. | નોટીસ આપેલ છે. |
| ૬. | ઉડીપી રેસ્ટોરન્ટ,ઉધના ત્રણ રસ્તા,સુરત. | નોટીસ આપેલ છે. |
| ૭. | સર્વોત્તમ રેસ્ટોરન્ટ,તુલસી પ્લાઝા,ઉધના મેન રોડ,સુરત. | નોટીસ આપેલ છે. |
| ૮. | સ્નીફ ફુડઝ(ઈટ મી),રીલાયન્સ મેગા મોલ,ઉધના દરવાજા,સુરત. | નોટીસ આપી સંસ્થા બંધ કરાવી છે. |

વધુમાં ઝોનનાં આરોગ્ય વિભાગનાં સ્ટાફ ધ્વારા ૧૭,૫૦૦/– રૂા.વહીવટી ખર્ચ પેટે વસુલ લેવામાં આવેલ છે તથા ચેકીંગ દરમીયાન સ્નીફ ફુડઝ(ઈટ મી) સંસ્થામાં આરોગ્યલક્ષી ખામી જણાતાં સદર સંસ્થા બંધ કરાવવામાં આવેલ છે તથા આશરે ૧૫ કિલો જેટલા અખાધ પદાર્થનો નાશ કરવામાં આવેલ છે.

# પ્રેસ નોટ

રાજય સરકારશ્રી દ્વારા 'સુજલામ્ સુફલામ્ જળ અભિયાન–૨૦૧૮' અંતર્ગત ચોમાસુ બેસે તે પહેલા જળ સંચયનો વ્યાપ વધારવા સમગ્ર રાજયમાં સ્વૈચ્છિક સંસ્થાઓ, ઉદ્યોગકારો,ધાર્મિક અને શૈક્ષણિક સંસ્થાઓ વિગેરેના સહયોગથી જળ સંચયના કામો જેવા કે તળાવો ઉંડા કરવા અને તેના આવરાની સફાઈ, ચેકડેમ અને જળાશયોનું ડિસીલ્ટિંગ તથા નદીઓને પુનઃજીવિત કરવી, ભૂગર્ભ ગટર યોજનાના ગંદા પાણીનું શુદ્ધિકરણ, તળાવો તથા નદીના પ્રવાહને અવરોધતા ઝાડી–ઝાંખરા દૂર કરવા અને નદીકાંઠાના પવિત્રયાત્રા ધામો પાસે સાફ–સફાઈ કરાવવી જેવા જળ સંચયના કાર્યો હાથ ધરી ગુજરાતને જળથી સમૃદ્ધ બનાવવાના હેતુથી તા. ૦૧–૦૫–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૮ દરમ્યાન આ જળ મહાઅભિયાન શરૂ કરવામાં આવેલ છે. જેમાં સુરત મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શહેર વિસ્તારમાં ઉપરોકત કામગીરી સફળતા પૂર્વક પાર પાડવામાં આવી છે.

સુજલામ સુફલામ અભિયાન–૨૦૧૮ અંતર્ગત, સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૧–૦૫–૨૦૧૮ થી અત્યાર સુધીમાં વિવિધ કામગીરીઓ કરવામાં આવી જેમાં મુખ્ય કામગીરીમાં વિવિધ સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ, સંકુલો, સ્વયંસેવકો વિગેરેની મદદથી તાપી નદીમાંથી આશરે ૧૬,૯૯૧ ઘન મીટર થી વધુ પાણી જન્ય વનસ્પતિનો નિકાલ, શહેરમાંથી પસાર થતી વિવિધ ખાડીઓની કુલ ૨૮,૦૬૧ રનીંગ મીટરની લંબાઈમાં સાફ સફાઈ, શહેરમાં આવેલ ૧૭ તળાવમાંથી આશરે ૪૮,૦૦૦ ઘન મીટર જેટલી માટી/કચરો/વનસ્પતિ વિગેરે દૂર કરવામાં આવ્યા, વિવિધ વાલ્વ/લીકેજીસ દુરસ્ત કરવામાં આવ્યા, ૩૪૪ જેટલા ભૂગર્ભ જળ રી–ચાર્જ બોરવેલ સાફ કરવામાં આવ્યા તથા તમામ ઝોન કચેરીઓ ખાતે જન–જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યા. ઉપરાંત તા.૨૦–૦૫–૨૦૧૮ના રોજ માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી – ગુજરાત રાજયની ઉપસ્થિતિમાં ૫૦૦૦ જેટલા સ્વયંસેવકોની હાજરીમાં તાપી નદીની સાફ સફાઈ કરવામાં આવેલ. સુજલામ્ સુફલામ્ જળ સંચય કાર્યક્રમના સમાપનના ભાગરૂપે શાસ્ત્રોકતવિધિથી "પરજન્ય યજ્ઞ"નું આયોજન તા.૩૧–૦૫–૨૦૧૮, ગુરૂવારના રોજ સવારે ૮.૦૦ કલાક થી સવારે ૧૦.૦૦ કલાક દરમ્યાન વીયર કમ કોઝવે (કતારગામ તરફે) ખાતે કરવામાં આવનાર છે. જેમાં નર્મદા મૈયાના નીરથી મા.મેયરશ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયા, માન. ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, માન. સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, માન. શાસકપક્ષ નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા દ્વારા જળાભિષેક કરવામાં આવશે. જેમાં ગુજરાત સરકારશ્રીના મંત્રીશ્રીઓ, અન્ય પદાધિકારીશ્રીઓ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ તથા મ્યુ.સદસ્યશ્રીઓ ઉપસ્થિત રહેનાર છે.

સદર કાર્યક્રમમાં ઉપસ્થિત નગરજનો માટે પ્રસાદ પેકેટ્સની વ્યવસ્થા કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં શહેરના નાગરિકો, સંતો, મહાત્માઓ, ધર્મગુરૂઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ, વિવિધ એજન્સીઓ જોડાય તેવી અપીલ છે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર<br>
સમાચાર યાદી નં.૧૧૪<br>
તા. ૨૫–૦૫–૨૦૧૮

# સુજલામ સુફલામ જળ સંચય અભિયાન

## પ્રેસનોટ

ગુજરાત સરકારશ્રીના સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અંતર્ગત આજ રોજ તા.૨૫/૦૫/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા સાફ–સફાઈનો કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં,

અઠવા ઝોન વિસ્તારના અણુવ્રતધ્વારથી યુનિવર્સિટી ખાતે કેનાલની  સાફ સફાઈ કરવામાં આવેલ.જેમાં જે.સી.બી–૧૪,ટ્રેક્ટર–૧૪,ટ્રક–૭,સુપર સકશર–૦૩,સુઅર જેટીગ મશીન–૧  વિગેરે  મશીનરીઓ તથા  સુરત મહાનગરપાલિકા ૩૩૨ કામદારો, ૫૬૨ સ્વૈચ્છિક સંસ્થા ના સ્વયંસેવકો, કુલ ૮૯૪ વ્યકિત મળી ૩૦૨ ઘ.મી. વનસ્પતી/કચરાનો  કેનાલમાંથી નિકાલ કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં માન.અધ્યક્ષ જાહેર પરિવહન પ્રવૃતિ સમિતિ શ્રી અનિલ દિપચંદ ગોપલાણી,માન.અધ્યક્ષા સમાજ કલ્યાણ,આનંદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ શ્રીમતી રૂપલ શાહ તથા વોર્ડના મ્યુ. સદસ્યશ્રીઓ  અને  અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.વધુમાં એરપોર્ટ કંપાઉન્ડ પાસેની ખાડી, ડ્રીમ પેલેસ થી ખજોદ સુધીની ખાડીની સાફ સફાઈ કામગીરી કરવામાં આવેલ. જેમાં પોકલેન મશીન ૨ નો ઉપયોગ કરી કુલ  ૨૯૦  રનીંગ મીટર જેટલી ખાડીની સફાઈ કરી વનસ્પતિ/કચરાનો નિકાલ કરેલ.

રાંદેર ઝોનના પાલનપુર ગૌરવપથ કેનાલ કલવડ થી ટેના ખાડી સુધી પોકલેન મશીન ૧ નો ઉપયોગ કરી  ૩૫૦ રનીંગ મીટર સફાઈ કરવામાં આવેલ.

ઉધના ઝોનમાં ભેદવાડ ખાડી, ઉન  ખાડી ખાતે ૨ પોકલેન મશીનનો ઉપયોગ કરી આશરે ૧૧૦ રનીંગ મીટર વનસ્પતી/કચરાનો નિકાલ કરવામાં આવેલ.

કતારગામ વોટર વર્કસ ખાતે તાપી નદીની સાફ–સફાઈ કરવામાં આવેલ જેમાં ૩ ડિવીડર મશીનનો ઉપયોગ કરી ૬૦૦ ઘ.મી. જળકુંભિનો તાપી નદીમાંથી નિકાલ કરવામાં આવેલ.વધુમાં છાપરાભાઠા ખાડીની સાફસફાઈની કામગીરીમાં જેસીબી ૧ ,ટ્રેક્ટર ૨,પોકલેન મશીન ૧ નો ઉપયોગ કરવામાં આવેલ અને ૨૦૦ રનીંગ મીટર જેટલી ખાડીની સફાઈ કરી વનસ્પતી કચરાનો નિકાલ કરેલ.

વરાછા ઝોનમાં  મહાવીર પાસે ખાડી ફલડગેટ પાસે ખાડીની સફાઈ કરી ૧૦૦ રનીંગ મીટર જેટલી વનસ્પતી કચરાનો નિકાલ કરેલ.જેમાં ૧ પોકલેન મશીન જેવા સાધનો ઉપયોગ કરવામાં આવેલ.

ઉપરાંત તમામ ઝોન વિસ્તાર ખાતે ૩૪ પાણીની લાઈન તથા ૭ વાલ્વ રીપેરીંગ, ગેરેજ/સર્વિસ સ્ટેશનો વિગેરેમાં પાણીનો બગાડ રોકવા બાબતે ૧૦ નોટીસ આપવામાં આવેલ  તથા રેન હાર્વેસ્ટીંગ સિસ્ટમ અસરકારક રીતે કાર્યરત રાખવા ૧૭ સ્થળે સફાઈ કરવામાં આવી. જેમાં ૨૩૩ જેટલા સુરત મહાનગરપાલિકાના કામદારો તથા વિવિધ કોન્ટ્રાકટ એજન્સીઓ પાસે કામગીરી કરાવવામાં આવેલ.









**સુજલામ સુફલામ જળ સંચય અભિયાન**

**પ્રેસનોટ**

ગુજરાત સરકારશ્રીના સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત તા.૨૬/૦૫/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા ના રાંદર ઝોન દ્વારા નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ.

રાંદેર ઝોન દ્વારા મોરસાણા તળાવ, કંટાર ગામ ખાતે સાફ–સફાઈની કામગીરી કરવામાં આવેલ જેમા ટ્રકટર ધ્વારા ૪ ફેરા કરી ૨૨૨.૫૦ ઘન મીટર કચરો/માટી કાઢવામાં આવેલ, ટ્રક ધ્વારા ૧૨ ફેરા કરી ૯૬.૦૦ ઘન મીટર કચરો/માટી કાઢવામાં આવેલ મઝદા ટ્રમ્પો ધ્વારા ૨૦ ફેરા કરી ૫૦.૦૦ ઘન મીટર કચરો/માટી કાઢવામાં આવેલ આમ કુલે ૧૨૧ ફેરા કરી ૩૬૮.૫૦ ઘન મીટર કચરો/માટી કાઢવામાં આવેલ આ કામગીરીમાં ૦૩ જેસીબી, ૦૨ ટ્રક, ૦૨ મઝદા અને ૦૧ પોકલેન મશીનનો ઉપયોગ કરવામાં આવેલ. અભિયાનમાં ૦૧ મ્યુ.સદસ્યશ્રી,૪૪ શહેરીજનો તથા સુરત મહાનગરપાલિકાના ૨૫ કામદારો ધ્વારા સફાઈ અભિયાન પૂર્ણ કરવામાં આવેલ.







<u>**સુજલામ સુફલામ જળ સંચય અભિયાન**</u>

# <u>પ્રેસનોટ</u>

ગુજરાત સરકારશ્રીના સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અંતર્ગત આજ રોજ તા.૨૭/૦૫/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા સાફ–સફાઈનો કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં,

કતારગામ ઝોન ખાતે છાપરાભાઠા ખાડીની સાફસફાઈની કામગીરીમાં જેસીબી ૧ તથા પોકલેન મશીન ૧ નો ઉપયોગ કરવામાં આવેલ. તથા ૨૫૦ રનીંગ મીટર જેટલી ખાડીની સફાઈ કરી વનસ્પતી કચરાનો નિકાલ કરેલ. તથા તાપી નદીની સાફસફાઈની કામગીરીમાં ડીવીડર–૩ નો ઉપયોગ કરી ૧૮૦ રનીંગ મીટર જેટલી ખાડીની સફાઈ કરી વનસ્પતી કચરાનો નિકાલ કરેલ.

ઉધના ઝોન વિસ્તારના ભેદવાડ ખાડી, ઉન ખાડી ખાતે ૨ પોકલેન મશીનનો ઉપયોગ કરી આશરે ૧૦૦ રનીંગ મીટર વનસ્પતી/કચરાનો નિકાલ કરવામાં આવેલ.

અઠવા ઝોન ખાતે એરપોર્ટ કંપાઉન્ડ પાસેની ખાડી, ડ્રીમ પેલેસ થી ખજોદ સુધીની ખાડીની સાફ સફાઈ કામગીરી કરવામાં આવેલ. જેમાં પોકલેન મશીન ૨ નો ઉપયોગ કરી કુલ ૩૨૦ રનીંગ મીટર જેટલી ખાડીની સફાઈ કરી વનસ્પતિ કચરાનો નિકાલ કરેલ.

ઉપરાંત તમામ ઝોન વિસ્તાર ખાતે ૧૪ પાણીની લાઈન તથા ૦૨ વાલ્વ રીપેરીંગ, તથા ગેરેજ/સર્વિસ સ્ટેશનો વિગેરેમાં પાણીનો બગાડ રોકવા બાબતે ૧૬ નોટીસ આપવામાં આવેલ તથા રેન હાર્વેસ્ટીંગ સિસ્ટમ અસરકારક રીતે કાર્યરત રાખવા ૨૩ સ્થળે સફાઈ કરવામાં આવી. જેમાં ૧૯૫ જેટલા સુરત મહાનગરપાલિકાના કામદારો તથા વિવિધ કોન્ટ્રાકટ એજન્સીઓ પાસે કામગીરી કરાવવામાં આવેલ.

**જન સંપર્ક વિભાગ**

**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**

**સમાચાર યાદી નં.૧૧૭**

**તા.૨૭/૦૫/૨૦૧૮**




















# સુજલામ સુફલામ જળ સંચય અભિયાન

## પ્રેસનોટ

ગુજરાત સરકારશ્રીના સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અંતર્ગત આજ રોજ તા.૨૮/૦૫/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા સાફ–સફાઈનો કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં,

રાંદેર ઝોન ખાતે દાંડી રોડ સીએનજી પંપ પાસે કેનાલની સાફ સફાઈ કામગીરી કરવામાં આવેલ. જેમાં જેસીબી ૩, ટ્રેકટર ૪ તથા ટ્રક ૩ નો ઉપયોગ કરવામાં આવેલ તથા સુરત મહાનગરપાલિકાના ૧૪૧ કામદારો ધ્વારા કામગીરી કરવામાં આવેલ. જેમાં ૩૭૫૦ ઘ.મી જેટલી કેનાલની સફાઈ કરી વનસ્પતી/કચરાનો નિકાલ કરવામાં આવેલ.

કતારગામ ઝોન ખાતે કોઝવે પાસે તાપી નદીની સાફસફાઈની કામગીરીમાં ડીવીડર–૩ તથા બોટ–૧૦ નો ઉપયોગ કરી ૩૫૦ ધન મીટર જેટલી તાપીની સફાઈ કરી વનસ્પતી કચરાનો નિકાલ કરેલ.

ઉધના ઝોન વિસ્તારના ભેદવાડ ખાડી, ઉન ખાડી ખાતે ૨ પોકલેન મશીનનો ઉપયોગ કરી આશરે ૧૧૦ રનીંગ મીટર વનસ્પતી/કચરાનો નિકાલ કરવામાં આવેલ.

ઉપરાંત તમામ ઝોન વિસ્તાર ખાતે ૧૮ પાણીની લાઈન તથા ૦૫ વાલ્વ રીપેરીંગ, તથા રેન હાર્વેસ્ટીંગ સિસ્ટમ અસરકારક રીતે કાર્યરત રાખવા ૨૩ સ્થળે સફાઈ કરવામાં આવી. જેમાં ૨૦૭ જેટલા સુરત મહાનગરપાલિકાના કામદારો તથા વિવિધ કોન્ટ્રાકટ એજન્સીઓ પાસે કામગીરી કરાવવામાં આવેલ.







# <u>પ્રેસનોટ</u>

સેન્ટ્રલ ઝોનમાં આજ રોજ તા.૨૮/૦૫/૨૦૧૮ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે, મીટીંગ હોલમાં મા. ડેપ્યુટી મેયરશ્રીની અધ્યક્ષતામાં ડીઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ પ્રિપેર્ડનેસ પ્લાન–૨૦૧૮ની મીટીંગનું આયોજન પ્રેઝન્ટેશન સહિત કરવામાં આવેલ.

સદર મીટીંગમાં ચોમાસાની ઋતુ દરમ્યાન આકસ્મિક સંભવિત આપત્તિ માટેના આયોજન, કામગીરી માટેના ઓર્ડરો, હાલમાં કરવામાં આવેલ હયાત કામગીરી, વિગેરે બાબતની રૂપરેખા અત્રેના ઝોનના ઉપસ્થિત કોર્પોરેટરશ્રીઓ, સ્વૈચ્છિક સંસ્થાના સદસ્યશ્રીઓ, ગુજરાત ગેસ તથા ટોરેન્ટ પાવરના મેનેજર/પ્રતિનિધિશ્રીઓ, તરવૈયાના પ્રતિનિધિશ્રીઓ, અન્ય સંસ્થાના પ્રતિનિધિશ્રીઓ, સામાજિક કાર્યકર્તાઓ તથા સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફશ્રી એડી. સીટી ઈજનેર, કાર્યપાલક ઈજનેરશ્રીઓ, આસી. કમિશ્નરશ્રી, નાયબ આરોગ્ય અધિકારીશ્રી, ડેપ્યુટી ઈજનેરશ્રી, પર્સોનલ ઓફિસરશ્રી, જુની./આસી. ઈજનેરશ્રીઓ તથા મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રીઓ સહિત અંદાજે ૯૦ સભ્યોને આપત્તિ સમયે ડીઝાસ્ટર પ્લાન બાબતે માહિતગાર કરવામાં આવેલ તથા વિવિધ NGO તરફથી આવેલ સુચનોને આવકારવામાં આવેલ હતાં. તેમજ માન. ડેપ્યુટી મેયરશ્રી હસ્તક સેન્ટ્રલ ઝોનની ડીઝાસ્ટર મેનેજમેન્ટની પોકેટબુકનું વિમોચન કરી અંતિમ પ્રવચન બાદ મીટીંગની પૂર્ણાહૂતિ કરવામાં આવેલ.

# સુજલામ સુફલામ જળ સંચય અભિયાન

## પ્રેસનોટ

ગુજરાત સરકારશ્રીના સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અંતર્ગત આજ રોજ તા.૨૯/૦૫/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા સાફ–સફાઈનો કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં,

કતારગામ ઝોન ખાતે વીયર કમ કોઝવે, સીંગણપોર પાસે તાપી નદીની સાફસફાઈની કામગીરીમાં ડીવીડર–૩, જેસીબી–૦૧ તથા બોટ–૧૦ નો ઉપયોગ કરી ૭૦૦ ઘન મીટર જેટલી તાપીની સફાઈ કરી વનસ્પતી કચરાનો નિકાલ કરેલ.

ઉપરાંત તમામ ઝોન વિસ્તાર ખાતે ૨૮ પાણીની લાઈન તથા ૦૭ વાલ્વ રીપેરીંગ કરવામાં આવેલ. જેમાં ૧૪૦ જેટલા સુરત મહાનગરપાલિકાના કામદારો તથા વિવિધ કોન્ટ્રાકટ એજન્સીઓ પાસે કામગીરી કરાવવામાં આવેલ.







# પ્રે સ નો ટ

સવિનય, આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ હોટલ–રેસ્ટોરેન્ટની તા.૨૯/૦૫/૨૦૧૮નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા કુલ–૧૧ હોટલ–રેસ્ટોરેન્ટની સ્થળ તપાસ કરી કુલ–૧૨ નમુના લઈ પૃથ્થકરણ સારૂં લેબોરેટરીમાં મોકલાવેલ છે અને રીપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે તેમજ આરોગ્યલક્ષી ખામીઓ જણાતા નોટીસ આપવામાં આવેલ છે.

| અ.નં. | હોટલનું નામ અને સરનામું | લીધેલ નમુનાની વિગત |
|---|---|---|
| ૧. | આબોદાના રેસ્ટોરંટ<br>૭/૫૦૧ સુફીબાગ ઓમકાર ચેમ્બર્સ પાસે સુરત | મિક્ષ વેજ |
| ૨. | અલંકાર રેસ્ટોરંટ<br>૭/૧૦૫ અલંકાર સીનેમાની સામે સુરત | પાલક પનીર |
| ૩. | અભીલાશા રેસ્ટોરંટ<br>૭/૪૭૪૪-૪૭૯૫બેલ્જીયમ સ્ક્વેર રિંગ રોડ સુરત | ચના મસાલા |
| ૪. | નવજીવન રેસ્ટોરંટ<br>૭/૪૮૨૪ બેલ્જીયમ સ્ક્વેર સુરત્ | પનીર ભુરજિ |
| ૫. | રુપા રેસ્ટોરંટ<br>૭/૧૦૫ પૈકી ૧૨૮-૧૨૯-૧૩૦રેલ્વે સ્ટેશનની સામે સુરત્ | ચના મસાલા |
| ૬. | હોટ્લ ઇમ્પીરિયલ એંડ રેસ્ટોરંટ<br>૭/૧૧૨-૧૧૩રેલ્વે સ્ટેશનની સામે સુરત્ | મિક્ષ વેજ |
| ૭. | ફૂડ પ્લાઝા રેસ્ટોરંટ<br>રેલ્વે સ્ટેશનની સામે સુરત્ | આલુ મટર |
| ૮. | હોટલ ઓરેંજ ઇંટરનેશનલ<br>રેલ્વે સ્ટેશનની સામે સુરત્ | – મિક્ષ વેજ હૈદરાબાદી –<br>પ્લેન પાલક |
| ૯. | હોટલ સિફત ઇંટરનેશનલ<br>રેલ્વે સ્ટેશનની સામે સુરત્ | પ્લેન પાલક |
| ૧૦. | હોટ્લ સવેરા<br>૭/૮૬-સુફિબાગ રેલ્વે સ્ટેશનની સામે સુરત્ | – પ્લેન પાલક<br>– ચના મસાલા |
| ૧૧. | ફન પોઇંટ રેસ્ટોરંટ<br>૭/૮૬-એ સુફિબાગ રેલ્વે સ્ટેશનની સામે સુરત્ | નોટીસ આપેલ છે. |

વધુમાં ચેકીંગ દરમીયાન આશરે ૬૩ કિલો જેટલા અખાધ પદાર્થનો નાશ કરવામાં આવેલ છે.

# પ્રેસ નોટ

રાજય સરકારશ્રી દ્વારા 'સુજલામ્ સુફલામ્ જળ અભિયાન–૨૦૧૮' અંતર્ગત ચોમાસુ બેસે તે પહેલા જળ સંચયનો વ્યાપ વધારવા સમગ્ર રાજયમાં સ્વૈચ્છિક સંસ્થાઓ, ઉદ્યોગકારો,ધાર્મિક અને શૈક્ષણિક સંસ્થાઓ વિગેરેના સહયોગથી જળ સંચયના કામો જેવા કે તળાવો ઉંડા કરવા અને તેના આવરાની સફાઈ, ચેકડેમ અને જળાશયોનું ડિસીલ્ટિંગ તથા નદીઓને પુનઃજીવિત કરવી, ભૂગર્ભ ગટર યોજનાના ગંદા પાણીનું શુદ્ધિકરણ, તળાવો તથા નદીના પ્રવાહને અવરોધતા ઝાડી–ઝાંખરા દૂર કરવા અને નદીકાંઠાના પવિત્રયાત્રા ધામો પાસે સાફ–સફાઈ કરાવવી જેવા જળ સંચયના કાર્યો હાથ ધરી ગુજરાતને જળથી સમૃદ્ધ બનાવવાના હેતુથી તા. ૦૧–૦૫–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૮ દરમ્યાન આ જળ મહાઅભિયાન શરૂ કરવામાં આવેલ છે. જેમાં સુરત મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શહેર વિસ્તારમાં ઉપરોકત કામગીરી સફળતા પૂર્વક પાર પાડવામાં આવી છે.

સુજલામ સુફલામ અભિયાન–૨૦૧૮ અંતર્ગત, સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૧–૦૫–૨૦૧૮ થી અત્યાર સુધીમાં વિવિધ કામગીરીઓ કરવામાં આવી જેમાં મુખ્ય કામગીરીમાં વિવિધ સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ, સંકુલો, સ્વયંસેવકો વિગેરેની મદદથી તાપી નદીમાંથી આશરે ૧૬,૯૯૧ ઘન મીટર થી વધુ પાણી જન્ય વનસ્પતિનો નિકાલ, શહેરમાંથી પસાર થતી વિવિધ ખાડીઓની કુલ ૨૮,૦૬૧ રનીંગ મીટરની લંબાઈમાં સાફ સફાઈ, શહેરમાં આવેલ ૧૭ તળાવમાંથી આશરે ૪૮,૦૦૦ ઘન મીટર જેટલી માટી/કચરો/વનસ્પતિ વિગેરે દૂર કરવામાં આવ્યા, વિવિધ વાલ્વ/લીકેજીસ દુરસ્ત કરવામાં આવ્યા, ૩૪૪ જેટલા ભૂગર્ભ જળ રી–ચાર્જ બોરવેલ સાફ કરવામાં આવ્યા તથા તમામ ઝોન કચેરીઓ ખાતે જન–જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યા. ઉપરાંત તા.૨૦–૦૫–૨૦૧૮ના રોજ માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી – ગુજરાત રાજયની ઉપસ્થિતિમાં ૫૦૦૦ જેટલા સ્વયંસેવકોની હાજરીમાં તાપી નદીની સાફ સફાઈ કરવામાં આવેલ. સુજલામ્ સુફલામ્ જળ સંચય કાર્યક્રમના સમાપનના ભાગરૂપે "નર્મદા જળ પૂજન"નું આયોજન તા.૩૧–૦૫–૨૦૧૮, ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ કલાક થી સવારે ૧૧.૧૫ કલાક દરમ્યાન વીયર કમ કોઝવે (કતારગામ તરફે) ખાતે કરવામાં આવનાર છે. જેમાં નર્મદા મૈયાના નીરથી માન.મંત્રી, મહેસુલ, ગુજરાત રાજય શ્રી કૌશિકકુમાર પટેલ, , મા.મેયરશ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયા, માન.મંત્રી (રાજય કક્ષા), આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, શ્રી કિશોરભાઈ કાનાણી (કુમાર), માન. ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, માન. સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, માન. શાસકપક્ષ નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા દ્વારા જળાભિષેક કરવામાં આવશે. જેમાં અન્ય પદાધિકારીશ્રીઓ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ તથા મ્યુ.સદસ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહેનાર છે.

આ કાર્યક્રમમાં શહેરના નાગરિકો, સંતો, મહાત્માઓ, ધર્મગુરૂઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ, વિવિધ એજન્સીઓ જોડાય તેવી અપીલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 122
તા. ૨૯–૦૫–૨૦૧૮

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

ઉત્તર પ્રદેશના વિવિધ શહેરો જેવા કે લખનઉ,વારાણસી,અલ્હાબાદ, આગ્રા,મથુરા, ઝાંસી, મુરાદાબાદ,કાનપુર,મેરઠ, અલીગઢ વિગેરે શહેરોના માન.મેયરશ્રીઓ,મ્યુ.કમિશનરશ્રીઓ,જનરલ મેનેજર,ટીમ લીડર,જોઈન્ટ ડાયરેકટર, ચીફ એન્જીનીયર તથા અન્ય અધિકારીશ્રીઓ/ સભ્યોની ટીમ સુરત મહાનગરપાલિકાની તા.૩૦/૦૫/૨૦૧૮ થી તા.૩૧/૦૫/૨૦૧૮ ની મુલાકાતે પધારેલ. જે અંગે આજરોજ સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે સવારે ૧૧:૦૦ કલાકે માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાની અધ્યક્ષતામાં પ્રેઝનટેશન રાખવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆતમાં સેપ્ટ યુનિ.ના માન.સી.કે.કોષી ધ્વારા ઉત્તર પ્રદેશના વિવિધ શહેરોમાંથી પધારેલ માન.પદાધિકારીશ્રીઓ /અધિકારીશ્રીઓનો પરિચય કરાવ્યો હતો અને સુરત મહાનગરપાલિકા વતી તમામનો આભાર વ્યકત કરેલ તેમજ તેમણે જણાવ્યુ હતુ કે સુરત શહેરમાં પ્લેગ આવ્યો હતો તે પહેલાનું સુરત શહેર ગંદામાં ગંદુ શહેર તરીકે ઓળખાતુ હતુ પરંતુ આફતને અવસરમાં પલટવાની તાકાત સુરતીજનોમાં હોય ત્યારબાદ આ શહેરે વિકાસની જે હરણફાળ ભરી છે જે ખરેખર પ્રશંસનીય છે.સીટી લીડરશીપ પ્રોગ્રામ વિશે માહિતી આપી હતી હાલમાં દેશમાં સુરત અને અમદાવાદ ૧૦ મા ક્રમમાં દાખલ થયા છે અને સુરત શહેર એક રોલ મોડેલ બન્યુ છે આ પરિવર્તન માટે સિવિલ સોસાયટી,ગર્વમેન્ટ અને પોલીટીકસ આ ત્રણ સ્થંભ ગણાવ્યા હતા અને આ બાબતે તેમણે સુરત શહેરને અભિનંદન પાઠવ્યા છે.

સેપ્ટ યુનિ.ની પ્રોફેસર સાસ્વત બંદોપાધ્યાયએ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યુ કે ગુજરાતને ૬.૪ કરોડની આબાદી છે જેમા સુરત શહેરની આબાદી ૫૦ લાખથી વધારે છે પ્લેગ બાદ સુરત શહેરે આશ્ચર્યજનક વિકાસ કર્યો છે સુરત શહેર ડાયમંડ નગરી તરીકે નામના મેળવેલ છે તથા પધારેલ ટીમને આજના તથા તા.૩૧/૦૫/૨૦૧૮ ના સુરતના જોવાલાયક સ્થળોની વિગત દર્શાવેલ.

ડૉ.ધવલ પટેલ માન.ઈન્ચાર્જ મ્યુ.કમિશનરશ્રીએ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યુ કે સુરત શહેર ડાયમંડ સીટી અને ટેક્ષટાઈલ્સ સીટીના ક્ષેત્રે નંબર–૧ છે આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાએ સ્માર્ટ સીટી મિશન વોટર સપ્લાય,સ્કાડા સીસ્ટમ, રીન્યુએબલ એનર્જી,લીકવીડ વેસ્ટ પાવર, ટર્સરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ, એર્ફોડેબલ હાઉસીંગ ,બી.આર.ટી.એસ. રૂટ, ફલાય ઓવર બ્રિજ વિગેરે ક્ષેત્રે ઘણી પ્રગતિ કરી છે તેની વિગત દર્શાવેલ તથા સુરત મહાનગરપાલિકાની મુલાકાતે પધારેલ મહાનુભાવોનો આભાર વ્યકત કરેલ.

માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયાએ તેમના પ્રવચનમાં જણાવ્યુ હતુ કે સુરત શહેર એક હીરાનગરી તરીકે વિકસિત શહેર છે વધુમાં અહીં શાસક પક્ષ અને અધિકારીગણના સમન્વયથી વિકાસના કાર્યો હાથ ધરવામાં આવે છે સુરત મહાનગરપાલિકા ધ્વારા આરોગ્યપ્રદ પાણી, સુવિધા યુકત આવાસો ,શિક્ષણ અને આરોગ્યને પ્રાથમિકતા આપવામાં આવે છે અને તે મુજબ ડી.પી.આર. તૈયાર કરવામાં આવે છે સુએઝના પાણીનું રીસાયકલીંગ કરીને ઈન્ડસ્ટ્રીઝમાં આપવામાં આવે છે આ ઉપરાંત લોકોની અવર–જવર માટે પાકા રસ્તા,સાયન્સ સેન્ટર,એકવેરીયમ, ઉદ્યાન તેમજ અન્ય ક્ષેત્રે વિકાસ કરેલ છે તથા વિવિધ પ્રકારના રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત કરેલ છે સુરત શહેરના વિકાસમાં કેન્દ્ર અને રાજય સરકારનો પણ સહકાર મળેલ છે

ત્યારબાદ મંચસ્થ મહાનુભવોનું પુષ્પગુંચથી સ્વાગત કરવામાં આવેલ ત્યારબાદ સીટી ઈજનેરશ્રી બી.આઈ.દલાલે સુરત શહેરમાં કરવામાં આવેલ વિવિધ પ્રકલ્પો જેવા કે સુરત ઓપન ડેટા પોર્ટલ,સ્માર્ટ

સીટી,સ્વચ્છ ભારત મિશન, વિન્ડ પાવર પલાન્ટ/ રૂફટોપ સોલાર પાવર પ્લાન્ટ,પ્લાન્ટ, બી.આર.ટી.એસ.,કલ્યાણકારી યોજનાઓ, આધાર નોંધણી કાર્યક્રમ, સીટીઝન કનેકટ (એસ.એમ.સી.મોબાઈલ એપ), આઉટર રીંગ રોડ– ૯૦ મીટર, ગોપી તળાવ,સુરત ઐતિહાસીક કિલ્લા તેમજ અન્ય પ્રકલ્પોના કરવામાં આવેલ વિકાસ અંગે વિગતવાર પ્રેઝન્ટેશન રજુ કરેલ.

ત્યારબાદ બીજા સેશનમાં પૂર્વ મેયર શ્રી અજયભાઈ ચોકસીએ તેમના પ્રવચનમાં જણાવ્યુ કે શહેરના વિકાસ માટે કાઉન્સીલર ફંડ, સાફ–સફાઈ,ડસ્બીનનો ઉપયોગ,સેલ્ફ ડિમોલેશન લોક જાગૃતતા જેવી બાબતનો અમલ કર્યો જેથી ધીમે ધીમે ડેવલોપમેન્ટનું કામ થવા લાગ્યું ટી.પી.સ્કીમનો અમલ,ડ્રેનેજ માસ્ટર પ્લાન,યુનિટ રેટ સીસ્ટમની શરૂઆત કરવામાં આવી ૧૯૯૭માં તાપી નદી પર વીયર–કમ–કોઝ વે બનાવવામાં આવ્યો આમ શહેરીજનોના સહકારથી પ્રગતિ થઈ રહી છે

આભારવિધિ માન.નેતા શાસકપક્ષ શ્રી ગિરીજાશંકર મિશ્રા ધ્વારા કરવામાં આવેલ.

આ પ્રસંગે માન.ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી,માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, RCOMAના રેસીડન્ટ કમિશનર શ્રી અમિત અરોરા, સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ/કર્મચારીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



# સુજલામ સુફલામ જળ સંચય અભિયાન

## પ્રેસનોટ

ગુજરાત સરકારશ્રીના સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અંતર્ગત આજ રોજ તા.૩૦/૦૫/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા સાફ–સફાઈનો કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં,

કતારગામ ઝોન ખાતે વીયર કમ કોઝવે, સીંગણપોર પાસે તાપી નદીની સાફસફાઈની કામગીરીમાં ડીવીડર–૩, જેસીબી–૦૧, પોકલેન–૦૧ તથા બોટ–૧૦ નો ઉપયોગ કરી ૫૦૦ ઘન મીટર જેટલી તાપીની સફાઈ કરી વનસ્પતી કચરાનો નિકાલ કરેલ.

ઉપરાંત તમામ ઝોન વિસ્તાર ખાતે ૧૬ પાણીની લાઈન તથા ૦૭ વાલ્વ રીપેરીંગ કરવામાં આવેલ તથા ગેરેજ/સર્વિસ સ્ટેશનો વિગેરેમાં પાણીનો બગાડ રોકવા બાબતે ૧૩ નોટીસ આપવામાં આવેલ. જેમાં ૯૨ જેટલા સુરત મહાનગરપાલિકાના કામદારો તથા વિવિધ કોન્ટ્રાકટ એજન્સીઓ પાસે કામગીરી કરાવવામાં આવેલ.







# પ્રે સ નો ટ

સવિનય, આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર રાંદેરઝોન અને લિંબાયતઝોન વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ બેકરીઓ / સંસ્થાઓની તા.૩૦/૦૫/૨૦૧૮નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો તથા ઝોનનાં આરોગ્ય સ્ટાફ સાથે સ્થળ તપાસ કરી આરોગ્યલક્ષી ખામીઓ જણાતા નોટીસ આપવામાં આવેલ છે. જે આપ સાહેબશ્રીને વિદિત થાય.

| અ.નં. | સંસ્થાનુ નામ અને સરનામુ | વિગત |
|---|---|---|
| ૧. | સંતોષ બેકરી,દુ.નં.૮,રામનગર મેઈન રોડ,સુરત. | નોટીસ આપેલ છે. |
| ૨. | તરૂણ બેકરી,ભીક્ષુક ગૃહની પાછળ,રામનગર,સુરત. | નોટીસ આપેલ છે. |
| ૩. | ન્યુ ગીતા બેકરી,૩૬૭–૩૬૮,રામનગર કોલોની,સુરત. | નોટીસ આપેલ છે. |
| ૪. | ન્યુ પ્રશાંત બેકરી,બી–૧૧,હરી ઓમનગર,રાંદેર રોડ,સુરત. | નોટીસ આપેલ છે. |
| ૫. | હરી ઓમ બેકરી,૪/બી, હરી ઓમનગર,રાંદેર રોડ,સુરત. | નોટીસ આપી સંસ્થા બંધ કરાવેલ છે |
| ૬. | વાધવાણી ફુડ પ્રોડકટસ,પ્લોટ નં.૧,રામનગર મેઈન રોડ,સુરત. | નોટીસ આપેલ છે. |
| ૭. | ગુરૂનાનક બેકરી,૨/૧૩, રામનગર મેઈન રોડ,સુરત. | નોટીસ આપેલ છે. |
| ૮. | આર.કે.બેકરી,ડી–૨, હરી ઓમનગર,રાંદેર રોડ,સુરત. | નોટીસ આપેલ છે. |
| ૯. | ગીતા બેકરી,બી–૧, હરી ઓમનગર,રાંદેર રોડ,સુરત. | નોટીસ આપેલ છે. |
| ૧૦. | કે.કે.બેકરી, બી–૧૦, હરી ઓમનગર,રાંદેર રોડ,સુરત. | નોટીસ આપેલ છે. |
| ૧૧. | કરીશ્મા બેકરી,પંચશીલનગર,ઉમરવાડા,સુરત. | નોટીસ આપી નમુનો લેવામાં આવેલ છે. |
| ૧૨. | અમન ફરસાણ,પંચશીલનગર,ઉમરવાડા,સુરત. | સંસ્થા ચેક કરેલ છે. |
| ૧૩. | નેશનલ ટ્રેડર્સ,પંચશીલનગર,ઉમરવાડા,સુરત. | સંસ્થા ચેક કરેલ છે. |
| ૧૪. | નગ્મા બેકરી,પંચશીલનગર,ઉમરવાડા,સુરત. | સંસ્થા ચેક કરેલ છે. |
| ૧૫. | યશ બેકરી,પંચશીલનગર,ઉમરવાડા,સુરત. | સંસ્થા ચેક કરેલ છે. |
| ૧૬. | સહારા બેકરી,પંચશીલનગર,ઉમરવાડા,સુરત. | નોટીસ આપેલ છે. |
| ૧૭. | કોહીનુર બેકરી,પંચશીલનગર,ઉમરવાડા,સુરત. | નોટીસ આપેલ છે. |
| ૧૮. | ન્યુ ગુજરાત બેકરી,પંચશીલનગર,ઉમરવાડા,સુરત. | નોટીસ આપેલ છે. |
| ૧૯. | રાજમહલ બેકરી,પંચશીલનગર,ઉમરવાડા,સુરત. | નોટીસ આપેલ છે. |
| ૨૦. | મેટ્રો બેકરી,પંચશીલનગર,ઉમરવાડા,સુરત. | નમુનો લેવામાં આવેલ છે. |

વધુમાં ઝોનનાં આરોગ્ય વિભાગનાં સ્ટાફ ધ્વારા ૨૫,૫૦૦/– રૂા.વહીવટી ખર્ચ પેટે વસુલ લેવામાં આવેલ છે તથા ચેકીંગ દરમીયાન **<u>હરી ઓમ બેકરી,૪/બી, હરી ઓમનગર,રાંદેર રોડ,સુરત</u>**ની સંસ્થામાં આરોગ્યલક્ષી ખામી જણાતાં તથા સદર સંસ્થા પાસે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ અન્વયેનું લાયસન્સ ન હોવાથી સદર સંસ્થા બંધ કરાવવામાં આવેલ છે તથા આશરે ૨૮ કિલો જેટલા અખાધ પદાર્થનો નાશ કરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

રાજય સરકારશ્રી ધ્વારા ''સુજલામ સુફલામ જળ અભિયાન–૨૦૧૮'' અંતર્ગત ચોમાસુ બેસે તે પહેલા જળ સંચયનો વ્યાપ વધારવા સમગ્ર રાજયમાં સ્વૈચ્છિક સંસ્થાઓ,ઉદ્યોગકારો,ધાર્મિક અને શૈક્ષણિક સંસ્થાઓ વિગેરેના સહયોગથી જળ સંચયના કામો જેવા કે તળાવો ઉંડા કરવા અને તેના આવરાની સફાઈ, ચેકડેમ અને જળાશયોનું ડિસીલ્ટિંગ તથા નદીઓને પુનઃજીવિત કરવી,ભૂગર્ભ ગટર યોજનાના ગંદા, પાણીનું શુધ્ધિકરણ,તળાવો તથા નદીના પ્રવાહને અવરોધતા ઝાડી–ઝાંખરા દુર કરવા અને નદીકાંઠાના પવિત્રયાત્રા ધામોની સાફ–સફાઈ કરાવવી વિગેરે જેવા જળ સંચયના કાર્યો હાથ ધરી ગુજરાતને જળથી સમૃધ્ધ બનાવવાના હેતુથી તા.૦૧/૦૫/૨૦૧૮ થી તા.૩૧/૦૫/૨૦૧૮ દરમ્યાન આ જળ મહાઅભિયાન શરૂ કરવામાં આવેલ.જેમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા સમગ્ર શહેર વિસ્તારમાં ઉપરોકત કામગીરી સફળતા પૂર્વક પાર પાડવામાં આવી છે જેના સમાપનના ભાગરૂપે ''નર્મદા જળ પૂજન'' કાર્યક્રમ આજરોજ વીયર કમ કોઝ–વે ખાતે સંપન્ન થયેલ .ત્યારબાદ પૂજનમાં જોડાયેલ દંપતિ અને માન.મંત્રીશ્રી તથા અન્ય મહાનુભાવો ધ્વારા તાપી નદીમાં નર્મદાના નીરનો જળભિષેક કરવામાં આવ્યો હતો.નર્મદા નીરના કળશને પ્રતિકાત્મક રીતે ચોક કિલ્લામાં મૂકવામાં આવશે.

આ પ્રસંગે માનનીય મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે તાપી નદી એ આપણી માતા છે પાણી વગર જીવવુ અશકય છે સુરતનો વિકાસ તાપી માતાને આભારી છે ''સુજલામ સુફલામ જળ અભિયાન–૨૦૧૮'' અંતર્ગત સમગ્ર ગુજરાત રાજયમાં ૧૧ લાખથી વધારે રીચાર્જીંગ થશે અને પાણીનું લેવલ ઉંચુ આવશે ગુજરાત સમૃધ્ધિ રહે તે હેતુથી આ અભિયાન ઉપાડેલ છે આ અભિયાનને સફળ બનાવવા બદલ તેમણે સૌનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે માનનીય મંત્રી,મહેસુલ,ગુજરાત રાજય શ્રી કૌશિકભાઈ પટેલનું માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયા તથા અન્ય મંચસ્થ મહાનુભાવોએ મોમેન્ટો,શાલ અને ફુલ આપી સ્વાગત કરેલ સ્વામી શ્રી અંબરીશાનંદજીનું સ્વાગત માનનીય મંત્રી,મહેસુલ,ગુજરાત રાજય શ્રી કૌશિકભાઈ પટેલે શાલ અને ફુલ આપી સ્વાગત કરેલ તથા ધર્મગુરૂઓ,સંતો,મહંતો તથા અન્ય મંચસ્થ મહાનુભાવોનું પણ સ્વાગત કરવામાં આવેલ.

સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત તળાવો,નદી, ખાડી વગેરેની સાફ–સફાઈથી થયેલ લાભો અંગે શ્રી પ્રકાશભાઈ વાઘેલાએ તળાવની સફાઈ અંગે,શ્રી હર્ષલભાઈ મોદીએ વોટર હાર્વેસ્ટીંગ અંગે, શ્રી અરવિંદભાઈ ઢોલાએ નદી સફાઈ અંગે પોતાનો પ્રતિભાવ આપ્યો હતો.

ત્યારબાદ ''સુજલામ સુફલામ જળ અભિયાન–૨૦૧૮'' ના ગીતનું વાદન રજુ કરવામાં આવેલ.

સ્વામી શ્રી અંબરીશાનંદજીએ પોતાના પ્રવચનમાં જણાવ્યુ હતુ કે ભારત દેશમાં અનેક નદીઓ છે.ખુબ જ વરસાદ પડવા છતા પણ પાણીનો સંગ્રહ થતો નથી જેના કારણે તળાવો,નદીઓ સુકાઈ જાય છે આપણા માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ''સુજલામ સુફલામ જળ અભિયાન–૨૦૧૮'' કાર્યક્રમ શરૂ કર્યો જેના કારણે વરસાદના પાણીનો સંચય થશે આપણે જળ સંચય કરતા શીખીશુ તો પાણીનો બચાવ થશે ગુજરાત સરકારે ૧ મહિના સુધી જળ અભિયાન શરૂ કરેલ છે તે બદલ તેમણે ગુજરાત સરકારનો આભાર માન્યો હતો.

માન.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશે પોતાના પ્રવચનમાં જણાવ્યુ હતુ કે ગુજરાત રાજયના માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સમગ્ર રાજયમાં ''સુજલામ સુફલામ જળ અભિયાન–૨૦૧૮''

શરૂ કર્યુ છે તળાવો ઉંડા કરવામાં આવ્યા જેના કારણે જળ સંચય થશે ગુજરાત રાજય હંમેશા દિશા સુચનનું કામ કરે છે એવુ જણાવેલ.

"સુજલામ સુફલામ જળ અભિયાન–૨૦૧૮" અંતર્ગત આર્થિક યોગદાન આપનાર ૧૪ દાતાઓનું શાલ અને સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવેલ.

માનનીય મંત્રી,મહેસુલ શ્રી કૌશિકભાઈ પટેલે તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતુ કે"સુજલામ સુફલામ જળ અભિયાન–૨૦૧૮" અંતર્ગત સરકાર વ્યવસ્થા કરે છે અને લોકો સહકાર આપે છે આ "સુજલામ સુફલામ જળ અભિયાન–૨૦૧૮"માં લોકોએ ધનના દાનની સાથે શ્રમદાન પણ કર્યુ.૧ મે ના રોજ ગુજરાત સ્થાપનાદિન નિમિતે ગુજરાત સરકારે નિર્ણય કર્યો જે અંતર્ગત તળાવો ઉંડા કરવામાં આવ્યા,સાફ–સફાઈ કરવામાં આવી "સુજલામ સુફલામ જળ અભિયાન–૨૦૧૮" અંતર્ગત આ અભિયાન લોકોએ જ ઉપાડી લીધુ છે આ કાર્યક્રમ ૧ મહિના સુધી ચાલ્યો જેમાં સમગ્ર ગુજરાત રાજયમાં ૧૯,૦૦૦ જેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા,જેના કારણે વરસાદનુ ૧ હજાર લાખ ઘનફુટ પાણી સમાઈ શકશે તથા ૫૦૦૦ જેટલા જેસીબી કામ કરતા હતા,૨૩૦૦૦ જેટલા ટ્રેકટરો માટી ભરતા હતા અને ગુજરાતની ૨૩ નદીઓ જે લુપ્ત થવાની તૈયારીમા હતી તેને આ અભિયાન અંતર્ગત ફરીથી જીવીત કરવામાં આવી સરકાર અને પ્રજા ધારે તો શુ ન થઈ શકે જળકુંભી દુર કરવાનું કામ સુરતના લોકોએ કર્યુ છે આ અભિયાનમાં સરકારી કર્મચારીઓ પણ પોતાનુ યોગદાન આપ્યું છે.

આ પ્રસંગે સત્યમ યોગ ફાઉન્ડેશનના પ્રણેતા યોગ ગુરૂશ્રી પ્રદીપજી,મહામંડલેશ્વર મહંતશ્રી સીતારામ દાસજી, કથાકાર શ્રી અભયબાપુ ,મુસ્લિમ ધર્મગુરૂ સૈયદ મુસ્તફા અમીરમીયાં, માન.ધારાસભ્ય શ્રી વિવેકભાઈ પટેલ, માન.ધારાસભ્ય શ્રી વિનોદભાઈ મોરડીયા, માન.ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ રાણા, માન.ધારાસભ્ય શ્રી વિનુભાઈ ઝાલાવડીયા, માન.ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ, માન.ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી,માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, માન.નેતા શાસકપક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા, માન.શહેર ભાજપ પ્રમુખ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ,સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ ,મિડીયા ક્ષેત્રે સંકળાયેલા પત્રકારશ્રીઓ,પ્રેસ ફોટોગ્રાફર,કેમરામેન તથા અંદાજિત ૫૦૦૦ ની સંખ્યામાં જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.


સુરત મહાનગરપાલિકા
જલામ સુફલામ જળ અભિયાન:૨૦૧૮







## સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

વાવાઝોડાં, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિજનક પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા / સહાય કાર્યમાં સહભાગી થવા ઈચ્છુક સ્વૈચ્છિક સંસ્થાઓ કયા વિસ્તારમાં, કયા પ્રકારની, કેટલાં પ્રમાણમાં સેવા / સહાય પુરી પાડશે તે સુનિશ્ચિત કરવા તેમજ પરસ્પર જાણકારી ઉપલબ્ધ થાય તે હેતુસર તા.૩૧/૦૫/૨૦૧૮ ને ગુરૂવારના રોજ સવારે ૧૧ – ૩૦ કલાકે, ગાંધી સ્મૃતિભવન ખાતે એક સંયુકત મીટીગનું આયોજન કરવામાં આવેલ હતું. સૌ પ્રથમ મીટીગના આરંભે ડે.કમિશનર શ્રી સી.વાય. ભટૃ ધ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવોને આવકારી મીટીંગના આયોજનની રૂપરેખા આપતા જણાવ્યું કે, આપત્તિ સમયે મોટાપાયા પર અસર થાય ત્યારે નાગરિકો – સ્વૈચ્છિક સંસ્થા ધ્વારા સુનિયોજીત કામગીરી થાય, સ્વૈચ્છિક સંસ્થા સાથે સંકલન કરવા અર્થે દરેક ઝોન કક્ષાએ પણ બેઠકો થાય છે. પ્રતિવર્ષ સ્વૈચ્છિક સંસ્થાઓનો સહકાર મળે છે, તેમ આ વર્ષે પણ સહકાર મળી રહે તે હેતુસર શહેર કક્ષાની બેઠકનું સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજન કરવામાં આવ્યું છે, આ વર્ષે પ્રિ–મોન્સુનની પૂર્વ તૈયારીના ભાગરૂપ પ્રેઝન્ટેશન હકારાત્મક અને શહેરને ઉપયોગી નીવડે તેવા સૂચનો આવકારવામાં આવે છે.

સીટી ઈજનેર, શ્રી બી.આઈ.દલાલ ધ્વારા પ્રેઝન્ટેશનની શરૂઆતમાં શહેરમાં સતત વરસાદ, ખાડીપુર, ઉકાઈ જળાશય ખાતેથી તાપી નદીમાં પાણી છોડવામાં આવે તેવા સંજોગોમાં પૂર જેવી પરિસ્થિતિ સર્જાય તેને પહોંચી વળવા માટે મહાનગરપાલિકા ધ્વારા સુવ્યવસ્થિત આયોજન કરવા અગાઉ સફળ રહયા હતા. ચાલુ વર્ષે પણ શહેરમાં નદીપુર, ખાડીપુર તથા ભારે વરસાદની પરિસ્થિતિ તથા પાણીનો ભરાવોને કારણે થતી સંભવિત અસરો સંદર્ભે મહાનગરપાલિકા, કલેકટર કચેરી, ઈરીગેશન વિભાગ તથા રાજય સરકારના વિભાગો સાથે કો–ઓર્ડીનેશન કરી, પ્રિપેડનેશ પ્લાન તૈયાર કરવામાં આવેલ છે.

તમામ ઝોન લેવલે પણ સ્વૈચ્છિક સંસ્થાઓ / મ્યુનિ.સભ્યશ્રીઓ તથા ઝોન અધિકારીઓની એક સંકલન મીટીગનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે પણ આવા સંજોગોમાં મહાનગરપાલિકાના સંબંધિત અધિકારી / કર્મચારીઓની શું ભૂમિકા હશે / શું કામગીરી કરશે, તે અંગેની નિશ્ચિત કરવામાં આવેલ વિગતો, ફલડ ગેટ, વાહન મશીનરીઓ, જનરેટર સેટ વિગેરેનાં સર્વિસીગ / મેઈન્ટેનન્સ તથા ઓપરેશનની કામગીરી, ઝોન કક્ષાએ ઝોન વાર / વોર્ડવાર તૈયાર કરવામાં આવેલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તથા તે અંગે મહાનગરપાલિકાના સ્ટાફ, વોલન્ટીયર્સ, કાર્યકરો વિગેરેને આપવામાં આવેલ જાણકારી / તાલીમ ઉપરાંત નીચાણવાળા

વિસ્તાર, રાહત કેન્દ્ર વધારાની જરૂરીયાત તેમજ હેવી વ્હીકલ / મશીનરી પુરી પાડનાર સંસ્થાની યાદી તૈયાર કરવા સહીતનું આયોજન / વ્યવસ્થા કરવામાં આવી છે તેમજ પ્રતિવર્ષ આવી પરિસ્થિતિને પહોંચી વળવા તમામ સ્વૈચ્છિક સંસ્થાઓ / સરકારી વિભાગોનો સાથ–સહકાર મળી રહયો છે.

શહેરના જુદા જુદા વિસ્તારમાં ઓટોમેટીક વેધર સ્ટેશન ઉભા કરવામાં આવ્યા છે, જેના કારણે શહેરમાં કયાં કેટલો વરસાદ પડયો છે, વિગેરે જાણકારી નાગરિકોને મળી શકે તે માટેનું આયોજન તેમજ મહાનગરપાલિકા ધ્વારા ૧ લી જૂન અથવા પ્રથમ વરસાદ પડે ત્યારથી સુરત મહાનગરપાલિકા, મુખ્ય કચેરી ખાતે સેન્ટ્રલ કંટ્રોલ રૂમ તથા તમામ ઝોન ખાતે કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવે છે, કલેકટર કચેરીના ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ, ઈરીગેશન વિભાગ, ઉકાઈ જળાશય ખાતે ચોમાસાના આરંભ થી પૂર્ણ થાય ત્યાં સુધી કેટલા લેવલે પાણીનો સંગ્રહ રાખવામાં આવનાર છે વિગેરે વિવિધ બાબતોએ મોનીટરીગની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.



આ ઉપરાંત " પ્રિવેન્સન ઓફ એપીડેમીકસ પિપર્ડનેશ " સંદર્ભે મેડીકલ ઓફિસર, ડૉ. કિંજલ પટેલ ધ્વારા શહેરમાં ભારે વરસાદ, પૂર જેવી પરિસ્થિતિ ઉદ્દભવે તેવા સમયે પાણીજન્ય રોગો, કિટક જન્ય રોગ, વાયરલ ફીવર, લેપ્ટો જેવાનાં અટકાયતી માટે આરોગ્ય વિભાગની પૂર્વ તૈયારીની વિગતવાર માહિતીનું નિર્દેશન કરવામાં આવ્યું. સ્વૈચ્છિક સંસ્થાઓ કઈ રીતે મદદરૂપ થઈ શકે, તેની ભૂમિકાની પણ વિગતવાર માહિતગાર કરવામાં આવ્યા.

પ્રેઝન્ટેશન પૂર્ણ થતા ઉપસ્થિત સ્વૈચ્છિક સંસ્થાના હોદ્દેદારો ધ્વારા મહાનગરપાલિકાના કાર્યોમાં સંપુર્ણ સહકારની ખાતરી આપવામાં આવી તેમજ તેઓ ધ્વારા ઉપયોગી સુચનો પણ કરવામાં આવેલ.

મા.નેતાશ્રી(શાસકપક્ષ) ધ્વારા ઉદ્દબોધનમાં સુરત મહાનગરપાલિકાના ધ્વારા કરવામાં આવેલ આયોજનની રૂપરેખા આપવામાં આવી, શહેરમાં આપત્તિજનક પરિસ્થિતિ ઉદ્દભવે તેવા સમયે સામાન્ય રીતે સમાજના લોકો / માનવશકિતની મદદની જરૂર રહે છે, તેને સંદર્ભે ઝોન કક્ષાએ તથા આજરોજ સેન્ટ્રલી સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે એક મીટીગનું આયોજન કરવામાં આવેલ છે. શહેરના નાગરિકો મદદરૂપ થવાની ભાવનાથી આવા સેવાકીય કાર્યો થતા હોય છે જેના કારણે શહેરમાં પૂર, વાવાઝોડા જેવી આપત્તિજનક પરિસ્થિતિને પહોંચી વળવા આપ સૌનો સહકાર દર વર્ષે મળી રહે છે ચાલુ વર્ષે પણ આવી પરિસ્થિતિ સમયે શહેરીજનો / સ્વૈચ્છિક સંસ્થા વિગેરે

એકબીજાના સહકારથી કામગીરી / મદદરૂપથી નિવારી શકાય તેવી ઉપેક્ષા સાથે મીટીંગમાં હાજર તમામનો આભાર વ્યકત કરવા ઉપરાંત હાલમાં મે–૨૦૧૮ દરમ્યાન ' સુજલામ સુફલામ જળ સંચય અભિયાન ' અંતર્ગત તાપી નદીના જળકુંભીના નિકાલ સંદર્ભે શહેરની સ્થાનિક સંસ્થાઓ ધ્વારા મળેલ સહકાર બદલ પણ આભાર વ્યકત કરવામાં આવેલ.

કાર્યક્રમમાં શ્રી ગીરીજાશંકર મિશ્રા, મા.નેતાશ્રી(શાસકપક્ષ),વિવિધ સમિતિના ચેરમેનશ્રી, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, શ્રી એન.વી. ઉપાધ્યાય,GAS, ડે.કમિશનર(ડેપ્યુટેશન), શ્રી સી.વાય.ભટ્ટ, ડે.કમિશનર, શ્રી કે.એસ.પટેલ, ડે.કમિશનર,શ્રી આર.જે. પંડયા, સીટી ઈજનેર,શ્રી બી.આઈ.દલાલ, એડવાઈઝર, શ્રી જે.એસ.શાહ, એડી.સીટી ઈજનેર, શ્રી ડી.એમ.જરીવાલા, ઝોનના આસી.કમિશનર, કાર્યપાલક ઈજનેર તથા નાયબ આરોગ્ય અધિકારીશ્રી તથા સદર કામગીરીને સંલગ્ન સ્ટાફ સાથે હાજર રહયા હતા. ઉપરાંત શહેર નામી સ્વૈચ્છિક સંસ્થાઓ અકસ્માત નિવારણ કેન્દ્ર, શંખ ધ્વનિ કલબ, મધર ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત શહેર ગણેશ ઉત્સવ સમિતિ તેમજ અન્ય વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના હોદ્દેદારો / પ્રતિનિધિઓ તથા શહેરના અગ્રગણ્ય નાગરિકો મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

સીટી ઈજનેરએ મીટીંગનાં અંતે ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગેની સંકલન મીટીંગમાં હાજર રહેલ માન.નેતાશ્રી(શાસકપક્ષ), વિવિધ સમિતિના ચેરમેનરશ્રી, મ્યુનિ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિશ્રીઓ, પત્રકાર મિત્રો વિગેરેઓને અત્રે ઉપસ્થિત રહેવા બદલ સૌનો આભાર વ્યકત કર્યો.

*****

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૨૫/૦૫/૨૦૧૮ થી તા.૩૧/૦૫/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૨૮૫૪ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૭૭ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૭૩ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૨ |
| ૫ | માયનોર ઓપરેશન | ૧૯ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૦૫ |

**સુરત મહાનગર પાલિકા**
**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**
**અખબારી યાદી**

## સુરત મહાનગરપાલિકા દ્વારા મેલેરીયા માસ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ
## જનજાગૃતિ અંગેની રેલીની પ્રેસનોટ

ભારત સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા જૂન માસને "મેલેરીયા વિરોધી માસ" તરીકે ઉજવવા નકકી ક
મહાનગરપાલિકા દ્વારા શહેરની જનતામાં મચ્છરજન્ય રોગો નિયંત્રણમાં રાખવા માટે જનજાગૃતિ કેળવાય અને સુરત મ
દ્વારા કરવામાં આવતી વાહક જન્ય રોગ નિયંત્રણની કામગીરીમાં પ્રજાનો સહકાર મળે તે હેતુસર તા.૧–૬–૨૦૧૮ નાં રો
રેલીનું આયોજન કરેલ હતું, જે સવારે ૯–૦૦ કલાકે **ગોડાદરા અર્બન હેલ્થસેન્ટર થી શરૂ કરી આસપાસ દા**
**ગોડાદરા ખાતે પુર્ણ** કરવામાં આવેલ હતી. રેલીનું પ્રસ્થાન મા.આરોગ્ય મંત્રી શ્રી કિશોરભાઈ કાનાણી તેમજ મા.
અસ્મિતાબેન શિરોયાએ લીલી ઝંડી ફરકાવી કરવામાં આવ્યું. રેલીમાં ડેપ્યુટી મેયર શ્રી શંકરલાલ ચેવલી, આરોગ્ય સમિતિ
અનિલભાઈ બિસ્કીટવાલા, હોસ્પિટલ સમિતિના અધ્યક્ષ શ્રી રમણભાઈ પરમાર, સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના અધ્યક્ષ શ્રીમ
પટેલ, લાઈટ અને ફાયર સમિતિના અધ્યક્ષ શ્રીપિયુષભાઈ જરીવાલા, મ્યુનિસીપલ સદસ્યશ્રીઓ શ્રીમતી અર્ચનાબેન પ
જયશ્રીબેન પરાતે, શ્રી રાવસાહેબ રાવણ પાટીલ, લિંબાયત ઝોનના ઝોનલ ચીફશ્રી એન.વી.ઉપાધ્યાય,આરોગ્ય
ઈ.ચા.ડેપ્યુટી કમિશ્નરશ્રી(હે. અને હો.) ડો.આશિષભાઈ નાયક, નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ ડો.એ.પી.ભટ્ટ, ડો
ડો.પ્રકાશ પટેલ, ઈ.ચા.જંતુનાશક અધિકારીશ્રી જે.પી.વાગડીયા, તેમજ તમામ આસી.જંતુનાશક અધિકારીઓ તેમજ વ
નિયંત્રણ વિભાગના કર્મચારીગણ, આંગણવાડી કાર્યકરો અને નાગરિકોએ ખૂબ જ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

મા.મેયરશ્રી અસ્મિતાબેન શિરોયાએ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગની ટીમની કામગીરીને લીધે મે
ઉપર ઘણું જ નિયંત્રણ આપણે લાવી શકયા છીએ. આગામી ચોમાસાને ધ્યાનમાં લેતાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગની
કરવા અંગેની કામગીરીને સઘન કરવા જણાવ્યું હતુ. ધાબા ઉપરનો નકામો કાટમાળ, ટાયરો, ડબ્બા, તરોફા વિગેરે નો નિકા
જનતાને જણાવ્યું. પાણી ભરેલા વાસણો અઠવાડીયે એક વાર સાફ કરી હવાચુસ્ત ઢાંકણ / કપડાથી ઢાંકવા જોઈએ. તાવ આવે
શહેરી આરોગ્ય કેન્દ્ર પર જઈ લોહીની તપાસ કરાવી સંપુર્ણ સારવાર લેવી જોઈએ, તાવ માટેની હેલ્પલાઈન ૧૦૪ નો
જાહેર જનતાને જણાવ્યું. આરોગ્ય મંત્રીશ્રી કિશોરભાઈ કાનાણીએ શાસકપક્ષ અને વહીવટીતંત્રને જાહેર જનતાનાં સહયોગ
નાબૂદી તરફ પ્રયાણ કરવાનો અનુરોધ કર્યો હતો. ભારત સરકાર દ્વારા મેલેરીયા નાબૂદી અભિયાન અંતર્ગત સને ૨૦૨૨
નાબૂદી માટે એકશન પ્લાન મુજબ કામગીરી કરવા તથા જાહેર જનતામાં જાગૃતિ આવે તેવા પ્રયાસ કરવા જણાવ્યુ. વધુમાં તેમ
હજી લોકોમાં જાગૃતિ લાવવાની જરૂર છે. આ માટે તમામ નાગરિકોએ સહકાર આપવો જોઈએ.

સમગ્ર રેલીનું આયોજન મ્યુ.કમિશ્નરશ્રીની સુચનાનુસાર આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડેપ્યુટી કમિશ્નર
હોસ્પિટલ) ડો.આશિષભાઈ નાયકના માર્ગદર્શન હેઠળ નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.એ.પી.ભટ્ટ, ઈ.ચા.જંતુનાશક
જે.પી.વાગડીયા અને લિંબાયત ઝોનનાં આસી.જંતુનાશક અધિકારી શ્રી નરેશભાઈ સુથાર અને તેમનાં સ્ટાફના સાથ–સહકાર
આવેલ હતું. સમગ્ર સમારંભમાં હાજર રહેલ મહાનુભાવો અને કર્મચારી ગણનો આભાર ઈ.ચા.જંતુનાશક અધિકારી શ્રી જે
દ્વારા કરવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 129
તા. ૧–૬–૨૦૧૮



લિંબાયત ઝોનમાં "મેલેરીયા વિરોધી માસ"ની ઉજવણી પ્રસંગે
રેલીમાં જોડાયેલ આરોગ્યમંત્રીશ્રી કિશોરભાઈ કાનાણી
મા.મેયરશ્રી અસ્મિતાબેન શિરોયા,
મા.ડે.મેયરશ્રી શંકરભાઈ ચેવલી
આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી અનિલભાઈ બિસ્કીટવાલા ,
હોસ્પિટલ સમિતિના ચેરમેનશ્રી રમણભાઈ પરમાર ,
આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડેપ્યુટી કમિશનરશ્રી(હે. અને હો.)
શ્રી આશિષભાઈ નાયક
તથા અન્ય મહાનુભાવો દ્રશ્યમાન થાય છે.

# પ્રેસ નોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) માં ટી.પી.સ્કીમ નં. ૧૮(કતારગામ), ફા.પ્લોટ નં.૮૭+૮૮, રે.સ.નં. ૪૯૩ વાળી વિહાર કો.ઓ.હા.સોસાયટીમાં ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન(આઈ.સી.) નાં નાણાં ભરવા સોસાયટીનાં પ્રમુખ તેમજ સભ્યોને અત્રેનાં નોર્થ ઝોન(કતારગામ) કચેરી તરફથી નોટીસો બજાવેલ. તેમજ વારંવાર સોસાયટીમાં જઈ આઈ.સી. નાં નાણાં ભરવા તાકીદ કરવા છતાં સોસાયટીનાં સભ્યો દાદ દેતાં ન હતા. જેથી આજરોજ એડીશનલ સીટી ઈજનેરશ્રીની સીધી સુચના હેઠળ, તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ સ્ટાફ તેમજ પાણી વિભાગનાં સ્ટાફ તેમજ પ્લમ્બરો તેમજ સિકયુરિટી સ્ટાફ સાથે જઈ જેમણે આઈ.સી. ના નાણાં ન ભરેલ હતા તેના નળ કનેકશનો કાપવાની શરૂઆત આરંભી દિધી છે. જે મુજબ અગાઉ તા.૧૯/૦૫/૨૦૧૮ તથા તા.૨૨/૦૫/૨૦૧૮ ના રોજ વિહાર સોસાયટીનાં ૧૧ પ્લોટમાં નળ કનેકશનો કાપવાની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. જેના ભાગ રૂપે આજરોજ તા.૦૧/૦૬/૨૦૧૮ના રોજ પ્લોટ નં. ૧૬૧(સાંઈ વિહાર એપાર્ટમેન્ટ)નાં ૨૦ મિલ્કતદાર/કબ્જેદારોનાં નળ કનેકશન કાપવામાં આવતાં સ્થળેથી જેમના આઈ.સી.ના નાણાં ભરવાના બાકી છે. તેવા મિલ્કતદારો પૈકી પ્લોટ નં૧૩૨ તથા પ્લોટ નં. ૧૬૧નાં ચાર કબ્જેદારો/મિલ્કતદારોએ ઓફિસમાં જઈ આઈ.સી.નાં નાણાં રૂા. ૧૪,૧૭૦/– તાબડતોબ ઓફિસમાં ભરી દિધા છે તેમજ જે પ્લોટ હોલ્ડરોનાં આઈ.સી.નાં નાણાં હજુ પણ બાકી છે તે પ્લોટ હોલ્ડરોનાં નળ કનેકશનો તબક્કાવાર ટુંક સમયમાં કાત્રપી નાંખવામાં આવશે. સદર ટી.પી. સ્કીમ નં. ૧૮(કતારગામ) તા.૦૭/૦૭/૨૦૦૮ થી ફાયનલ ટી.પી.સ્કીમ થઈ ગઈ છે. તેમજ સોસાયટીના આશરે ૮૦% લોકોએ આઈ.સી.ના નાણાં ભરપાઈ કરેલ છે. બાકીનાં આશરે ૨૦ % લોકો આઈ.સી.ના નાણાં ન ભરતાં હોવાથી સોસાયટીમાં સુવિધા લેવાથી વંચીત રહી જાય છે. જેથી આ કામગીરી હવે અત્રેના ઝોન તરફથી તબક્કાવાર ઝુંબેશ કરી ઘનિષ્ટ પગલાં લેવામાં આવનાર છે.

# :: પ્રેસનોટ ::

## ''પમી જૂન વિશ્વ પર્યાવરણ દિન'' ઉજવણી નિમિત્તે વોલ પેઈન્ટીંગ અને વકતૃત્વ સ્પર્ધા, ઈનામ વિતરણ તથા સમર કેમ્પ સમાપન સમારોહ

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા ''પમી જૂન વિશ્વ પર્યાવરણ દિન'' ઉજવણી નિમિત્તે તા.૦૫/૦૬/૨૦૧૮ના રોજ યોજાનાર વોલ પેઈન્ટીંગ અને વકતૃત્વ સ્પર્ધા, ઈનામ વિતરણ સમારોહ તથા સમર કેમ્પ સમાપન સમારોહ

પમી જૂન ''વિશ્વ પર્યાવરણ દિન''ની ઉજવણી નિમિત્તે ''એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ'' પ્રેરીત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત તા.૦૫/૦૬/૨૦૧૮ને મંગળવારના રોજ સવારે ૭.૦૦ કલાકે વોલ પેઈન્ટીંગ સ્પર્ધા અને બપોરે ૧૨.૩૦ કલાકે શોર્ટ ફિલ્મ મેકીંગ કેમ્પ(ટુંકી ફિલ્મ બનાવવાનો શિબિર)ના સમાપન સમારોહનું આયોજન સાયન્સ સેન્ટર, ઓડિટોરીયમ, સીટીલાઈટ, સુરત ખાતે તથા વકતૃત્વ સ્પર્ધાનું આયોજન સવારે ૧૦.૩૦ કલાકે કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય, અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવેલ છે. શોર્ટ ફિલ્મ મેકીંગ સમાપન સમારોહમાં સમરકેમ્પમાં તાલીમ પામેલા ૪૪ જેટલા શિબિરાર્થીઓ પોતાની આગવી પ્રતિભાને પ્રદર્શિત કરશે. આ બન્ને સ્પર્ધાઓ અને શોર્ટ ફિલ્મ મેકીંગ સમાપન સમારોહમાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા સ્પર્ધકો અને કલાકારોને પ્રોત્સાહિત કરવા પર્યાવરણ અને કલા પ્રેમી નગરજનોને નિમંત્રણ છે.

# પ્રેસનોટ
# નોર્થઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા,સુરત.

સુરત મહાનગરપાલિકા હસ્તકના નોર્થ ઝોન(કતારગામ) ગોતાલાવાડી વિસ્તારના કાર્યક્ષેત્રમાં આવેલ સી/ટેનામેન્ટ સામે " ન્યુ ગોકુલ રસ કેન્દ્ર" નામની સંસ્થા આવેલ છે. સદર સંસ્થામાં તા.૨૮/૦૫/૨૦૧૮ ના રોજ સેન્ટ્રલ હેલ્થ ટીમ ધ્વારા સ્થળ તપાસ કરતા કેરેટમાં કેરીઓ સંગ્રહ કરેલ માલમ પડેલ જેમાં દરેક કેરેટમાં કાર્બાઈડ પડીકીઓ હોવાનું માલમ પડેલ તેમજ અમુક કેરીઓ ખરાબ થયેલ ગયેલ હાલતમાં હોય,સદર હું સંસ્થામાં તા.૨૮/૦૫/૨૦૧૮ ના રોજસેન્ટ્રલ હેલ્થ ટીમ ધ્વારા બંધ કરવામાં આવેલ અને સદર સંસ્થાને નોર્થઝોન(કતારગામ) આરોગ્ય વિભાગ ધ્વારા સીલ મારવામાં આવેલ હતું તા.૩૧/૦૫/૨૦૧૮ ના રોજ સંસ્થાના માલિકે ખરાબ કેરી નાશ કરવા અને સંસ્થા ખોલી આપવા અરજી કરવામાં આવેલ તેના અનુસંધાનમાં મા.આરોગ્ય અધિકારીશ્રી અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી(હે.અને હો.)સુરત મહાનગરપાલિકાની મંજુરી મળતા સદર સંસ્થાના માલિક પાસે રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દશ હજાર પુરા)ની વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ તેમજ અંદાજીત ૨૪૦ કિલો કેરીઓનો નાશ કરાવેલ હતો.

વધુમાં કતારગામ ઝોનના નાયબ આરોગય અધિકારીશ્રીની સીધી દેખરેખ હેઠળ મુખ્ય આરોગ્ય નિરીક્ષક તથા એસ.આઈ.એસ.એસ.આઈ. સહીત કતારગામ દરવાજાથી ડચ સિમેન્ટ્રી તથા વિશાલનગર મેઈનરોડ તથા આજુબાજુના કેરી પકવતા તેમજ વેચાણ કરતા વેપારીને ત્યાં આરોગ્ય વિભાગ દ્વારા તપાસણી કરવામાં આવેલ તથા ખરાબ કેરીઓનો નાશ કરી આમ કુલ રૂા.૨૬,૦૦૦/– વહીવટી વસુલાત કરવામાં આવેલ છે.

# :: પ્રેસનોટ ::

તા.૦૩/૦૬/૨૦૧૮ના રોજ  વહેલી સવારે વાવાઝોડું અને ભારે પવન સાથે વરસાદ ને કારણે શહેરમાં વિવિધ સ્થળે ઝાડ,ડાળીઓ વગેરે પડવાથી ટ્રાફિક અવરોધરૂપ હતો. તેથી ઝોન,ગાર્ડન અને ફાયર વિભાગના સંકલનથી સવારથી તમામ ઝોનમાં તથા સેન્ટ્રલ કન્ટ્રોલ રૂમ કાર્યરત કરી શહેરની પરિસ્થિતી પૂર્વવત કરવામાં તમામ સ્ટાફ દ્વારા ફિલ્ડ વીઝીટ કરી, ઝાડ પડવાની તથા પાણી ભરાવાની ફરીયાદોનો નિકાલ કરેલ છે. દિવસ દરમ્યાન પાણી ભરાવાની મળેલ ફરીયાદ અંતર્ગત ઝોન દ્વારા પાણી ભરાવાના સ્થળની માહિતી મળ્યેથી સ્ટાફ દ્વારા વરસાદી પાણી ભરાવાનો નિકાલ કરેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | ઝોનનું નામ | કાર્યરત ટીમની સંખ્યા | વરસાદી જાળીયા સફાઈની સંખ્યા | પાણી ભરાવાનો નિકાલ કરેલ સ્થળની સંખ્યા | પડેલા ઝાડ ખસેડવાની કામગીરી | ઝાડની ડાળીઓ ખસેડવાની કામગીરી |
|---|---|---|---|---|---|---|
| ૧ | સેન્ટ્રલ | ૧૨ | ૪૦ | ૪ | ૫ | ૨૫ |
| ૨ | કતારગામ | | | | ૧૧ | ૪૭ |
| ૩ | વરાછા | ૪ | | ૬ | ૨૬ | ૩૮ |
| ૪ | લીંબાયત | | | | ૫ | ૨૨ |
| ૫ | ઉધના | | | ૭ | ૯ | ૪૭ |
| ૬ | અઠવા | | | | ૧૨ | ૧૦૩ |
| ૭ | રાંદેર | | | | ૨૬ | ૮૨ |

દિવસ દરમ્યાન ગાર્ડન વિભાગની કાર્યરત ૩૧ ટીમોએ વિવિધ ઝોનમાં  ૯૫ જેટલા પડેલા ઝાડ તથા ૪૪૨ જેટલી ઝાડની ડાળીઓ ખસેડવાની કામગીરી કરી રસ્તા ખુલ્લા કરેલ છે. ફાયર વિભાગને દિવસ દરમ્યાન ઝાડ પડવાના ૧૦૯ કોલ તથા અન્ય ૧૧ જેટલા કોલ મળેલ છે.

## :: પ્રેસનોટ ::

### ''પમી જૂન વિશ્વ પર્યાવરણ દિન'' ઉજવણી નિમિત્તે સાયકલોથોન(સાયકલ રેલી)

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા ''પમી જૂન વિશ્વ પર્યાવરણ દિન'' ઉજવણી નિમિત્તે તા.૦૫/૦૬/૨૦૧૮ના રોજ યોજાનાર સાયકલોથોન(સાયકલ રેલી)**

પમી જુન ''વિશ્વ પર્યાવરણ દિન''ની ઉજવણી નિમિત્તે તા.૦૫/૦૬/૨૦૧૮ને મંગળવારના રોજ સવારે ૬.૩૦ કલાકે સાયકલોથોન(સાયકલ રેલી)નું આયોજન એસ.વી.એન.આઈ.ટી. સર્કલથી કારગીલ ચોક થઈ વાય જકશંન વી.આર.મોલથી પરત એસ.વી.એન.આઈ.ટી. સર્કલ સુધી, ગૌરવ પથ, સુરત–ડુમસ રોડ, સુરત કરવામાં આવેલ છે. સમગ્ર વિશ્વમાં 'ગ્લોબલ વોર્મિંગ''ની વિઘાતક અસર થઈ રહી છે ત્યારે નગરજનોમાં પર્યાવરણની જાળવણી બાબતે જાગરૂકતા આવે તેવા આશયથી યોજાનાર આ રેલીને સવારે ૬.૩૦ કલાકે એસ.વી.એન.આઈ.ટી.સર્કલથી પર્યાવરણપ્રેમી નગરજનોની ઉપસ્થિતિમાં ફલેગ ઓફ કરાવી પ્રસ્થાન કરાવવામાં આવશે. જે કારગીલ ચોક, રાહુલ રાજ મોલ થઈ, વાય જંકશન–વી.આર.મોલથી પરત એસ.વી.એન.આઈ.ટી. સર્કલ પાસે સમાપન થશે. સાયકલ રેલીમાં સામેલ થનાર તમામ પર્યાવરણપ્રેમી શહેરીજનો માટે રાહુલ રાજ મોલ પાસે, ઈસ્કોન મોલ–ફુટ ઓવર બ્રીજ પાસે અને એન્ડીગ પોંઈન્ટ પર એનર્જી ડ્રીંકસ–પીવાના પાણીની વ્યવસ્થા મોબાઈલ મેડીકલ ટીમ, ફાયર, સિકયુરીટી અને ટ્રાફિક વિભાગના સ્ટાફની વ્યવસ્થા કરવામાં આવેલ છે. તા.૦૫/૦૬/૨૦૧૮ને મંગળવારના રોજ સવારે ૬.૩૦ થી ૮.૩૦ કલાક દરમ્યાન એસ.વી.એન.આઈ.ટી.સર્કલથી કારગીલ ચોક, રાહુલ રાજ મોલ, વાય જંકશન– વી.આર.મોલ, વાય જંકશન સુધી જતા–આવતા વાહનોએ સર્વિસ રોડનો જ ઉપયોગ કરવાના રહેશે, જયાં બેરીકેટીંગ કરવામાં આવેલ છે ત્યાં સર્વિસ રોડ અથવા અન્ય વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવો તથા વાહનો ધીમી ગતીએ ચલાવવાના રહેશે. સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સાંસદ, ધારાસભ્યશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓની ઉપસ્થિતિમાં પર્યાવરણની જાળવણી અર્થે યોજાનાર આ સાયકલ રેલીના પ્રસ્થાન અને સમાપન સમારોહમાં સહભાગી થવા પર્યાવરણપ્રેમી નગરજનોને સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.

# સુરત મહાનગરપાલિકા

## અખબાર યાદી
## ''એક વૃક્ષ એક જીંદગી''

## ૫ મી જુન વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી નિમિતે ચોમાસા દરમ્યાન ખાનગી સ્થળોએ વૃક્ષા રોપણ કરી આપવા ૫૧૯૬૯ પર એસ.એમ.એસ. આધારીત ટ્રી–પ્લાન્ટેશન યોજના :

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ખાનગી સ્થળોએ એસ.એમ.એસ. આધારીત ટ્રી પ્લાન્ટેશન યોજનાનો અમલ નીચે જણાવેલ નિયમો અને શરતો મુજબ શુભારંભ ૫ મી જુન વિશ્વ પર્યાવરણ દિનથી ૧૫ મી સપ્ટેમ્બર સુધીના સમયગાળા માટે અમલમાં રહેશે.

## નિયમો અને શરતો : –

૧. શહેરીજનો તરફથી આ સ્કીમનો લાભ મેળવવા માટે **૫૧૯૬૯** નંબર પર એસ.એમ.એસ. **GJ<space>SMC<space>GREENSURAT** મુજબ જે તે ઝોનના સંબંધિત સુપરવાઈઝર / કર્મચારીને ટ્રી–પ્લાન્ટેશનની જવાબદારી સોંપવામાં આવશે.

૨. ટ્રી પ્લાન્ટેશનની કામગીરી ખાનગી જમીન ઉપર કરવાની રહેશે.

૩. ટ્રી–પ્લાન્ટેશનની કામગીરીનો સમયગાળો ૫ મી જુન થી ૧૫ મી સપ્ટેમ્બર સુધીનો રહેશે.

૪. આ કામ માટે ઝોન દીઠ ૨ ટ્રેકટર–ટ્રોલી / ટેમ્પો (૫૦૦ લીટર કેપેસીટીની પાણીની ટાંકી સાથે) ૬ કોન્ટ્રાકટરના /રોજીંદા મજુર રાખી કરવામાં આવશે.

૫. આવેલ એસ.એમ.એસ. અંતર્ગત જરૂરી વૃક્ષની જાતના અને સંખ્યામાં રોપા સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની નર્સરીમાંથી તેમજ અન્ય નર્સરીઓમાંથી મેળવી ઝોન વાઈઝ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

૬. આ સ્કીમ અંતર્ગત શહેરમાં વધુમાં વધુ વૃક્ષારોપણ થાય તે હેતુથી વિવિધ જાતના વૃક્ષોના રોપાઓ જેવા કે, લીમડો, ગુલમહોર, પેલ્ટોફોરમ, કણજી, પીપળા, કાશીદ, ગરમાળો, બોરસલ્લી, સપ્તપર્ણી, તબુબીયા, રોઝીયા, કદમ, આસોપાલવ, પેન્ડયુલા, ગલતોરા, કેલીએન્દ્રા, કોર્ડીયા, ટેકોમા, પારસ, જાસુદ, ટગર જેવી જાતના રોપાઓનું ટ્રી–પ્લાન્ટેશન કરવામાં આવશે.

૭. એસ.એમ.એસ. કરનાર શહેરીજન પાસેથી ખાનગી જમીનો ઉપર કોર્પોરેશન ધ્વારા કરવામાં આવેલ ટ્રી–પ્લાન્ટેશન મોટા વૃક્ષમાં પરિણમે (૧૫ થી ૨૦ ફુટની ઉંચાઈનું થાય ત્યાં સુધી) ત્યાં સુધી તેની માવજત કરવા અંગેનો બાહેંધરી પત્ર લેવામાં આવશે. સદર શરતોનું પાલન કરવા માટે વૃક્ષ સંરક્ષણ કરવાની જવાબદારી પણ સંબંધિતોની રહેશે.

૮. દર વર્ષે એસ.એમ.એસ. આધારીત ટ્રી–પ્લાન્ટેશન યોજના અંતર્ગત જે તે ઝોન/વોર્ડ વિસ્તારમાં કરવામાં આવેલ વૃક્ષારોપણનો રેકોર્ડ રાખવામાં આવશે.

ખાનગી સ્થળોએ એસ.એમ.એસ. આધારીત ટ્રી પ્લાન્ટેશન યોજનાનો લાભ સુરત શહેરના નગરજનોને લાભ લેવા વિનંતી.

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા.૦૪/૦૬/૨૦૧૮

## પૂર્વ(વરાછા)ઝોનના અલગ અલગ વિસ્તારમાં ડીમોલીશનની કામગીરી બાબત.

(૧)ડ્રા.ટી.પી.સ્કીમ નં.૧૭(પુણા), બ્લોક નં.૬૯૫/૨, ફા.પ્લોટ નં.૧૬૪ માં આવેલ બી.આર.ટી.એસ. કેનાલ રોડના જંકશન પાસે કૈલાસનગર સોસાયટીમાં ૧૮.૦૦ મીટરના ટી.પી.રોડમાં આવતાં ૪ પાકા મકાન તોડીને દુર કરી ૭૫ ચો.મીટરની ટીપી.રોડની જગ્યા ખુલ્લી કરવામાં આવી.

(૨)ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૮(પુણા), બ્લોક નં.૪, ફા.પ્લોટ નં.૧૪૨/એ માં આવેલ વાલમનગર સોસાયટીના સબ પ્લોટ નં.૧૧૬ રોડ સાઈડ પર લોખંડના દાદર મકાન માલિક દ્વારા મુકવામાં આવેલ હતો. આજ રોજ લોખંડનો દાદર કાઢી અને જપ્ત કરવામાં આવેલ છે.

(૩)ડ્રા.ટી.પી.સ્કીમ નં.૧૨(પુણા), બ્લોક નં.૬૯૬/૧, ફા.પ્લોટ નં.૬૯ માં આવેલ સિધ્ધી વિનાયક સોસાયટીમાં સબપ્લોટ નં.૫૭,૫૮,૫૯ માં મકાનનાં આગળના ભાગના માર્જીનમાં ૧૨×૧૨ ના માપ વિસ્તારની કેબીન તોડી પાડવામાં આવી તેમજ આશરે ૩૦૦ ચો.ફુટના માપ વિસ્તારમાં આર.સી.સી. દાદર, કેબીનની ચણતરની દિવાલ તોડીને દુર કરવામાં આવી તેમજ રોલીંગ શટર્સ કબજે લેવામાં આવેલ છે.

(૪)ટી.પી.સ્કીમ નં.૩૮(નાના વરાછા), ફા.પ્લોટ નં.૫૪/એ માં આવેલ ગૌરવપાર્ક સોસાયટીના સબપ્લોટ નં.૩૦ વાળી મિલકતે રહેણાંકમાંથી કોમર્શીયલ/ ઓદ્યોગિકમાં હેતુફેર કરતાં અત્રેથી સીલ મારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

(૫)ટી.પી.સ્કીમ નં.૪(અશ્વનીકુમાર–નવાગામ)માં આવેલ સરદાર સ્મૃતિ ભવનની બાજુમાં સુરત મહાનગરપાલિકાના ખાનગી રસ્તા તરફે ભાજીવાલા એસ્ટેટ કમ્પાઉન્ડમાં દુકાનોનાં ૬(છ)શટર બનાવેલ. જેને સીલ મારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

ઉકત કામગીરી મે.એડી.સીટી ઈજનેરશ્રી(સિવીલ) તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી (બી) ની સૂચના મુજબ શહેરી વિકાસ, દબાણ વિભાગ તેમજ સીકયુરીટીના માર્શલ સહિત પાર પાડવામાં આવેલ.